॥ श्रीहरि ॥

श्रीगोवर्धननाथजी (श्रीनाथजी)ना प्राकटयनी वार्ता

તથા

શ્રીનાથજીનાં કીર્તન.

સંશોધન કરીને છપાવી પ્રકટ કરનાર,

ત્રિભોવનદાસ પીતાંબરદાસ શાહ—નડીઆદ.

શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના મંત્રી.

વલ્લભાબ્દ ૪૩૩. સંવત ૧૯૬૭

અમદાવાદ—ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં

શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

ન્યોછાવર ચાર આના.

શ્રી ગોપીજનવલ્લભાયનમઃ



દોહરો

જય જય અશરણશરણ, નિજ જન કે સુખકરણ;
વિનતિ કરૂં કર જોરકે, શ્રીગોવર્ધ્ધનધરણ. ॥ ૧ ॥

અથ શ્રીગોવર્દ્ધનનાથજી (શ્રીનાથજી) ના પ્રાકટ્યની વાર્તા

શ્રી ગોવર્ધનનાથજીના પ્રાકટ્યનો પ્રકાર અને પ્રકટ થઇને જે જે ચરિત્રો કીધાં છે તે લખિએ છીએ. નિત્ય લીલામાં શ્રીગોવર્ધનનાથજી શ્રી-ગિરિરાજ પર્વતની કન્દરામાં અનેક ભકતો સહિત અખંડ વિરાજમાન છે. ત્હાં શ્રીઆચાર્યજી મહાપ્રભુ સદા સેવા કરે છે. તે જ્યારે દૈવી જીવોનો ઉદ્ધાર કરવા સારૂં ભગવત્ આજ્ઞાથી પૃથ્વીઉપર પ્રકટ થયા; ત્યારે આપ સર્વસ્વ શ્રીગોવર્ધનનાથજી પણ અખિલ લીલા સામગ્રી સહિત વ્રજમાં પ્રકટ થયા તેમાં પ્રમાણ તથા દર્શનનું માહાત્મ્ય મૂળ વ્રજભાષામાં લખ્યું છે.

સંવત ૧૪૬૬ (ગુજરાતી ૧૪૬૫)[1] શ્રાવણ વદ તૃતીયા આદિત્યવારે સૂર્ય ઉદયકાળમાં શ્રવણ નક્ષત્રમાં શ્રીગોવર્ધનનાથજીની ઉર્ધ્વભુજાનું પ્રાકટ્ય થયું તે સમય ભૂમિમંડળમાં મ્હોટો ઉત્સવ થયો.

એક આન્યોરના વ્રજવાસીની ગાય જતી રહી તેની શોધ કરવાને સારૂ તે શ્રીગોવર્ધન પર્વત ઉપર ગયો ત્યહાં સંવત્ ૧૪૬૬ મિતી શ્રાવણ શુદી ૫ (નાગપાંચમ) ને દિવસે તેને શ્રીગોવર્ધનનાથજીની ઉર્ધ્વ ભુજાનું દર્શન થયું સોળ દિવસ પર્યન્ત કોઇને દર્શન ન થયાં ત્યારે તેણે વિચાર કર્યો કે આ કૌતુક આજ સુધી શ્રીગિરિરાજમાં કોઇ દિવસ જોયું નહોતું, એવું કહિને દસ પાંચ વ્રજવાસિઓને બોલાવી લાવ્યો તે સઘળાઓએ ઉર્ધ્વ ભુજાનાં દર્શન કરીને આશ્ચર્ય પામ્યા, ત્યારે સહુએ મળીને અનુમાન કર્યું કે કોઇ દેવ શ્રીગિરિરાજમાં પ્રકટ થયા છે ત્યાં એક વૃદ્ધ વ્રજવાસી હતો તેણે કહ્યું કેજ્યારે સાત દિવસ સુધી શ્રીકૃષ્ણે શ્રીગિરિરાજ ઉઠાવ્યો અને જે વખત મેઘની વૃષ્ટિ થઇ ચૂકી ત્યારે પૃથ્વી ઉપર સ્થાપન કર્યો, તે વખત સહુ વ્રજવાસિઓએ મળીને જે ભુજાનું પૂજન કર્યું હતું તેજ ભુજા આછે. આપ કંદરાઓમાં ઉભા છે. અને ઉર્ધ્વ ભુજાનું દર્શન આપણને દીધું છે. માટે એમને બાહેર પધરાવવાનો વિચાર ન કરો કોઇ; સમય આવે પોતાની ઇચ્છા થકી આપ પ્રગટ થશે ત્યહાં સુધી સહુ આ ઉર્ધ્વ ભુજાનું દર્શન કરો.

એ રીતે કહીને તે વ્રજવાસીઓએ દૂધ મંગાવી ઉર્ધ્વ ભુજાને સ્નાન કરાવી અક્ષત, પુષ્પ, ચંદન અને તુલસીથી ભુજાનું પૂજન કર્યું અને દહીં ફલ મંગાવીને ભુજાને ભોગ ધર્યો. નાગપંચમીને દિવસ ભુજાનું દર્શન થયું તેથી નાગપંચમીને દિવસ પ્રતિવર્ષ દસ ૨૦ હજાર વ્રજવાસીઓનો મેળો ભરાતો હતો. વળી કોઇને વ્રજમાં કાંઇ વસ્તુની કામના થતી તો તે ભુજાને દૂધથી સ્નાન કરાવવાની માનતા કરતા તો તેની ઇચ્છા સિદ્ધ થતી, તેથી સંપૂર્ણ વ્રજમાં શ્રીનાથજીની ભુજાનો મહિમા ઘણોજ વધ્યો. કોઇની ગાય જતી રહે, કોઇને પુત્ર નહોય, કોઇને જરૂરની આરતી (ચિન્તા) હોય, કોઇને દૂધ દહીંની વૃદ્ધિ ન હોય તેઓ ભુજાની માનતા કરે; તેથી તેઓનું સર્વ કાર્ય સિદ્ધ થાય એવાંચરિત્રો એક એક લખિએ તો વિસ્તાર ઘણો થાય. આવા પ્રકારે સંવત ૧૫૩૫ પર્યન્ત વ્રજમ ભુજાનું પૂજન થયું.

પછી ફરીથી સંવત ૧૫૩૫ વૈશાખ વદી ૧૧ બૃહસ્પતિવારે[2] શતભિષા

---

૧ વ્રજમાં અને બીજા કેટલાક મુલકમાં ચૈત્રથી કે અશાઢથી વરસ બદલવાનો રિવાજ છે તે કારણથી જે વરસમાં અશાઢ પછીનો માસ હોય તે વરસ ગુજરાતની રીત પ્રમાણે એક વરસ ઓછું સમજવું. ૨ પાઠાંતર રવિવાર.

નક્ષત્ર[1] મધ્યાન્હ કાળ અભિજિત નક્ષત્રમાં શ્રીગોવર્ધનનાથજીનું મુખારવિંદ પ્રકટ થયું, તેજ લગનમાં તેજ દિવસે શ્રીમદાચાર્યજીનો પ્રાદુર્ભાવ અગ્નિકુંડમાંથીથયો અને શ્રીકૃષ્ણાવતાર સમયના વ્રજવાસિઓ સર્વે વ્રજમંડલમાં મનુષ્ય કુળમાં પ્રકટ થયા તેમની સાથે હવે ક્રીડા કરશે

આન્યોરમાં માણેકચંદ અને સદુપાંડે બે વ્રજવાસી હતા, તેમને ત્હાં એક સહસ્ત્ર ગાય સદા રહેતી, તેમાં એક ગાય શ્રી નન્દરાયજીની ગાયોના કુળની હતી, તેનું નામ ધુમર હતુ તે આખો દિવસ ગાયોમાં રહે પણ પાછલો ચાર ઘડી દિવસ રહે તે વખત સઘળી ગાયોના સમૂહમાંથી જુદી પડીને શ્રીગિરિરાજ ઉપર ચઢી શ્રીનાથજીનાં મુખારવિન્દ ઉપર સ્તન કરિને દૂધ શ્રાવ કરે, તે દૂધ આપ આરોગે; અને પ્રાતઃકાળનો સમય થાય તે વખત ફરિ શ્રી મુખાર્વિંદમાં દૂધ શ્રાવ કરિ આવે. આરીતીને છ મહિના પર્યંત દૂધ આપ આરોગ્યા પરંતુ કોઈ વ્રજવાસીને ખબર પડી નહીં. એક દિવસ કૃષ્ણચંદ અને સદુપાંડે ગાયનું દૂધ થોડું જોઇને ગાયને પછવાડે પછવાડે ચાલ્યા ગયા અને આ સર્વ અલોકિક પ્રકાર જોઇ દંડવત્ કર્યો.

સદુપાંડેને સાક્ષાત્ શ્રીનાથજીનાં દર્શન થયાં અને શ્રીગોવર્ધનનાથજીએ સાક્ષાત આજ્ઞા કરિ જે હું આંહી શ્રીગોવર્ધન પર્વતમાં રહું છું. દેવદમન મારૂં નામ છે; લીલાંતર કરિને ઇન્દ્રદમન, દેવદમન અને નાગદમન એ ત્રણે મારાંજ નામ છે. સાત દિવસ સુધી ઇન્દ્રની વૃષ્ટિનું સ્તંભન કર્યું તે પછી અપરાધી ઇન્દ્ર પોતાનો ગર્વ ત્યજીને પગમાં પડ્યો ત્યારે અભયદાન આપ્યું. ઇન્દ્રના ગર્વને દૂર કર્યો તેથી મારૂં નામ ઇન્દ્રદમન છે. અને કાલીનાગનું દમન કર્યુ તેથી નાગદમન મારૂં નામ છે. વળી નાગ હસ્તીનું નામ છે તે કારણથી કુવલયાપીડનું દમન કર્યુ તથા ભક્તોના મન માતંગનું દમન કરિ મુષ્ટિગત કરિને શ્રીહસ્તને કટિ ઉપર સ્થાપન કર્યો છે. તેથી મારૂં નામ નાગદમન છે. એ કારણથી મ્હારા ચરણાર્વિન્દ વિષે અંકુશનું ચિન્હ છે. અંકુશવિના હસ્તીનું દમન ન થાય. દેવદમન મારૂં નામ છે. તે આવા કારણથી કે સઘળા દેવોનું દમન કર્યું. શ્રીકૃષ્ણાવતાર ધરી અષ્ટલોકપાળની રક્ષા કરવા સારૂ તેમને શિક્ષા કરિ ઇન્દ્ર, કુબેર, ચન્દ્રમા, વાયુ, વરૂણ, મૃત્યુ, યમ, અગ્નિ, બ્રહ્મા, શિવ, અને કામદેવ એટલા દેવો મુખ્ય છે; એ દેવતાઓનું દમન કર્યું; એથી મારૂં નામ દેવદમન છે. ઇન્દ્રને શિક્ષાકરિ તેતો શ્રીગોવર્ધન ધારણ કરીને અને પા-

---

૧ શ્રીમદાચાર્યજીનો પ્રાદુર્ભાવ ધનિષ્ઠા નક્ષત્રમાં થયો એમ શ્રીવલ્લભચરિત્રનાં લેખકે લખ્યું છે. જુઓ આવૃત્તિ બીજી પૃષ્ઠ ૨૩

રિષ્ટાતક હરણ કરિને, તેમ શંખચૂડ નામે દૈત્યનો વધ કરિ નિધિ કુબેરને સોંપીને શિખામણ દીધી કે જો તું નિધિની રક્ષા સાવધાનીથી કર્યા કર. વળી શિવનું દમન ઉષા હરણના પ્રસંગમાં કર્યું, બ્રહ્માનું દમન વચ્છ હરણ લીલામાં અનેક રૂપ ધરિને કર્યું, વરૂણનું દમન કરીને શ્રીનન્દરાયજીને વરૂણ પાસેથી છોડાવ્યા. મૃત્યુનું દમન કરિને છ પુત્ર શ્રીદેવકીજીને આપ્યા, યમનું દમન કરિને ગુરૂપુત્રને લાવ્યા. વાયુનું દમન ઇન્દ્રની સાથેજ થયું. શ્રીગોવર્ધન ધારણ કર્યો તે સમયમાં અનેક પ્રકારે કરિને તમામ વ્રજની રક્ષાકરી. ચન્દ્રમાનું દમનતો મનરૂપી ચંદ્રમા પ્રગટ કરિ કર્યું. અને કામદેવનું દમન રાસોત્સવ ક્રીડા કરિને કર્યું. એવી રીતે સહુ દેવતાઓનું દમન કર્યું તેથી મારૂં નામ દેવદમન છે. આ પ્રકારથી સદુપાંડેને શ્રીનાથજીએ સાક્ષાત્ આજ્ઞા કરિ કે "તારી ગાયનું દૂધ હું નિત્ય પીઉં છું તેથી આજથી મને એજ ગાયનું દૂધ દોહિને બન્ને વખત પાયા કરવું" ત્યારે સદુપાંડેએ સાષ્ટાંગ દંડવત્ કરિને કહ્યું કે "અવશ્ય"

એવું કહિને સદુપાંડે નીચે આન્યોરમાં આવી પોતાની સ્ત્રી ભવાની તથા પુત્રી નરોના આગળ સર્વ વૃત્તાંત સવિસ્તર કહ્યું અને તેઓને કહ્યું કે 'તમે બન્ને વખત શ્રીગોવર્ધનનાથજીને દૂધ પાઇ આવ્યા કરો.'' તે દિવસથી નિત્ય નરો અને ભવાની દૂધ લઇ શ્રીગિરિરાજ ઉપર જઇ શ્રીનાથજીને દૂધ આરોગાવી આવતાં.

એવી રીતે કરતાં કેટલાએક કાળ પછી તે ગાય વસૂકી ગઇ, ત્યારે બીજી ગાયનું દૂધ લઇ સદુપાંડે આરોગાવવા ગયા તે વખત શ્રીનાથજીએ આજ્ઞા કરી કે હું તો શ્રીનંદરાયજીની ગાયોનાં કુળની ગાય હોય તો તેનું દૂધ આરોગું. તેવી ગાય એક બીજી આ વ્રજમાં છે તે કાલે તારા વાડામાં આવશે, જ્હાં સુધી પેહેલી ગાય વિયાય ત્હાં સુધી તે ગાયનું દૂધ દોહિને મને દરરોજ પાઇ જજો.

જમનાવતા ગામમાં એક ધર્મદાસ વ્રજવાસી હતો તે ઘણો ભગવત્ ભક્ત હતો, તે કુભનદાસનો કાકો અને ચતુરા નાગનો શિષ્ય હતો, તેને ઘરે બસેં ચારસેં ગાયો હતી. તેમાંની એક ગાય શ્રીનન્દરાયજીનાં કુળની હતી તે ગાયોના ટોળામાંથી જુદી પડીને શ્રીનાથજીનાં મુખારવિન્દમાં દૂધ શ્રાવ કરિને એજ ઠેકાણે બેશી રહી; અને ઘેર ન ગઇ. ત્યારે ધર્મદાસ ગોવાળને ચિન્તા થઇ તેથી કુંભનદાસને સાથે લઇ ખોળ્ય કરવા નિકલ્યા તે વખત કુંભનદાસની ઉમર દશ વર્ષની હતી. શ્રીગિરિરાજ ઉપર ખોળતાં ખોળતાં શ્રીનાથજીની પાસે ગાય બેઠી હતી. ત્હાં જોઇ તેને ઘરે લઇ

જવાને અનેક ઉપાય કર્યા પરંતુ તે ન ચાલી; ત્યારે શ્રીનાથજીએ સાક્ષાત્ આજ્ઞા કરિ " અરે ધર્મદાસ એ ગાય તું સદુપાંડેના વાડામાં મુકીદે એનું દૂધ હું આરોગીશ એ મ્હારા કુળની ગાય છે. " અને કુંભનદાસજીને શ્રીનાથજીએ સાક્ષાત્ આજ્ઞા કરી કે " અરે કુંભનદાસ તું નિત્ય મારી પાસે ખેલવા આવ્યા કર" એવું મહામધુર વાક્ય સાંભળીને ધર્મદાસ અને કુંભનદાસજીને મૂર્છા આવી બે ઘડી પછી જાગ્યા, ત્યારે પ્રદક્ષિણા કરિ સાષ્ટાંગ દંડવત્ કરિને શ્રીનાથજીની આજ્ઞાનુસાર તે ગાય સદુપાંડેના વાડામાં મુકી દીધી; પછી પોતાને ઘેર ગયા અને તે દિવસથી કુંભનદાસજી શ્રીનાથજીના પાસે નિત્ય ખેલવા આવતા.

એવી રીતે કરતાં એક ગૌડિયા માધવાનન્દ શ્રીગિરિરાજની પરિક્રમા સારૂ આવ્યા તે સદુપાંડેને ત્હાં ચોતરો હતો તે ઉપર રહ્યા તેથી એ વ્રજવાસીની સંઘાતથી તેને શ્રીનાથજીનાં દર્શન થયાં અને દર્શન કરિને ઘણાજ પ્રસન્ન થયા. વૈષ્ણવ ભાવનીક હતા તેણે ચિત્તમાં એ વિચાર કર્યો જે સુકી ભિક્ષા માગી પોતાને હાથે પીસિ રસોઇ તૈયાર કરિ શ્રીનાથજીને ભોગ ધરિ જમવું. પછી તે સેવા કરવા લાગ્યો. વનમાંથી ગુંજા વિણી લાવે તેનો હાર બનાવી શ્રીનાથજીને પેહેરાવે. ચંદ્રિકા (મોર-પીછ) વનમાંથી લાવી શ્રીનાથજીને ધરાવે, તે જ્યારે તેણે રસોઇ કરિ ભોગ ધર્યો ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરિ જે ' હું તો જ્યારે શ્રીઆ-ચાર્યજી આપ પધારિ પોતાના સ્વહસ્તથી રસોઇ તૈયાર કરિ મને અન્નપ્રા-શન કરાવશે ત્યારે ભોજન કરીશ. ત્હાં સુધી દૂધનુંજ પાન કરીને રહીશ અને તારો જે ભોગ ધરવાનો તથા શૃંગાર કરવાનો મનોરથ છે. તો તું પૃથ્વી પરિક્રમા કરિ આવ; ત્હાં સુધીમાં શ્રીઆચાર્યજી આપ પધારશે અને હમને પાટ બેસારશે ત્યારે તને સેવામાં રાખશે ત્હાં સુધી હમે અહિયાં વ્રજવાસીઓમાં ખેલશું' એવું સાંભળીને માધવેન્દ્રપુરી સમયની વાટ જોતા પૃથ્વી પ્રદક્ષિણા કરવા ગયા. એ રીતે સંવત્ ૧૫૪૯ સુધી શ્રીનાથજી વ્રજ-વાસીઓનું દૂધ દહીં આરોગ્યા કોઇ દિવસ કુંભનદાસજીને સંઘાતે લઇ માખણ ચોરવા સારૂં વ્રજવાસીઓને ઘેર પણ પધારતા.

એક પુછરી નામનાં ગામમાં વ્રજવાસી હતો તેણે શ્રીદેવદમનની મા-નતા કરી કે મારા છોકરાનો વિવાહ થશે તો હું " શ્રીદેવદમનને સવામણ દુધ સવામણ દહીં આરોગાવિશ" તેથી તેના છોકરાનો વિવાહ તત્કાલ થયો, ત્યારે તેણે સવામણ દૂધ સવામણ દહીં સમર્પણ કર્યું એ વાત સાંભળી વ્રજમાં શ્રીદેવદમનની માનતા ઘણીજ વધી.

એક દિવસ એક ભવનપુરાનો વ્રજવાસી હતો તેની ગાય ઝાડીમાં ખોવાઇ ગઇ ત્હાં એક સિંહ રહેતો હતો, તેની ચિન્તાથી તેણે શ્રીદેવદમનની માનતા કરિ "જો મારી ગાય સિંહ નહી મારશે. તો એ ગાયનું દૂધ હું શ્રીદેવદમનને આરોગાવિશ જ્યહાં સુધી તે દૂધ દેશે ત્હાં સુધી" તે પછી રાત્રિએ તે ગાયને સિંહ મળ્યો પરંતુ પરાભવ કરિ શકયો નહીં. શ્રીજીએ ભુજા પસારી (લાંબી કરી) કાંન પકડીને એ ગાયને વાડામાં પ્હોંચાડી દીધી. સવારે એ વ્રજવાસી ગાય જોઇને ઘણો પ્રસન્ન થયો અને કહ્યું જે "આ ગાય શ્રીદેવદમને બચાવી છે" પછી દૂધ દહીં પહોંચાડવા લાગ્યો. કુંભનદાસજીને શ્રીનાથજીએ આજ્ઞા કરિ "કુંભના મારો હાથ દુખે છે તે દાબ" ગાયનો કાંન પકડીને વાડામાં પ્હોંચાડી છે તેથી, જ્યારે શ્રીગિરિરાજની આસપાસ બહુ વ્રજવાસી તથા ગાય શ્રીકૃષ્ણાવતારની પ્રગટ થઇ છે તેની સાથે આપક્રીડા કરવા લાગ્યા. કોઇનું દૂધ આરોગે, કોઇનું દહીં આરોગે અને કોઇના ઘરમાં ચોરી કરી દૂધ દહીં આરોગી આવે.

શ્રીનાથજીની સાથે ક્રીડા કરવા સારૂં ચાર વ્યૂહનું પ્રાકટ્ય શ્રીગિરિરાજમાં આપની સંઘાતેજ થયું છે. સંકર્ષણ કુંડમાં શ્રીશંકર્ષણદેવનું પ્રાકટ્ય થયું. ગોવિન્દ કુડમાંથી શ્રીગોવિન્દ દેવજીનું પ્રાકટ્ય થયું; અને દાનઘાટી ઉપર શ્રીદાનરાયજીનું પ્રાકટ્ય થયું; અને શ્રીકુંડમાંથી શ્રીહરિદેવજીનું પ્રાકટ્ય થયું એ ચારે દેવ સંકર્ષણ, વાસુદેવ, પ્રદ્યુમ્ન, અને અનિરૂદ્ધાત્મક છે અને તેઓ સદા શ્રીનાથજીની સાથે ક્રીડા માટે રહે છે! એ દેવતાઓની સેવા શતાંતરમાંના વૈષ્ણવ કરે છે. મધ્યમાં શ્રીપુરૂષોત્તમરૂપ આપ બિરાજે છે, તેથી આપની સેવા કરવા સારૂ શ્રીપુરૂષોત્તમ રૂપ શ્રીઆચાર્યજી પ્રકટ થયા શ્રી પુરૂષોત્તમનાં સ્વરૂપને શ્રીપુરૂષોત્તમ હોય તેજ જાણે એ વિષે શ્રીમદ્ભગવત ગીતાના દશમાધ્યાયમાં અર્જુનનું વાકય છે:—

नहि ते भगवन् व्यक्तिं, विदुर्देवा न दानवाः ।
स्वयमेवात्मनाऽऽत्मानं, वेत्थत्वं पुरुषोत्तम ॥

સંવત્ ૧૫૪૯ ફાલ્ગુન સુદી ૧૧ બૃહસ્પતિવારને દિવસ શ્રીઆચાર્યજીને શ્રીનાથજીએ ઝાડખંડમાં આજ્ઞા કરિ કે હું શ્રીગોવર્ધ્ધનધર સ્વરૂપથી શ્રીગિરિરાજની કન્દરામાં બિરાજું છું તે તમે જાણો છો. ત્હાંના વ્રજવાસીઓને હમારૂં દર્શન થયું છે. તે હમને પ્રકટ કરવાનો વિચાર કરે છે. પરંતુ અમો તમારી વાટ જોઇએ છીએ તેથી આપ તરત મારી સેવા માટે અહીંયાં

પધારો અને શ્રીકૃષ્ણાવતારના વખતના જીવ પણ અહીંયા વ્રજમાં આવ્યા છે તેઓને શરણ લઇ સેવક કરો; ત્યારે હમે તેની સંઘાતે ક્રીડા કરશું અને શ્રીહરિદાસવર્યના ઉપર મારો મિલાપ થશે.

ત્યારે શ્રીઆચાર્યજી પૃથ્વીપરિક્રમા તત્ક્ષણ ઝાડખંડમાં રાખીને વ્રજમાં પધાર્યા. તે પ્રથમ શ્રીમથુરાજી આવ્યા, અને ઉજાગર ચોબાના ઘરમાં બિરાજ્યા અને શ્રીયમુનાસ્નાન કરવાને વિશ્રાન્ત ઘાટ પધારવા લાગ્યા ત્યારે ઉજાગર ચોબાએ તથા બીજા મનુષ્યોએ કહ્યું "શ્રીમહારાજ વિશ્રાન્તઘાટ ઉપર તો પાંચ દિવસથી ઉપદ્રવ છે" તે સાંભળીને શ્રીઆચાર્યજીએ પૂછ્યું "શું ઉપદ્રવ છે" ત્યારે સહુએ વૃત્તાંન્તપૂર્વક કહ્યું પ્રથમ દિલ્લીથી પાદશાહનો કામદાર રૂસ્તમઅલી અહીં આવ્યો હતો તેનો ઉપહાસ અહીંઆના ચોબા લોકોએ કર્યો; તેથી તેણે જઇ દિલ્લીથી એક યન્ત્ર સિદ્ધ કરિને મોકલ્યો છે, તે વિશ્રાન્ત ઘાટના નાકાને રોકીને ત્હાં યન્ત્ર ટાંગીને યવન લોકો બેઠા છે; જે હિંદુ તેના નીચે થઇને આવે જાય છે તેની શિખા કપાઇને ડાઢી થઇ જાય છે; તેના ભયથી સહુને એ દિવસથી સ્નાન બંધ છે તે સાંભળીને શ્રીઆચાર્યજીએ કહ્યું કે તીર્થપર આવીને તીર્થની વિમુખ થઇને જવું ઉચિત નહિ; તેથી હમે તો સ્નાન કરવા જઇએ છીએ હમને યન્ત્ર બાધા નહીં કરવાની, તેમ જેઓને સ્નાન કરવું હોય તે હમારી સાથે ચાલો. એમ કહી આપ જનસમુદાય સહિત વિશ્રાન્ત ઘાટ ઉપર આવી સ્નાન કરી શ્રીયમુનાજીનું પૂજન યથાવિધિ કરી ત્હાંથી પધાર્યા. યન્ત્ર બાધા કોઇને ન થઇ પણ આપના ગયા પછી પૂર્વવત્ બાધા થવા લાગી. એ રીતનો પ્રભાવ જોઇ ઉજાગર ચોબે અને બીજા વ્રજવાસીઓએ વિનતી કરી "કે આ યંત્ર અહીંથી ઉઠી જાય એવો આપ ઉપાય કરો કેમકે સઘળી પ્રજા દુઃખી છે" . એવાં વચન સાંભળીને શ્રીઆચાર્યજી મહાપ્રભુને દયા આવી; તેથી એક કાગળ લખી યંત્રનો મિશ કરિને આપના સેવક વાસુદેવદાસ અને કૃષ્ણદાસને તે કાગળ આપી દિલ્લી મોકલ્યા; અને કહ્યું કે તમે બેઉ જણા દિલ્લીનાં મુખ્ય નાકા ઉપર રાજમાર્ગમાં આ કાગળ ટાંગી ત્હાં બેશી રહો; તમારી ખબર પૃથ્વીપતિ પાદશાહને જ્યારે થશે ત્યારે તેનો ન્યાય થશે તેજ પ્રમાણે તેઓએ દિલ્લી જઇને કર્યું, તેથી તેના નીચેથી જે યવન આવ જાય તેની ડાઢી ઉખડી પડે અને ચોટલી થઇ જાય તે ખબર લોદી સિકન્દર પાદશાહને પહોંચી કે બે હિંદુ ફકીરોએ આવીને આ ઉપદ્રવ કર્યો છે. એ સાંભળી પાદશાહે બેઉ જણને બોલાવી પૂછ્યું; ત્યારે તેઓએ અરજ કરી આપનો પૃથ્વીપતિ છો. હિંદુ મુસલમાન બેઉ આપની પ્રજા છે.

પણ આવી રીતનો ઉપદ્રવ પ્રથમના હજુરના કામદાર રૂસ્તમઅલ્લીએ મથુરામાં સાત દિવસથી કરેલો છે. તેથી ત્યહાંની પ્રજા દુખી દેખીને હમારા ગુરૂ આચાર્યજીએ હમને અહીંયાં મોકલ્યા છે જેથી આપને ખબર ગોહોંચે. તે સાંભળી લોદી સિકંદર પાદશાહે તત્ક્ષણ રૂસ્તમઅલ્લીને બોલાવી સઘલું વૃતાંન્ત પૂછી કહ્યું, કેમ? પહેલી કસૂર તારી છે. તેં કેમ જાણ્યું કે હિન્દુમાં આવા કરામાતી ફકીર નહીં હશે તે આ તું તારી આંખોથી દેખ અને તારો યંત્ર જલદી મંગાવી લે. કોઇ દિવસ કોઇના ધર્મ ઉપર નજર ન કરવી; એવી રીતે રૂસ્તમઅલ્લીને કહી એ બંન્ને વ્રજવાસીઓને કહ્યું કે જ્યારે મથુરાથી યંત્ર આવી જાય ત્યારે તમારે પણ તમારો યંત્ર લઇ જલદી ચાલ્યા જવું અને તમારા ગુરૂને હમારી વિનતી કહેવી. એ પ્રમાણે વિશ્રાન્તઘાટ પરથી યવનના યંત્રને ઉઠાડી ફરી ત્યહાંથી આપ શ્રીઆચાર્યજી શ્રી ગિરિરાજ પધારયા.

શ્રીઆચાર્યજી મહાપ્રભુજી મથુરાંથી સર્વ સેવકોને સાથે લઇ શ્રીગોવર્ધન પર્વતની તલેટીમાં આન્યોર ગામમાં સદુપાંડેના ઘરના આગળ ચોતરા ઉપર બિરાજ્યા. ત્યારે અનેક વ્રજવાસી લોકોએ દર્શન કરિ નિશ્ચય કર્યો કે આ કોઇ મહાપુરૂષ છે કેમકે એવું તેજ મનુષ્યોમાં હોતું નથી. પછી સદુપાંડે આવીને વિનતી કરી " કે સ્વામી કાંઈ ભોજન કરશો " ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સાથના સેવક કૃષ્ણદાસમેઘને કહ્યું કે શ્રીઆચાર્યજી સેવક વિના કોઇનું કંઇ પણ લેતા નથી. જ્યારે કૃષ્ણદાસમેઘને સદુપાંડેને ના કહી તે વખત શ્રીગોવર્ધનનાથજીએ શ્રીગોવર્ધન પર્વત ઉપરથી શ્રીઆચાર્યજીને સંભલાવવાને વાસ્તે સાદ કર્યો "અલી નરો દૂધ લાવ" ત્યારે નરો બોલી જે" આજ હમારે ઘેર પરોણા આવ્યા છે" ત્યારે શ્રીનાથજીએ કહ્યું " પરોણા આવ્યા તો સારૂ થયું " પરંતુ " મને દૂધ લાવ " તેના જવાબમાં નરો બોલી " લાલ હમણાંજ લાવું છું" તે નરો એક કટોરો ભરિ શ્રીનાથજીને દૂધ આપવા ગઇ ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ સેવક દામોદરદાસને કહ્યું કે " દમલા કાંઇ સાંભળ્યું " તે સાંભળી દામોદરદાસે કહ્યું મહારાજ સાંભળ્યું તો ખરૂં પણ કંઇ સમજણ પડી નહીં. તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુએ કહ્યું કે અહીંયા શ્રીનાથજી પ્રકટ થયા છે. સવારે શ્રીગોવર્ધન પર્વત ઉપર જઇશું. એમ પરસ્પર વાતો કરે છે તેટલામાં નરો શ્રીનાથજીને દૂધ પીવરાવી પાછી આવી; તેને દેખીને શ્રીઆચાર્યજી મહાપ્રભુએ બોલાવી કહ્યું કે આમાં દૂધ કાંઇ બાકી રહ્યું છે. ત્યારે નરો બોલી કે " રંચક છે " તે દૂધ શ્રીઆચાર્યજી મહાપ્રભુએ માગ્યું તે

વખત નરોએ કહ્યું કે "મહારાજ ઘરમાં ઘણું દૂધ છે જેટલું જોઇએ તેટલું લાવું" પણ તે લાવવાને શ્રીઆચાર્યજીએ ના કહી ત્યારે સદુપાંડેએ પોતાને સેવક કરવાની વિનતી કરી તેથી શ્રીમહાપ્રભુજીએ તેને નામ સંભળાવ્યું અને સેવક કરીને તેમની સર્વસેવા અંગીકાર કરી. પછી રાત્રિએ સદુપાંડે માણેકચંદપાંડે આદિ સઘળા સેવકો શ્રીઆચાર્યજીની સન્મુખ દંડવત્ કરી બેઠા; ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે અહીંયાં પર્વતમાં શ્રીદેવદમન કેવા પ્રકારથી પ્રકટ થયા છે; તે વાર્તા કહો. તેના જવાબમાં સદુપાંડેએ વિનતી કરી કે મહારાજ આપ તો સર્વ વૃત્તાંત જાણો છો અને હમને પૂછો છો પણ શ્રીઆચાર્યજીના આગ્રહથી સદુપાંડેએ શ્રીનાથજીનાં પ્રકટ થવાને પ્રકાર કહ્યો તે સાંભળીને શ્રીઆચાર્યજીનું હૃદય ભરાઇ આવ્યું.

બીજે દિવસ શ્રીઆચાર્યજી મહાપ્રભુ સેવકો સહિત અતિ હર્ષથી શ્રી ગિરિરાજ ઉપર પધાર્યા, અને થોડીક દૂર શ્રીનાથજી પણ બહુ પ્રસન્ન થઇ સામ્હા પધારિ બન્ને પરસ્પર મળી ઘણા પ્રસન્ન થયા તેથી ગોપાળદાસજીએ ગાયું છેઃ—"**हरखेते साह्मा आवीआ श्रीगोवर्धन उद्धरण** ઈત્યાદી.

શ્રીઆચાર્યજી મહાપ્રભુને શ્રીનાથજીએ આજ્ઞા કરિ કે "મને પાટ બેસાડો અને મારી સેવાનો પ્રકાર પ્રગટ કરો, સેવા વિના પુષ્ટિ માર્ગમાં અંગીકાર ન હોય" ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ એક ન્હાનું મંદિર તૈયાર કરાવી તેમાં શ્રીનાથજીને પાટ બેસાડ્યા અને અપ્સરા કુંડની પાસમાં એક ગુફા હતી ત્હાં રામદાસ નામે એક ભક્ત રહેતા; તે શ્રીઆચાર્યજીને પધાર્યા જાણી તેમના સેવક થયા. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ રામદાસજીને આજ્ઞા કરી કે 'તમે શ્રી નાથજીની સેવા કરો' એમ આજ્ઞા કર્યાથી રામદાસજીએ કહ્યું કે "મહારાજ હું તો કંઇપણ સમજતો નથી તો સેવા કેમ કરૂં મેં તો કોઇ દિવસ સેવા કરી નથી" ત્યારે શ્રીનાથજીની ઇચ્છા જાણી શ્રીઆચાર્યજી મહાપ્રભુએ રામદાસજીને કહ્યું કે તમને શ્રીનાથજી શિખવશે" એમ કહી શ્રી આચાર્યજીએ મોર ચંદ્રિકાનો નવો મુકુટ તૈયાર કરાવ્યો અને શ્રીઆચાર્યજીએ શ્રીનાથજીની સેવા અને શણગાર કરિને રામદાસજીને બતાવી કહ્યું કે તમે નિત્ય સવારે ગોવિન્દ કુંડમાં સ્નાન કરી જલનું પાત્ર ભરિ લાવજો તેનાથી શ્રીનાથજીને સ્નાન કરાવી અંગવસ્ત્ર કરિને જેવો હમે શણગાર કર્યો છે તેજ પ્રમાણે કરજો અને જે કાંઇ ભગવત્ ઇચ્છાથી પ્રાપ્ત થાય તે પદાર્થ સિદ્ધ કરિ તેનો શ્રીઠાકુરજીને ભોગ ધરજો તેમ તેથી તમે તમારો નિર્વાહ કરજો વળી દૂધ દહીં માખણ આદિતો આસદૈવજવાસી ભોગ ધરે છે.

પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુએ સદુપાંડે વિગરે વ્રજવાસીઓને આજ્ઞા કરિ જે શ્રીગોવર્ધનનાથજી મ્હારૂં સર્વસ્વ છે, તેથી તેમની સેવામાં તમે તત્પર રેહેજો અને ઉપદ્રવ થાય તો સાવધાન રેહેજો; જેમ શ્રીનાથજી પ્રસન્ન રહે તેમ કરજો. એ પ્રમાણે કહીને શ્રીઆચાર્યજી મહાપ્રભુ પૃથ્વી પરિક્રમા કરવા પધાર્યા. એરીતે જે દિવસથી શ્રીનાથજીને શ્રીઆચાર્યજીએ સ્વહસ્તથી પાક સિદ્ધ કરીને સમર્પ્યો તે દિવસ શ્રીનાથજીએ અન્ન પ્રાશન કરયું ત્યહાં સુધી દૂધ દહીંજ આરોગ્યા અને હવે તો તે દિવસથી વ્રજવાસીઓના પાસથી ભાતું (રાંધેલું અન્ન)આરોગવા લાગ્યા.

એક પાથો નામની ગુજરી ગાઠયોલી ગામની પોતાના છોકરા સારૂ ભાતું લઇ જતી હતી તેમાંથી બલાત્કારથી એ રોટી શ્રીનાથજી ગ્રહણ કરી આરોગ્યા.

એવીજ રીતે એક ખેમો ગુજરી ગોવર્દ્ધનની દહીં વેચવાને જતી હતી તેને દાનઘાટીના રસ્તાઉપર શ્રીદેવદમન મળ્યા, દહીંનું દાણ માગ્યું તે તેણે દીધું; પરંતુ શ્રીદેવદમને કહ્યું કે તારૂ દહીં તો હમે લૂંટી ખાઇશું નહીં તો બે રોટલી અને દહીં ભાતનું નિત્ય એક ભાતું પહોંચાડી જાયા કર. જયારે તે દહીં વેચવા જાય ને ત્યારે નિત્ય એક ભાતું પેહેલી સાથે લઇ જાય તે શ્રીદેવદમન આરોગે અને જે દિવસ નહીં લઇ જાય તે દિવસનું તેનું લૂંટી ખાય.

એક અડીંગ ગામનો વ્રજવાગી ગોપાલ ગ્વાલ હતો તેને અડીંગના રસ્તામાં શ્રીદેવદમનનું દર્શન થયું તેને આજ્ઞા કરી કે તુ મને દૂધ અને રોટલી લાવી દે. ત્યારે તેણે ગાય વનમાંજ દોહિને દૂધ આરોગાવ્યું તેમ બેઝરની (જવ અને ચણા ભેગા કરે તેને વ્રજમાં બેઝર કહે છે.) રોટલી પોતાને ખાવાને વાસ્તે ઘેરથી લાવ્યો હતો તે અર્પણ કરી શ્રીદેવદમન તે આરોગ્યા અને ગોપાલ ગ્વાલને આજ્ઞા કરી કે તું મ્હારાં દર્શન કરવા નિત્ય આવ્યા કર. તે ગ્વાલને સ્વરૂપાસક્તિ થઇ તે શૃંગારનાં દર્શન કરવા નિત્ય આવે તે વેળા શસ્ત્ર ખોલવાનું અનુસન્ધાન ન રહે તેથી બીજા માણસને કહિ રાખ્યું કે તું મ્હારાં શસ્ત્ર તે વેળા ખોલી લેજે; અને જ્યારે દંડવત્ કરે ત્યારે ગદ્દગદ્દ કંઠ થઇને પ્રેમનાં આંસુઓની ધારા ચાલે તેથી જગા ભીંજાઇ જાય અને બે આદમી પકડીને શ્રીગિરિરાજથી નીચે ઉતારે ત્યારે ઉતરે.

આગરામાં જઇ એક બ્રાહ્મણનો છોકરો હતો તેને સ્વપ્નમાં શ્રીદેવદમને દર્શન આપી આજ્ઞા કરી કે "હું વ્રજનો ઠાકુર છું. તુ શ્રીગિરિરાજ આવી

મ્હારાં દર્શન કર" ત્યારે સવારમાંજ તે બ્રાહ્મણના છોકરાએ હઠ ઘણીજ કરી કે મને વ્રજના શ્રીઠાકુરજીનાં દર્શન કરાવો ત્યારે તેના પિતાએ વ્રજના સઘળા ઠાકુરજી હતા તેમનાં દર્શન કરાવ્યાં; પરંતુ તે છોકરાના મનમાં સ્વસ્થતા ન થઇ; ત્યારે શ્રીનાથજીનાં દર્શન કરાવ્યાં તે વખત છોકરાએ કહ્યું "આ શ્રીઠાકુરજીએ મને દર્શન કરાવ્યાં હતાં" તે છોકરાની શ્રીનાથજીએ બાંહ પકડી એજ શરીરથી આપની ગોપમંડલીમાં સામેલ કર્યો; અને તેનો પિતા પણ દર્શન કરીને ઘણોજ પ્રસન્ન થયો. તે માધ્વ સંપ્રદાયનો વૈષ્ણવ હતો તેથી તેને જ્ઞાન પ્રાપ્ત થયું કે જ્યહાંની વસ્તુ હતી ત્યહાં ગઇ એમ કહી ચિત્તનું સમાધાન કરી પોતાને ઘેર ગયો; કંઇ પણ આગ્રહ તેણે કર્યો નહીં. તે પછી એ બ્રાહ્મણ મ્હોટો વૈષ્ણવ થયો. પ્રેમાનિધિમિશ્ર તેનું નામ હતું. એવાં એવાં શ્રીઠાકુરજીએ વ્રજવાસિઓ સાથે અનેક ચરિત્ર અને કૌતુક કર્યાં.

એક સખીતરા ગામમાં માંડલિયા પાંડે હતો, તેના છોકરાની વહુ જે દિવસ ઘરમાં આવી તેજ દિવસ એમની ભેંસ ખોવાઇ ગઇ, ત્યારે તેણે કહ્યું કે આ વહુ અવળાં પગલાંની છે ત્યારે તે વહુને માઠું લાગવાથી શ્રીદેવદમનની માનતા કરી; "હે દેવદમન મારી ભેંસ જડશે તો હું તમને દસ શેર માંખણ આરોગાવીશ" તે માનતા કરતાંજ તેમની ભેંસ જડી. ત્યારે તે ઘરનાંએ ખુશી થઇને તે વહુને વલોવવાનું કામ સોંપ્યું. પાંચ સાત શેર માખણ નિત્ય થતું તેમાંથી હમેશ અરધો શેર માંખણ ચોરી રાખતી. એમ કરતાં જ્યારે દસ શેર માંખણ થયું; ત્યારે તે નિત્યનું માંખણ વલોણામાં મેળવી તાજા વલોણાનું માંખણ દશ શેર લઇ આપને વિનતી કરિ કે "તમે તમારૂં માખણ લેઇ જાવો સાસુ અને ઘરનાં માણસો આગળ મારૂં આવવું બનશે નહીં" એવો તેનો આગ્રહ જોઇને તેને ઘેર જઇ આપ માંખણનું દોણું શ્રીગિરિરાજપર લઇ ગયા, તેમાંનું માંખણ આપ આરોગ્યા તથા સખા મંડલીને આપ્યું કેટલુંએક વાંદરાઓને ખવડાવ્યું તેમ કુંભનદાસને મુખે ચોપડ્યું અને શેષ શ્રીગિરિરાજ ઉપર ઉડાડ્યું તે દિવસ જન્માષ્ટમી હતી તેથી ભાવાત્મક ઉત્સવ માન્યો. વળી કુંભનદાસને કહ્યું કે "તું કાંઈ કીર્તન કર" ત્યારે કુંભનદાસે એ પદ ગાયું:—॥ **राग सोरठ** ॥ **आंगन दधिको उदधि भयो हो** " ઇત્યાદિ ॥

એક ચતુરા નાગા નામનો ભગવદ્‌ભક્ત હતો તે ટોડગામની ઝાડીમાં તપસ્યા કરતો. શ્રીગિરિરાજ ઉપર કોઇ દિવસ પગ દેતો નહીં તેને, દર્શન દેવાને વાસ્તે શ્રીનાથજી ભૈંસા (પાડા) ઉપર ચઢિને ટોડની ઝાડીમાં પધાર્યા રામદાસજી

સદુપાંડે વિગેરે ભક્તો સાથે હતા. ત્યહાં તે મહાપુરૂષે દર્શન કરી ઘણો ઉત્સવ માન્યો. વનમાંથી કંકોડા વીણી લાવી તેનું શાક કર્યું અને શીરો કર્યો શ્રીનાથજીને ભોગ સમર્પ્યો. આરોગતાં શ્રીનાથજીએ આજ્ઞા કરિ "કુંભનદાસ કાંઈ કીર્તન ગા." ત્યારે કુંભનદાસે એ કીર્તન ગાયું:—

राग सारंग.

भावत तोहि टोडको घनो
कांटा भगे गोखरु टूटें फाटयो है सब तन्यो.
सिंह कहां लोखरीको डर यह कहा वानक बन्यो
कुंभनदास तुम गोवर्द्धनधर
वह कौन रांड ढेडनीको जन्यो ॥ २ ॥

સંવત્ ૧૫૫૨ શ્રાવણ શુદી ૩ બુધવારને દિવસે તે ચતુરાનાગાનો મનોરથ સિદ્ધ કરિને શ્રીનાથજી શ્રીગિરિરાજ ઉપર પધાર્યા. આ રીતે સર્વ વ્રજવાસીઓ સાથે ઘણાં ચરિત્ર કરતા હતા.

સંવત્ ૧૫૫૬ ચૈત્ર શુદી ૨ ને દહાડે શ્રીનાથજીએ પૂર્ણમલ્લ ક્ષત્રિને સ્વપ્નમાં આજ્ઞા કરી જે "તું મ્હારૂં એક મ્હોટું મંદિર વ્રજમાં આવી બનાવ્ય."

ત્યારે પૂર્ણમલ્લ અંબાલય ગામથી દ્રવ્ય સંગ્રહ કરી ચાલ્યો તે વ્રજમાં શ્રીગોવર્દ્ધન આવ્યો અને ત્યહાં આવીને તેણે પુછ્યું કે " અહીયાં શ્રીદેવદમન ઠાકુર સાંભલ્યા છે તે ક્યહાં બિરાજે છે " ત્યારે એક વ્રજવાસીએ બતાવ્યા તેથી તે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરી ઘણોજ પ્રસન્ન થયો તે પછી શ્રીઆચાર્યજીની પાસે ગયો અને સાષ્ટાંગ દંડવત્ કરી વિનતિ કરી કે "જે મહારાજ શ્રીનાથજીની ઇચ્છા એક મ્હોટું મંદિર બનાવવાની જણાય છે" મને સ્વપ્નમાં આપે આજ્ઞા કરી છે તેથી હું દ્રવ્ય સંગ્રહ કરી લઇ આવ્યો છું. ત્યારે આપે શ્રીમુખથી શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે હા હા શીઘ્ર મંદિર બનાવો. ત્યારે તેણે શ્રીગિરિરાજને પૂછ્યું કે આપના ઉપર મંદિર બંધાશેને કોદાળો લાગશે તેની શી આજ્ઞા છે ? ત્યારે શ્રીગિરિરાજે કહ્યું કે મારાં હૃદયમાં શ્રીનાથજી બિરાજશે તેથી મને કોદાળો લાગવાનો કંઇજ પરિશ્રમ નહીં થાય મંદિર સુખેથી સિદ્ધ કરાવો.

એક હીરામણી મિસ્તરી આગ્રાનો રેહેવાસી હતો તેને શ્રીજીએ સ્વપ્નમાં આજ્ઞા કરી કે "તું મારૂં મંદિર નિરમાણ કરવા આવ" ત્યારે તેણે શ્રી ગોવર્ધનમાં આવીને શ્રી આચાર્યજીને મહાપ્રભુ પાસે આજ્ઞા માગી

"મને શ્રીનાથજીએ આજ્ઞા કરી છે તે આપ આજ્ઞા કરો તો મંદિર સિદ્ધ થાય અને પાયો પડે" ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીમુખથી આજ્ઞા કરિ "કે તમે મંદિરનું ચિત્ર કાગળ ઉપર લખી લાવો." ત્યારે તે સર્વ મંદિરનું ચિત્ર મ્હોટા કાગળ ઉપર ઉતારી લાવ્યો તે ચિત્રને શ્રીઆચાર્યજીએ જોયું તેમાં શિખર જોયું ત્યારે આજ્ઞા આપી "બીજું ચિત્ર ઉતારી લાવ" ત્યારે તે બીજું ચિત્ર ઉતારી લાવ્યો તેમાં પણ શિખર જોઇ ફરી આજ્ઞા કરી "ત્રીજું ઉતારી લાવ" ત્યારે તે ત્રીજું ઉતારી લાવ્યો તેમાં પણ શિખર જોઇ શ્રીઆચાર્યજી મહાપ્રભુએ દામોદરદાસને આજ્ઞા કરી કે શ્રીનાથજીની આજ્ઞા શિખર મંદિરની છે તેથી કેટલાએક સમય પર્યંત અહિં બિરાજશે ત્યારપછી યવનનો ઉપદ્રવ થશે ત્યારે શ્રીજી બીજા દેશમાં પધારશે અને કેટલાએક સમય સુધી ત્હાં બિરાજશે પછી ફરી વ્રજમાં પધારશે; ત્યારે પૂછરી ગામની તરફ પૃથ્વી ઉપર મંદિર બનશે. શ્રીગિરિરાજનાં ત્રણ શિખર છે. આદિશિખર, બ્રહ્મશિખર અને દેવશિખર. તેમાંથી પ્રથમ શ્રીકૃષ્ણાવતારમાં આદિશિખર ઉપર ક્રિડા કરી હમણાં વચમાંના દેવશિખર ઉપર ક્રીડા કરે છે અને ક્રીડાના અવસાન સમયમાં બ્રહ્મશિખર ઉપર ક્રીડા કરશે. આદિશિખર અને દેવશિખર તો પૃથ્વીમાં ગુપ્ત છે બ્રહ્મ શિખર પ્રગટ દર્શન દે છે. આપ શ્રીગોવર્ધનનાથજી છે તેથી સદા શ્રીગોવર્ધનનાથજી શ્રીગોવર્ધન ઉપર ક્રીડા કરે છે.

એવી રીતે આજ્ઞા કરીને સંવત્ ૧૫૫૬ વૈશાખ શુદી ૩ આદિત્યવારને દિવસે રોહિણી નક્ષત્રમાં શ્રીનાથજીના નવીન મંદિરનો પાયો નંખાયો. પૂર્ણમલ્લની પાસે એક લક્ષ અને ઉપરાંત કંઇક હજાર મુદ્રા હતી તેમાંની એક લાખ મુદ્રા તો મંદિરમાં ખરચ થઇ અને થોડી બાકી રહી તે લઇ પૂર્ણમલ્લ દક્ષિણમાં ગયો. ત્યહાંથી રત્ન લાવીને વેચ્યાં તેમાં ત્રણ લાખ મુદ્રા પેદા થઇ તે મુદ્રા લાવી વીશ વર્ષ પછી ફરી મંદિર સંપૂર્ણ બનાવ્યું. ત્હાં સુધી એ મંદિર અડધુંજ રહ્યું હતું, ત્હાંસુધી પ્રથમના મંદિરમાંજ શ્રીનાથજી બિરાજ્યા અને વ્રજવાસિઓમાં ક્રીડા કરવાની ઇચ્છા હતી તેથી પ્રતિબંધ વીસ વરસ કર્યો, તેટલા સુધી રામદાસ ચોહાણ રજપૂતે સેવા કરી અને સંવત્ ૧૫૪૫ થી આરંભીને તે સંવત્ ૧૫૭૬ સુધી એજ પ્રકારે ક્રીડા કરી.

જ્યારે મ્હોટું મંદિર બની તૈયાર થયું તેજ સમયે શ્રી આચાર્યજી મહાપ્રભુ પૃથ્વી પરિક્રમા કરી વ્રજમાં પધાર્યા અને જે મ્હોટું મંદિર બન્યું હતું તેમાં સંવત્ ૧૫૭૬ વૈશાખ શુદી ૩ અક્ષય તૃતીયાને દિવસ પાટે બેસાડયા ત્યારે

પૂર્ણમલ્લ તે દિવસ શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરીને ઘણોજ પ્રસન્ન થયો અને પોતાનું પરમ ભાગ્ય માનવા લાગ્યો કે ધન્ય શ્રીગોવર્ધનનાથજીએ મને અનુગ્રહ કરિને આ સુખ દેખાડયાં. તે સમયે શ્રીઆચાર્યજી મહાપ્રભુ પૂર્ણમલ્લ ક્ષત્રી ઉપર ઘણા પ્રસન્ન થયા. અને શ્રીમુખથી આજ્ઞા કરી કે પૂર્ણમલ્લ કંઇ માગ હું તારા ઉપર ઘણોજ પ્રસન્ન થયો છઉં, ત્યારે પૂર્ણમલ્લે શ્રીઆચાર્યજી મહાપ્રભુપાસે વિનતી કરી કે "મહારાજ હું અતિ ઉત્તમ સુગંધિત અરગજા મારા હાથથી શ્રીનાથજીનાં શ્રીઅંગમાં અર્પણ કરૂં" ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ આજ્ઞા કરી કે તું આજ કોઇ વાતનો મનોરથ તારાં મનમાં રાખ માં. સુખેથી સમર્પણ કર; ત્યારે તો પૂર્ણમલ્લ અતિપ્રસન્ન થઇ અતિ ઉત્તમ અતર અ-અરગજા સહિત કટોરો ભરિ અને ફુલેલ સિદ્ધ કરિ શ્રીગોવર્ધનનાથજીને સમર્પિ શ્રીઅગમાં ધરાવ્યું, અને અત્યંત સ્નેહ પ્રીતિ વાત્સલ્ય કર્યું અને પોતાનું મ્હોટું ભાગ્ય માન્યું. પછી વસ્ત્ર આભૂષણ વિગેરે શૃંગાર શ્રીઆચાર્યજી મહાપ્રભુએ શ્રીગોવર્ધનનાથજીને કર્યો તે દિવસ અનિર્વચનીય સુખ થયું અને મ્હોટો ઉત્સવ થયો ત્યારે પૂર્ણમલ્લે ઘણીજ પ્રસન્નતાથી શ્રીઆચાર્યજી મહાપ્રભુની સેવા ઘણી સારી રીતે કરી, ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ પ્રસન્ન થયા અને પોતાના શ્રીઅંગનો પ્રસાદી ઉપરણો પૂર્ણમલ્લને ઓઢાડયો અને પૂર્ણમલ્લ સાષ્ટાંગ દંડવત્ કરી આજ્ઞા માગી પોતાને સ્વદેશ અંબાલય ગયો.

તે પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુએ સદુપાંડેને બોલાવી આજ્ઞા કરી કે "શ્રીગોવર્ધનનાથજીનું મંદિર તો મ્હોટું સિદ્ધ થયું તેથી આવા મ્હોટાં મંદિરમાંતો સેવક ઘણા જોઇએ તો તમે બ્રાહ્મણ છો અને શાસ્ત્રની મ-ર્યાદા છે તેથીં ભગવત્ સેવા તો બ્રાહ્મણ કરે તો સારૂં" ત્યારે સદુપાંડેએ કહ્યું, મહારાજ અમારી જ્ઞાતિના તો કાંઇ આચાર વિચારમાં સમજતા ન-થી માટે જે કોઇ સવામાં સમજે તેને રાખવા તેથી શ્રીકુંડ ઉપર બ્રાહ્મણ વૈષ્ણવ શ્રીકૃષ્ણ ચૈતન્યના સેવક છે તેમને રાખો તો સારૂં. ત્યારે શ્રીઆચા-ર્યજીએ શ્રીનાથજીની સેવામાં બગાલી બ્રાહ્મણોને રાખ્યા અને સેવાની રીત બતાવી. માધવેન્દ્રપુરીને મુખિયા નિમ્યા અને તેમના સેવકોને સેવામાં રાખ્યા. કૃષ્ણદાસજીને અધિકારીની સેવા દીધી કુંભનદાસને કીર્તનની સેવા આપી, શ્રીઆચાર્યજી મહાપ્રભુએ નિત્યનો નેગ બાંધ્યો કે આટલી સામગ્રી તો શ્રીજી નિત્ય આરોગશે ને આટલો નેગતો સદુપાંડે પોહોચાડશે. તેમ વધારે આવે તો વધારે ધરાવજો ને તે મહાપ્રસાદથી તમે તમારો નિર્વાહ ચલાવજો અને શ્રીનાથજીની સેવાનો સમય કોઇ ચૂકશો નહીં. વળી ભગવત્

ઇચ્છાથી જે પ્રાપ્તિ થાય તે ધરજો પરંતુ શ્રીગોવર્દ્ધનનાથજીને અવાર ન થાય અને સમય પહોંચજો. એ પ્રમાણે શ્રીઆચાર્યજી મહાપ્રભુ શ્રીમુખથી આજ્ઞા કરી પોતે પૃથ્વી પરિક્રમા કરવા પધાર્યા.

શ્રીઆચાર્યજી મહાપ્રભુના પૃથ્વીપરિક્રમા કરવા સારૂ પધારતા પેહેલાં એક દિવસ શ્રીગોવર્ધનનાથજીએ શ્રીઆચાર્યજીને કહ્યું કે "મને ગાય લાવી દ્યો" ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ કહ્યું કે "તૈયાર છે" અને તેજ વખત શ્રીઆચાર્યજી મહાપ્રભુએ સદુપાંડેને કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીની ઇચ્છા ગાય લાવવાની થઇ છે. તો હમારી પાસે આ સોનાની વીંટી છે તેની ગાયો જેટલી આવે તેટલી લાવો. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુને સદુપાંડેએ વિનતી કરી " કે મહારાજ મારાં ઘરમાં એટલી ગાયો છે તે કોની છે એ સર્વ ગાય ભેંસ છે તે આપનીજ છે તેમાં અમારૂં છે શું માટે આપ આજ્ઞા કરો તેટલી ગાયો લાવું" ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે છે કે તમે લાવો તેની તો હમો ના કહેતા નથી તમારી ઇચ્છા. પણ મને શ્રીગોવર્ધનનાથજીએ આજ્ઞા કરી છે તેથી આ સુવર્ણની ગાયો લાવી ઘો. ત્યારે સદુપાંડેએ સુવર્ણ વેચીને ગાયો લાવી આપી. તે શ્રીનાથજીના આગળ ઉભી રાખી, શ્રીનાથજી તે ગાયો દેખી બહુ ખુશી થયા. પછી સઘળા વ્રજવાસિઓએ સાંભળ્યું કે શ્રીનાથજીને ગાયો ઘણીજ પ્રિય છે તેથી કોઇ ચાર ગાય, કોઇ બે ગાય, કોઇ એક ગાય એ પ્રમાણે સઘળાઓએ લાવીને શ્રીનાથજીને ભેટ કરી. એવી રીતે હજારો ગાયો ભેટ થઇ ત્યારે શ્રીનાથજીનું નામ શ્રીઆચાર્યજી મહાપ્રભુએ "ગોપાળ" ધર્યું તે ભગવદીય છીતસ્વામીએ ગાયું છે તે પદ.

राग पूरवी.

आगे गाय पीछें गाय इत गाय उत गाय गोंविंदाकों गायनमें
वसिवोई भावे ॥
गायनकें संग धावे गायनमें सुख पावें गायनकी खुररेणु तन
अंग लपटावे ॥ १ ॥
गायनसों व्रज छायो वैकुंठ विसरायो गायनके हेत गिरि
कर ले उठावें ॥
छीतस्वामि गिरधारी विठ्ठलेश वपुधारी ग्वालियाको भेष
किये गायनमें आवें ॥ २ ॥

એક દિવસ ચતુરા નાગાએ ગોવિંદ કુન્ડ ઉપર આવી રોટલી અને વડી તૈયાર કરી શ્રીનાથજીને ભોગ ધર્યો તે વખત માધવેન્દ્રપુરીએ શ્રીજીને પર્વત ઉપર રાજભોગ ધર્યો તેને છોડિને શ્રીનાથજી ગોવિન્દ કુન્ડ ઉપર ચતુરાનાગાને ત્યહાં પધાર્યા; પરતુ સામગ્રી થોડી હતી તેથી તૃપ્ત ન થયા માટે માધવેન્દ્રપુરીને આજ્ઞા કરી " હું ભુખ્યો છું રાજભોગ ફરી કરો " ત્યારે રાજભોગ ફરિ કર્યો.

માધવેન્દ્રપુરી શ્રીજીને નિત્ય મુકુટ કાછનીનો શૃંગાર કરતા અને ઉત્સવને દિવસે પાઘડીનો શૃંગાર કરતા અને નિત્ય ચંદન સમર્પતા. પરંતુ તે શ્રીજીને પસંદ નહીં લાગતું, જો પણ શ્રીઆચાર્યજી મહાપ્રભુના રાખેલા હતા તેથી આજ્ઞા કંઇપણ નહીં કરતા. એવી રીતે વર્ષ ૧૪ ચૌદ પર્યંત બંગાલિઓએ સેવા કરી, તેઓએ એક વૃંદા દેવીનું સ્વરૂપ શ્રીજીની પાસ બેસાડયું તે શ્રીજીને અપ્રિય લાગ્યું ત્યારે અવધૂતદાસને આજ્ઞા કરી કે કૃષ્ણદાસને કહો આ બંગાલિઓ મારૂં દ્રવ્ય ચોરી લઇ જાય છે તેથી એ બંગાલિઓને કાઢો.

તે સમયમાં સંવત્ ૧૫૮૭ આષાઢ સુદી ૨ ઉપરાંત ૩ ને દિવસે મધ્યાન્હ સમયે શ્રી આચાર્યજી મહાપ્રભુ શ્રીકાશીમાં હનુમાન ઘાટ ઉપર શ્રીગંગાજીના મધ્યપ્રવાહમાં પધારી પદ્માસન કરી સ્વધામમાં પધાર્યા.

તદનન્તર શ્રીઆચાર્યજી મહાપ્રભુના પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજી ગાદી ઉપર બિરાજ્યા અને ત્રણ વર્ષ સુધી શ્રીજીની સેવા કરી ત્યહાંસુધીબંગાલી સેવામાં રહ્યા અને શ્રીગોપીનાથજીએ એક લાખ રૂપૈઆના વાસણ તથા આભરણું (આભૂષણ) શ્રીજીને માટે બનાવ્યાં.

શ્રીગોપીનાથજીના પુત્ર શ્રીપુરૂષોત્તમજી શ્રીગિરિરાજની કંદરામાં પધાર્યા ત્યહાં શ્રીજીએ પોતાના હાથથી પકડી સદેહથી લીલામાં અંગીકાર કર્યા.

પુત્રના વિયોગથી શ્રીગોપીનાથજીનું ચિત્ત બહુજ ઉદાસ થયું, ત્યારે આપ શ્રીજગન્નાથજી પધાર્યા ત્યહાં શ્રીબલદેવજીનાં સ્વરૂપમાં સમાઇ ગયા. (લીન થઇ ગયા) અને પૂર્ણ સ્વરૂપને પામ્યા.

શ્રીઆચાર્યજી મહાપ્રભુના બે પુત્ર પ્રથમ શ્રીગોપીનાથજી તે શ્રી જગન્નાથજીો સમાર્યા અને બીજા પુત્ર શ્રીગુસાંઇજી શ્રીમદ્વિઠ્ઠલનાથજીનું રાજ્ય થયું ત્યારે બંગાલિઓ ોરજા આપી શ્રીજીની ઇચ્છા જાણીને અને ગુજરાતી બ્રાહ્મણ સેવામાં રાખ્યા, રામદાસને મુખિયા કરી સર્વ બ્રાહ્મણોને સેવામાં રાખ્યા.

માધવેન્દ્રપુરીને શ્રીજીએ આજ્ઞા કરી કે "અસલ મલયાગર ચંદન લાવી મને સમર્પો કેમકે તમને ચંદન લગાડવાનો પ્રેમ છે" એવી આજ્ઞા માધવેન્દ્ર પુરી એ સાંભળી દક્ષિણ દિશા તરફ ચંદન લેવા ગયા.

રસ્તામાં માધવેન્દ્રપુરીને શ્રીગોપીનાથજીનાં દર્શન થયાં તે દર્શન કરીને એક ધર્મશાળા હતી તેમાં સુતા. અને ચિત્તમાં વિચાર કર્યો જે શ્રી ગોપીનાથજીને ખીરના અટકા (દોણી જેવું વાસણ) ઘણાજ ભોગ આવે છે, એવા અટકા મેં શ્રીજીને કોઇ દિવસ ભોગ ધર્યા નથી; એવો પશ્ચાત્તાપ ચિત્તમાં કર્યો. તે વખત શ્રીગોપીનાથજીને શયન ભોગ આવ્યો; તેમાંનો એક ખીરનો અટકો શ્રીગોપીનાથજીએ ચોરીને સિંહાસન નીચે છુપાવી રાખ્યો. જ્યારે ભોગ સર્યો ત્યારે તેમાં એક ખીરનો અટકો ઘટયો, તે વખત પંડયા (રસોઇયા કે પૂજારી) અંદર અંદર લડવા લાગ્યા તે જોઇ શ્રીગોપીનાથજીએ કહ્યું કે "એ અટકો મેં ચોર્યો છે તે સિંહાસન નીચે છે, તે લઇને એક પંડયો જાઓ અને શ્રીનાથજીનો મુખિયો માધવેન્દ્રપુરી આવ્યો છે તેને દઇ આવો" ત્યારે તે અટકો લઇ એક પંડયો ગામમાં બૂમ પાડતો ફર્યો કે કોઇ માધવેન્દ્રપુરી શ્રી નાથજીના મુખિયા આવેલ છે. આ બૂમ સાંભળી માધવેન્દ્રપુરી બોલ્યા કે એક માધવેન્દ્રપુરી તો હું છું. ત્યારે પંડયાએ ખીરનો અટકો આપ્યો અને કહ્યું કે શ્રીગોપીનાથજીએ તમને પ્રસાદ મોકલ્યો છે; તે લઈ માધવેન્દ્રપુરી ઘણાજ પ્રસન્ન થયા તે દિવસથી શ્રીગોપીનાથજીનું નામ ખીર ચોરા ગોપીનાથ પડયું એથી લોક પ્રસિદ્ધ એજ નામ છે.

ત્યહાંથી આગળ માધવેન્દ્રપુરી દક્ષિણમાં ગયા. ત્હાં તૈલંગ દેશનો રાજા તેમનો શિષ્ય હતો તેમને ઘેર ગયા. રાજાએ બહુ સમાધાન કરી વિનતી કરી મહારાજ આપ કઇ દિશાભણી પધારશો ? ત્યારે માધવેન્દ્રપુરીએ આજ્ઞા કરી કે શ્રીનાથજીએ મને આજ્ઞા કરી છે કે મને ગરમી લાગે છે તેથી મને અસલ મલયાગર ચંદન લાવી સમર્પો; તેથી હું મલયાચળ પર્વત ઉપર જઈશ ત્હાંથી મલયાગર ચંદન લાવી શ્રીનાથજીને સમર્પિશ. ત્યારે રાજાએ વિનતી કરી કે સવામણ ઉકળતા તેલમાં એક તોલો ચંદન નાખવાથી તેલ શીતળ થાય એવા મારા ઘરમાં ચંદનના બે મુઠા છે. માટે તે શ્રીજીને સમર્પો અને મને શ્રીનાથજીનાં દર્શન કરાવો, તો હું પણ આપને સાથે ચાલું. માધવેન્દ્રપુરીએ આજ્ઞા કરી કે તું પુત્રને રાજ્ય સોંપી એકલો ચાલે તો તને શ્રીનાથજીનાં દર્શન થાય. ત્યારે તે રાજાએ તેમજ કર્યું. એક ચંદનનો મુઠો (જાડો અને લાંબો કકડો) માધવેન્દ્રપુરીએ

લીધો ને બીજો રાજાએ પોતાના માથા ઉપર લીધો બન્ને ગુરૂ શિષ્ય શ્રીનાથજીનાં દર્શને ચાલ્યા.

ત્હાંથી ત્રસિ ગામમાં આવ્યા. ત્યહાં પુષ્કરિણી નદીમાં સ્નાન કરિને એક બગીચામાં બેસી શ્રીનાથજીનું ધ્યાન કરે છે તે સમય શ્રીનાથજીએ જાણ્યું કે મ્હારે અર્થે માધવેન્દ્રપુરી મલયાગર ચંદન લઇને આવે છે. તેથી તેજ સ્થલમાં બગીચામાં પધારી શ્રીનાથજીએ દર્શન દીધાં તે ગ્રીષ્મઋતુનો શૃંગાર છે અને માધવેન્દ્રપુરીને કહ્યું કે તું મને ચંદન લગાડ ગરમી થાય છે, ત્યારે ચંદન ઘસીને માધવેન્દ્રપુરીએ શ્રીનાથજીને સમર્પ્યું, લીલાં નારિયલની ગરી (લીલુ કોપરૂ) અને કેળાંનો શ્રીનાથજીને ભોગ ધરયો તે શ્રીનાથજી આરોગ્યા. તે પછી માધવેન્દ્રપુરીને શ્રીનાથજીએ આજ્ઞા કરિ કે વ્રજમાં હિમાચલ સમીપ છે તેથી બારેમાસ ચંદન પ્રિય લાગતું નથી; ગ્રીષ્મઋતુમાં સુખદ થાય છે અને તમારી ઇચ્છા તો બારેમાસ ધરાવવાની છે. માટે દક્ષિણમાં સદા ગરમી રેહે છે ત્યહાં તમે સર્વદા રહો; અને નિત્ય મને ચંદન સમર્પ્યા કરો. અને આ તમારા શિષ્ય રાજાને પણ સંગ લઇ જાઓ. પરચારગી કરશે તમે ગુરૂ શિષ્ય મલયાચલ ઉપર સદા મારી સેવા કરયા કરો. ત્યહાં મ્હારૂ એક સ્વરૂપ બિરાજે છે તેને સર્વ કોઈ શ્રીહિમગુપાલ કહે છે, સર્વદા ચંદનનો વાગો પેહેરી રહે છે આસપાસ ચંદનનું વન છે ત્યહાં ઇન્દ્ર નિત્ય દર્શન કરવા આવે છે ત્યહાં તમે જાઓ. અને વ્રજમાં નિરંતર મ્હારી સેવા શ્રીગુસાંઇજી કરે છે, અને તેઓ સમયે સમયે રૂચિ રૂચિનાં વસ્ત્ર આભૂષણ સામગ્રી અને અનેક પ્રકારની સુગંધી સમર્પિને વળી અનેક પ્રકારે કરી લાડ લડાવે છે એટલી આજ્ઞા કરી શ્રીનાથજી અંતર્ધાન થયા, તે શ્રીગિરિરાજ પર્વત ઉપર પધાર્યા. અને માધવેન્દ્રપુરીએ પણ જેમ આજ્ઞા થઇ તેમ કર્યું. અર્થાત્ શ્રી હિમગુપાલજીની સદા સર્વદા સેવા કરવાં પરલોક ગયા.

માધવેન્દ્રપુરીનાં પરલોક થયાની વાત છમાસ પછી શ્રીગુસાંઇજીએ સાંભળી ત્યારે ચિત્તમાં બહુ ખેદ કર્યો. અને આજ્ઞા કરી જે માધવેન્દ્રપુરી ચંદન લઇને આવતા હતા તે મારગમાં પરલોક થયા એવા પ્રેમ લક્ષણવાળા ભક્ત હમને કયહાં મલશે. એ માધવેન્દ્રપુરીએ સંપૂર્ણ શાસ્ત્રાભ્યાસ કરીને તેનાં સારભૂત સેવા મારગને ગ્રહણ કર્યો અને શ્રીનાથજીની કૃપા એમના ઉપર ઘણીજ હતી. એવી રીતે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી ઘણો ખેદ કર્યો. ત્યારે શ્રીનાથજીએ સમાધાન કર્યું. સર્વ વૃત્તાન્ત આજ્ઞા કરી ત્યારે શ્રીગુસાંઇજી પ્રસન્ન થયા.

માધ્વવેન્દ્રપુરી તૈલંગ દેશના બ્રાહ્મણ હતા અને માધ્વ સંપ્રદાયના આચાર્ય હતા તેના શિષ્ય કૃષ્ણચૈતન્ય થયા. (તેમનીપાસેથી વિદ્યા ભણ્યા) તેને કહ્યું તમે ગૌડ દેશનો ઉદ્ધાર કરો તેથી ગૌડિયા સહુ તેના શિષ્ય અને સેવક થયા માધવેન્દ્રપુરી તો પેહેલાં સન્યાસ ગ્રહણ કરીને કાશીમાં રહેતા હતા. શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ શ્રી આચાર્યજી મહાપ્રભુને યજ્ઞોપવીત કાશીમાં આપ્યું, ત્યારે માધ્વવેન્દ્રપુરીને વિનતી કરી કે તમે આ પુત્રને વિદ્યા પઠન કરાવો; ત્યારે ચાર વેદ છ શાસ્ત્ર ચાર મહિનામાં શ્રી આચાર્યજી મહાપ્રભુ ભણ્યા । તે વખત માધવેન્દ્રપુરીને આજ્ઞા કરી કે કંઇ પણ તમે ગુરૂ દક્ષિણામાં વરદાન માગો. તે વખત તેમને શ્રીઆચાર્યજી મહાપ્રભુનું સ્વરૂપ પરબ્રહ્મ સ્વરૂપ દશ્યમાન થયું ત્યારે વિનતી કરી કે આપ શ્રીનાથજીને પ્રકટ કરશો તે આપનાં ચરિત્ર મને દિવ્ય દૃષ્ટિથી આપની કૃપાથી દેખાય છે; ત્યહાં સેવાનો લેશ કંઇક મને પણ પ્રાપ્ત થાય એજ દક્ષિણા હું માગું છું. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ આજ્ઞા કરી જ્યારે હું વ્રજમાં જઇશ અને શ્રીનાથજીને પાટ બેસાડીશ તે વખતે આપ વ્રજમાં આવો તમને હમે શ્રીનાથજીની સેવા સોંપીશું. જ્યહાં સુધી શ્રીનાથજીની ઇચ્છા હશે ત્યાં સુધી સેવા કરશો, તે પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુ સમય આવ્યે વ્રજમાં પધાર્યા અને શ્રીજીને પાટ બેસાડયા તે વખત માધ્વવેન્દ્રપુરી પણ વ્રજમાં આવ્યા ત્યારે તેમને આપે સેવા સોંપી, તે આચાર્યજી મહાપ્રભુનાં વરદાનથી શ્રીનાથજીએ ૧૪ વર્ષ પર્યંત માધવેન્દ્રપુરી પાસે સેવા કરાવી અને તેમના સંબંધથી બીજા બંગાળીઓ પાસે પણ સેવા કરાવી પરંતુ મહારસ સેવાનો અધિકાર દેખ્યો નહીં તેથી આજ્ઞા કરી મારૂ નામ સ્મરણ કરો તેથી તમારો ઉદ્ધાર થશે, અને મારી સેવા શ્રીગુસાંઇજી કરશે ॥

એ રીતે શ્રીગોવર્ધનનાથજી શ્રીગિરિરાજ ઉપર બિરાજ્યા શ્રીગુસાંઇજી સેવા કરતા અને જ્યારે શ્રીગોવર્ધનનાથજી પ્રગટ થયા ત્યારે અષ્ટ સખા પણ ભૂમિઉપર પ્રગટ થયા અષ્ટછાપ રૂપ થઇને સહુ લીલાનું ગાન કરતા હતા તેમનાં નામ કૃષ્ણ ૧ તોક ૨ ઋષભ ૩ સુબલ ૪ અર્જુન ૫ વિશાલ ૬ ભોજ ૭ શ્રીદામા ૮ એ અષ્ટ સખા આઠ છાપ રૂપ થયા તેમનાં નામનો છપ્પો શ્રી દ્વારિકાકેશજી કૃત.

छप्पय

सूरदास सो तो कृष्ण तोक परमानंद जानो
कृष्णदास सो ऋषभ छीतस्वामी सुबल बखानो ।

अर्जुन कुंभनदास चत्रभुजदास विशाला
विष्णुदास सो भोज स्वामी गोविंद श्रीदामाला।
अष्टछाप आठो सखा श्रीद्वारिकेश परमान
जिनके कृत गुन गान करी निज जन होत सुथान॥१॥

અને શ્રીગુસાંઇજીના પ્રકટ થવા વખતે પણ શ્રીનાથજીએ અનેક પ્રકારનાં ચરિત્ર વ્રજમાં કર્યાં ॥

એક કાશીનો નાગર બ્રાહ્મણ હતો તેનો વિવાહ વડનગરમાં થયો તે બ્રાહ્મણ પોતાની વહુને લઇને કાશી જતો હતો, તે સ્ત્રી શ્રીગુસાંઇજીની સેવકી હતી ત્યહાં મારગમાં શ્રીમથુરાંજી આવ્યાં તે વખત સ્ત્રીએ કહ્યું કે અહિંયાં શ્રીગોવર્ધન પર્વત ઉપર શ્રી નાથજી બિરાજે છે તે હમારા કુલ દેવતા છે તેથી તેમનાં દર્શન કરતા જઇએ. એ સાંભળીને જોકે તે સેવક તો નહોતો પણ ભગવદ્ ઇચ્છાથી તેનાં મનમાં આવ્યું અને દર્શન કરવા ગયાં. ત્યાં ભોગનાં દર્શન કર્યાં તે વખત તે સ્ત્રીએ શ્રીનાથજીને વિનતી કરી કે મહારાજ મારો હાથ શ્રીગુસાંઇજીએ આપની આજ્ઞાથી ગ્રહણ કર્યો છે માટે હું સેવકને આ દુ:સંગથી છોડાવી આપની સમીપમાં રાખો. એવી વિનતી સાંભળી શ્રીનાથજીએ પોતાના શ્રીહસ્તથી તેનો સદેહથી નિત્ય લીલામાં અંગીકાર કર્યો. ત્યારે તે બ્રાહ્મણ મરવા પડગે તેથી શ્રીગુસાંઇજીએ તેને નિત્ય લીલાનાં દર્શન કરાવ્યાં જ્યારે ગોપિકા મંડળમાં તેણે સ્ત્રીને દીઠી ત્યારે તે નાગરનો સંદેહ નિવૃત્ત થયો અને તે પણ શ્રીગુસાંઇજીનો સેવક થયો; અને નિત્ય લીલામાં પ્રાપ્ત થયો. પછી તેનો જન્મ ગાંઠચોલી ગામમાં થયો ને શ્યામ પખવાજી એ નામથી પ્રસિદ્ધ કહેવાતો. તેની એક લલિતા નામની છોકરી થઇ તે બીન ઘણી સારી વગાડતી હતી; અને શ્યામ પોતે મૃદંગ બહુ સુંદર વગાડતો, તે સાંભળવાને શ્રીનાથજી એક દિવસ ચાર પ્રહર રાત્રિ જાગ્યા. પ્રાત:કાળે શંખનાદ થયો ત્યારે નિજમંદિરમાં પધાર્યા તે જગાવતી વખત લાલ નેત્ર દેખી શ્રીગુસાંઇજીએ શ્રીજીને પૂછ્યું કે બાબા આજ રાત્રિએ જાગરણ કયહાં થયું. ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે આજ ગાંઠચોલીમાં લલિતાએ બીન વગાડી અને શ્યામે મૃદંગ વગાડ્યો ત્યારે મોટો રંગ થયો; એ સાંભળી શ્રીગુસાંઇજીએ તે શ્યામ પખવાજી અને લલિતાને બુલાવીને નામ સંભળાવ્યું અને શ્રીજીની સેવામાં રાખ્યાં. જ્યહાં જ્યહાં શ્રીનાથજી ક્રીડા કરે ત્યહાં ત્યહાં અષ્ટછાપ ગાય અને લલિતા તથા શ્યામ બજાવે ॥

જ્યારે સઘળા વ્રજવાસિઓએ સાંભળ્યું કે શ્રીદેવદમનને ગાયો ઘણી પ્રિય છે ત્યારે સહુએ મળી વિચાર કર્યો કે જેને ગાય હોય તે સર્વ અ-ક એક બબે ભેટ કરો ! અને શ્રીગિરિરાજની આસપાસ જે ચોવીસ ગામ હતાં તેમની પાસેથી સર્વ વ્રજવાસિઓએ મળીને એકેક બબે ગાય ભેટ કરાવી અને ઠરાવ કર્યો કે વીસ ગામમાં જેને ઘેર પ્રથમ ગાય વિયાય તેની પેહેલી વાછડી તો શ્રીદેવદમનને ભેટ કરે ! એ પ્રમાણે સહસ્ત્રાવધિ ગાય શ્રીજીને ભેટ થઇ ત્યારે દૂધ, દહીં, માખણ અને મહા સર્વ ઘરની ગાયોનું આરોગે ॥

પછી શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીનાં ખરચનું પ્રમાણ બાંધ્યું તે એક વ-ર્ષમાં એક લાખ (૧૦૦૦૦૦) રૂપૈયામાં સઘળી ઠોર લાડુ અને બીજી સામગ્રી આરોગવા લાગ્યા અને ઉત્સવ મહોત્સવનો પ્રકાર શ્રીગુસાંઇજીએ બાંધ્યો. વ્રજવાસિયોના ઘરથી એક દોણી દહીંની રાજભોગમાં આવે અને દૂધ દહીં સર્વે ઘરની ગાયોનું આરોગે ॥

એક દિવસ રાજભોગ પછી પ્રસાદ લેતાં એક સેવકે વ્રજવાસીઓની દોણીમાં રોટલીનો કટકો દેખ્યો. ત્યારે શ્રીગુસાંઇજીને વિનતી કરી ત્યારે શ્રીગુસાંઇજીએ ફરિને રાજભોગ ધર્યો અને વ્રજવાસિઓની દોણી બંધ કરી. અને દૂધ ઘરમાંથી એક દોણી રાજભોગમાં શિરૂ કરી ! જ્યારે બીજે દિ-વસ રાજભોગ આવ્યો ત્યારે શ્રીનાથજીએ રામદાસ ભીતરીયાને આજ્ઞા કરી કે એક દોણી વ્રજવાસિઓની ધર્યા કરો અને તમે સાવધાન થઈ જોઇને લીધા કરો પરંતુ રાજભોગમાં નિત્ય ધરવી પછી એ વિનતી રામદાસજીના મુખથી સાંભળી શ્રીગુસાંઇજીએ વ્રજવાસિઓની દોણી પાછી રાજભોગમાં ધરાવી ત્યારે શ્રીનાથજી આરોગ્યા ॥

શ્રીગુસાંઇજીએ ગુલાલકુંડના મારગમાં મ્હોટી જગો ગાયોને બાંધ-વાની કરાવી ત્યહાં સઘળી ગાયો બિરાજે, અને તેમની સેવામાં ચાર ગો-વાળ રાખ્યા તેમનાં નામ કુંભનદાસના દીકરા કૃષ્ણદાસ ૧ ગોપીનાથદાસ ૨ ગોપાળગ્વાલ ૩ અને ગંગાગ્વાલ ૪ અને જ્યારે દિવસે ગાયો ચરાવવા જાય ત્યારે શ્રીજીની સાથે સહુ ગોવાળ મંડળી જાય.

એક દિવસ પિયાવાના ઝાડ તળે શ્રીજી ગોવાળ મંડળી સાથે ખેલત હતા તે વખતે ગોપીનાથદાસ ગ્વાલે કહ્યું કે "શ્રીદેવદમન હવે તમને શ્રીગુસાંઇજી લાડુ આરોગાવે છે તેમાંથી હમારે માટે પણ લાડુ લાવ્યા કરો" ત્યારે શ્રીનાથજીએ કહ્યું 'કાલે લાવીશ' ત્યાર પછી ગોપી વલ્લભમાં

થી બીજે દિવસ લાડુ આઠ શ્રીજી ચોરી લાવ્યા અને તે વનમાં ગ્વાલ મંડળીમાં સર્વ ગ્વાલોને એક એક વેંચી આપ્યા અને બે લાડુ ગોપીનાથદાસ ગ્વાલને દીધા તેમાંથી એક લાડુ તો ગોપીનાથદાસ ગ્વાલે ખાધો અને એક બાંધી રાખ્યો. જ્યારે સાયંકાળે ઘેર આવ્યા ત્યારે સહુ ગ્વાલોએ શ્રીગુસાંઇજી પાસે દંડવત્ કરી; તે સમયે શ્રીગુસાંઇજીની પાસે ભીતરિયા ઉભા હતા અને આઠ લાડુ ઘટયા તેની ચર્ચા કરતા હતા ત્યારે ગોપીનાથદાસ ગ્વાલે લાડુ ખોલી બતાવ્યો અને કહ્યું કે "મહારાજ આ લાડુતો નહીં" ત્યારે શ્રીગુસાંઇજીએ અને બીજા સત્રળાઓએ કહ્યું આ લાડુ તે આઠમાંનો જ છે ત્યારે ગોપીનાથદાસ ગ્વાલે કહ્યું આઠ લાડુ આજે શ્રીદેવદમન લાવ્યા ત્યારે એક એક સર્વને વેંચી દીધો અને મને બે લાડુ દીધા! ત્યારે તે લાડુમાંથી શ્રીગુસાંઇજીએ એક કણિ લીધી અને સર્વ વૈષ્ણવોને કણિકા કણિકા વેંચી આપ્યો। પછી શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે ગોપીનાથદાસ ગ્વાલને બે લાડુ નિત્ય આપ્યા કરો। આ શ્રીજીનો કલેઉ છે તે એમનો નેગ છે અને સર્વ સેવકોને સેવા અનુસાર નેગ બાંધી દીધા ॥

શ્રીગિરિરાજની તળેટીમાં એક શ્રીનાથજીનું ચાવલ (ડાંગર) નું ખેતર હતું તેની બે છોકરા રખવાળી કરતા. તે એક દિવસ એક છોકરો જમવા ગયો તેને વાર લાગી ત્યારે બીજા છોકરાએ શ્રીનાથજીની ધ્વજાની સામે હાથ કરી પુકાર કર્યો અને કહ્યું કે "હે ભાઇ શ્રીદેવદમન હું તમારા ચોખાના ખેતરનો રખવાળ છઉં અને ચોકી દઉં છઉં મને ખાવાનું મોકલજો" એ સાંભળી પરમકૃપાળુ શ્રીનાથજી બે લાડુ બંટામાંથી લઇ તેને આપી આવ્યા ત્યારે ફરિથી તેમાંના બે લાડુ ઘટયા તેથી માંહોમાંહે ચર્ચા થઇ ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરી કે મે ચોખાનાં ખેતરના રખવાળને આપ્યા છે, ત્યારે તે છોકરાને શ્રીગુસાંઇજીએ આપ બોલાવીને સેવામાં રાખ્યો તેનું નામ હરજી ગોવાળ હતું હરજીનું તળાવ એ નામથી પ્રસિદ્ધ છે અને ત્યહાં નિત્ય ગાયો જળ પીએ છે।

તે પછી ફરી વ્રજવાસિયોને ત્યહાંથી એક દોણી નિત્ય રાજભોગમાં આવતી તે એક દિવસ અવેરી (મોડી) આવી માળા બોલ્યા પછી, તે રાજભોગ તો સરી ગયો તેથી તે દોણી ભોગ ન ધરી ત્યારે ખરા મધ્યાન્હકાળમાં શ્રીનાથજીએ વિચાર્યું કે મેં આજ વ્રજવાસીઓનું દહીં નથી આરોગ્યું ત્યારે એક કટોરો સુવર્ણનો મંદિરમાંથી લઇને બરોલી ગામમાં

એક શોભા ગુજરી રહેતી તેને ઘેર પધાર્યા. અને તેને કહ્યું તું મને દહીં દે. ત્યારે તેણે સુંદર દહીં જમાવીને રાખ્યું હતુ તેમાંથી દીધું તે સુવર્ણના કટોરામાં જેટલી ઇચ્છા હતી તેટલું આરોગ્યા અને સુવર્ણનો કટોરો તેનેજ ઘેર નાખીને શ્રીજી શ્યામ ઢાક (ખાખરો) પધાર્યા। ત્યહાં જલધરામાંથી જળ આરોગ્યા અને ગોપીનાથદાસ ગ્વાલ. કુંભનદાસ ગોવિન્દસ્વામી આદિ સર્વ મંડળીને જોઇ અને ગાયો પણ ચરતી જોઇ; ત્યહાં સર્વ ગ્વાલ ગંડળીથી મળીને શ્રીજી આંખ મિચામણીનો ખેલ ખેલ્યા, એટલામાં શંખનાદ થયા ત્યારે નિજ મંદિરમાં પધાર્યા અને સઘળી ગાયો વાડામાં આવી. જ્યારે મંદિરમાં સેવકોએ સુવર્ણનો કટોરો ન દેખ્યો ત્યારે આપસમાં પરસ્પર મ્હોટી ચર્ચા થઇ એટલાજ વખતમાં બરોલીથી શોભા ગુજરી કટોરો લઇને આવી શ્રીગુસાંઇજીને આપ્યો અને કહ્યું મહારાજ શ્રીદેવદમન હમારે ઘેર દહીં પીવાને આવ્યા તે વેલાએ ત્યહાંજ નાખી આવ્યા, તે હું લઇ આવી છું. આ સાંભળી શ્રીગુસાંઇજીએ પોતાના મનમાં મ્હોટો પશ્ચાત્તાપ કર્યો કે હમે તો વ્રજવાસિઓનું દહીં ન ધર્યું પરંતુ શ્રીનાથજી આરોગ્યા વિના કેમ રહે તેમને ત્યહાં જઇને પણ આરોગે છે। તે દિવસથી દોણી વેલી મંગાવીને રાજભોગમાં ધરતા.

એક દિવસ શ્રીગોવિન્દકુન્ડની વાટમાં શ્રીનાથજી ઉભા હતા ત્યહાં એક વ્રજવાસીની સ્ત્રી દહીં ભાત ભેળાં કરી પોતાના છોકરાને સારૂ ભાતું લઇ જતી હતી તેની પાસે શ્રીજીએ દહીં ભાત માગ્યો ત્યારે તેણે કહ્યું "વાસણ લાવો" ત્યારે મંદિરમાંથી શ્રીજી કટોરો લઇ ગયા તેમાં દહીં ભાત આપ્યો તે લઇ પોતાનાં મંદિરમાં આવી ખરો તાપ પડતી વેળાએ મધ્યાન્હમાં ત્યહાં આરોગી કટોરો ત્યહાંજ મુકી દીધો. જ્યારે ઉત્થાપન પછી ભીતરિયા મંદિરમાં આવ્યા ત્યહાં જુવે તો સખડીવાળો કટોરો પડયો છે; ત્યારે પાત્ર માંજનારને પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે "મેં તો માંજીને કટોરો મુકયો હતો પછીની મને ખબર નથી" પછી "શ્રીનાથજીએ શ્રી ગુસાંઇજીને આજ્ઞા કરી કે તે લચ્છો ગુજરી પેઠયોની તે પાસેથી દહીં ભાત લાવી હું આરોગ્યો છું કટોરો માંજી નાંખો" ત્યારે શ્રીગુસાંઇજીએ આપે વિચાર્યું કે હાલમાં ગ્રીષ્મ કાળ છે તેથી આપને દહીં ભાત પ્રિય છે, તેથી નિત્ય રાજભોગમાં ધરવા લાગ્યા. એ રીતે સર્વ ભોગમાં સઘળા નેગ બાંધ્યા અને શ્રીજીની ઇચ્છા અનુસાર ઋતુ ઋતુના જુદા જુદા નેગ બાંધ્યા.

એક દિવસ શ્રીજીએ ગોપાળદાસને આજ્ઞા કરી કે હું અપ્સરા કુંડ ઉપર છું, તુ શ્રી ગુસાંઇજીને જઇને કહે કે તમે દહીં ભાતનું ભાતુ લઇ વેલાસર પધારો, હમે શ્યામ ઢાક નીચે બેઠા છીએ અમને ભુખ લાગી છે, ત્યારે ગોપાલદાસે જઇને વિનતી કરી, તે સાંભળતાંજ શ્રીગુસંઇજી ભાતુ સિદ્ધિ કરીને શ્યામ ઢાક પધાર્યા, ત્યહાં શ્રીજી શ્રીબલદેવજી સહિત અને સખા મંડળી સહિત ભાતું આરોગ્યા આ લીલાનો અનુભવ કરી શ્રીગુસાંઇજી આપ બેઠકમાં પધાર્યા.

એક વખત શ્રીગુસાંઇજી ગુજરાત પધાર્યા હતા અને શ્રીનાથજીએ શ્રીગિરિધરજીને આજ્ઞા કરી કે હું તમારૂ ઘર જોવા શ્રી મથુરા આવીશ એ આશય જાણી શ્રીગિરિધરજીએ રથ સિદ્ધ કરાવી ખરાસના બેલ જોડાવી રથ દંડોતી શિલા ઉપર ઉભો રાખ્યો. ત્યારે શ્રીગોવર્ધનનાથજી શ્રીગિરિધરજી ના કંધા ઉપર ચઢી દંડોતી શિલા ઉપરથી રથમાં બિરાજ્યા. શ્રીગિરિધરજી રથ હાંકી શ્રીમથુરાજી પોતાના ઘેર પધાર્યા ત્યહાં સતઘરામાં શ્રીગુસાંઇજીને ઘેર પધરાવ્યા સંવત્ ૧૬૨૩ ના ફાલ્ગુન વદી ૭ ગુરૂવારને દિવસે પાટ બેસાડયા. એ પાટોત્સવ સાતો ઘરમાં પ્રસિદ્ધ છે અને માને છે જે દિવસ શ્રીનાથજી શ્રીગુસાંઇજીને ઘેર પધાર્યા તે દિવસ શ્રીગિરિધરજીએ સર્વસ્વ અર્પણ કર્યું એક ધોતીઉ પેહેરી આપ ઘર બહાર નીકળી ઉભા. તેમજ વહુ બેટી પણ ફક્ત એક એક સાડી પેહેરી ઉભાં રહ્યાં. દ્રવ્ય આભૂષણ અમૂલ્ય વસ્ત્રપાત્ર રથ અશ્વાદિક સહુ અર્પણ કર્યું, પરંતુ કમળા બેટીજીએ એક નથ રાખી બીજું તમામ ભેટ કર્યું ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરી "હમારી નથ લાવો" એવી રીતે સંભાળ લીધી એજ અંગીકારનું લક્ષણ છે.

પછી શ્રીગિરિધરજી આદિક સહુ શ્રીગુસાંઇજીના બાલકોએ શ્રીનાથજીને હોરી ખેલાવી તે પછી શ્રીનાથજીએ વહુ બેટીઓને આજ્ઞા કરી કે તમે મને હોરી રમાડો ત્યારે એકેકે શ્રીનાથજીને હોરી ખેલાવી ચોવાની ચોળી પહેરાવી મોહની શૃંગાર કર્યો પરસ્પર અનિર્વચનિય સુખ થયું અને ફગુવા માટે મુરલી છીનવી લીધી તે મનમાનતા ફગવા દીધા ત્યારે દીધી.

એ સમાચાર શ્રીગુસાંઇજી સાંભળી આપ ઘેર પધાર્યા ત્યારે શ્રીનાથજીએ શ્રીગુસાંઇજીને પધાર્યા જાણી શ્રીગિરિધરજીને આજ્ઞા કરી કે જો શ્રીગુસાંઇજી મને શ્રીગિરિરાજ ઉપર નહીં દેખે તો ઘણો ખેદ કરશે, તેથી મને આજને આજ શ્રીગિરિરાજ તેડી ચાલો, અને શ્રીગોપીવલ્લભ આરોગી શ્રીગિરિધરજીને

શ્રીજીએ આજ્ઞા કરી તમે રથ જલદી હાંકો આજ રાજભોગ અને શયન ભોગ એકઠા શ્રીગિરિરાજમાં આરોગીશ, એવી રીતે કહી ચાર ઘડી પાછલો દિવસ રહ્યો ત્યારે ગિરિરાજ પધાર્યા, દંડોતી શિલા ઉપર રથમાંથી ઉતરી અને શ્રીગિરિધારીજીના ખભા ઉપર ચડી નિજ મંદિરમાં પધાર્યા. ત્યંહાં કુદીને ચરણુ ચોકી ઉપર જઇ બિરાજ્યા. આ લીલા અત્યંત અલૌકિક છે. તે દિવસે નૃસિંહચતુર્દશી હતી, તે ઉત્સવ સર્વ શ્રી ગિરિરાજ ઉપર પધારીને કર્યો રાજભોગ અને શયનભોગ સાથેજ કર્યા તેથી નૃસિંહચતુર્દશીને દિવસે શયનભોગ અને રાજભોગ સાથેજ આવે છે, અને બીજે દિવસે પુનમ હતી તે દિવસ શ્રીગુસાંઇજી ગુજરાતથી પાછા શ્રી ગિરિરાજ પધાર્યા, જ્યારે એ વાત સર્વ સાંભળી ત્યારે આજ્ઞા કરી "શ્રી ગોવર્દ્ધનનાથજીને શ્રીઆચાર્યજી મહ પ્રભુએ શ્રીગિરિરાજ ઉપર પાટ બેસા-ડયા તેથી હમારા ઉપર કૃપા કરી શ્રીગિરિરાજ ઉપર દર્શન આપે એજ હમારી અભિલાષા છે" પછી શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીના કપોલનો સ્પર્શ કરી પૂછયું "બાબા શ્રીમથુરાજી શું કારણુથી પધાર્યા હતા ?" ત્યારે શ્રી નાથજીએ આજ્ઞા કરી સહુ વહુ બેટિઓને જોવા સારૂ ગયો હતો એવી રીતે પરસ્પર આજ્ઞા કરી મળીને ઘણા આનંદિત થયા !

એક દિવસ શ્રીનાથજી ગોવ ન્દસ્વામીની સંઘાતે શ્યામઢાક ઉપર રમતા હતા તે વખત મંદિરમાં શંખ નાદ થયો. તેથી શ્રીજી ઉતાવળથી પધાર્યા. તે કારણુથી કવાય (એક જાતનો ડગલો)ને ટૂક ડાળમાં અટકી રહ્યો ત્યારે શ્રીગુસાંઇજીએ ભોગ સમયે દર્શન કરી ખેદ કર્યો કે આ શું કારણુ છે !! તે વખત ગોવિન્દસ્વામીએ ત્યહાંથી આવી તે કવાયનો ટૂક શ્રીગુસાંઇજીને દીધો અને કહ્યું કે તમારો બાળક ઘણોજ અચપળો (ચંચળ) છે ત્યારે તે ટૂક લઇ શ્રીગુસાંઇજીએ કવાયમાં લગાવી દીધો અને રામદાસને આજ્ઞા કરી કે શંખનાદ થયા પછી થોડીવાર રહી જ્યારે શ્રીજી મંદિરમાં પધારે ત્યારે ટેરા ખોલ્યા કરો.

એક વખત શ્રીગુસાંઇજીએ શ્યામ વાગો કરાવ્યો તે મેલનું (જાતનું) વસ્ત્ર થોડું હતું તેથી વાગો જરા નાનો થયો જ્યારે શ્રીગુસાંઇજીએ શ્રીજીને વાગો પહેરાવ્યો ત્યારે તેજ વાગા પ્રમાણે નાનું સ્વરૂપ ધરિને અંગીકાર કર્યો ત્યારે શ્રીગુસાંઇજી ઘણાજ પ્રસન્ન થયા તે વખતે શ્રીગિરિધરજી અને શ્રીગોકુલનાથજી આગળ એક શ્લોક તે સમયની લીલાનો પ્રસન્ન થઇને કહ્યો તે શ્લોક ॥

શ્લોક.

श्यामकंचुकिनिदर्शनतो म, न्मानसे ह्यणुतरोऽपि महान्सः ॥
गोकुलैकजनजीवनमुर्ति, र्मास्यति स्वकृपयैव दयालुः ॥ १ ॥

એક વખત શ્રીનાથજી ગ્વાલિયરની છોકરી રૂપમંજરી હતી તેની સાથે ચોપડ રમવા પધાર્યા ચાર પોહોર સુધી ચોપડ રમ્યા અને બીન સાંભળી તે બીન ઘણી સારી વગાડતી હતી. ચાર પોહોર રાત ત્યહાંજ રહ્યા નંદદાસજીનો તેનો સંગ હતો તે રૂપમંજરી ગુણગાન સારૂં કરતી તેથી નંદદાસજીએ રૂપમંજરી ગ્રંથ કર્યો છે તેમાં ચોપાઇ રાખી છે:–"**रूपमंजरी प्रियाको हियो। सो गिरिधर अपनो आलय कियो**" પછી પ્રાતઃકાળે નિજ મંદિરમાં પધાર્યા ત્યારે મંગળાના દર્શન સમયે શ્રીજીનાં નેત્ર કમળ લાલ જોયાં ત્યારે શ્રીગુસાંઇજીએ પૂછ્યું બાબા આજ રાત્રિ જાગરણ ક્યહાં થયું ત્યારે શ્રીનાથજીએ સર્વ વૃત્તાંત કહ્યું કે "રૂપમંજરીને ત્યહાં ચોપડ ખેલવા ગયો હતો" ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે લૌકિક શરીરના વાસ્તે એટલી દૂર પરિશ્રમ ન કરવો અહીંયાં વ્રજ ભક્તોની સાથે સુખે ચોપડ ખેલો, તે દિવસથી મંદિરમાં ચોપડ બીછવા લાગી.

એક અલીખાં પઠાણની દીકરી બીબી તાજ હતી જેની ધમાર છે:—**निर्खन आवत ताजको प्रभु गावत होरी गीत**" તે અકબર બાદશાહની બેગમ હતી અને શ્રીગુસાંઇજી મહારાજની સેવક હતી, તેની સાથે શ્રીનાથજી આગરામાં સતરંજ ખેલતા તેની શ્રીગુસાંઇજીને ખબર પડી ત્યારે ત્યાં પધારવા મના કરી તેજ દિવસથી શ્રીગુસાંઇજીની આજ્ઞાથી સતરંજ પણ મંદિરમાં બીછાવા માંડી અને એક વખત દેશાધિપતિએ શ્રીગિરિરાજની તરહટીમાં તંબુ નાખ્યો અને મુકામ કર્યો ત્યારે તેની બેગમ તાજ શ્રીજીના દર્શને આવી તેને શ્રીનાથજીએ સાક્ષાત્ દર્શન દીધાં અને સાન કરી ત્યારે તેને અત્યંત આરતી (તાપ) વધી શ્રીનાથજીથી મળવા દોડી અને એમ બોલી કે હું "શ્રીનાથજીને મળીશ" ત્યારે વૃંદાવનદાસ ઝવેરી હતા તેની દીકરી તાજની સાથે રમતી અને તેની સખી હતી તે વૃંદાવનદાસની દીકરીએ તેને (તાજને) થોભી રાખી અને બાંહ્ય પકડી નીચે લાવી ત્યારે તરહટીમાં આવીને તેનું લૌકિક દેહ છૂટી ગયું અને અલૌકિક દેહથી શ્રીજીની લીલામાં પ્રાપ્ત થઇ, ત્યારે સહુને ભય લાગ્યો કે હવે ખબર નથી પરતી પાદશાહ શું કહેશે? પરંતુ શ્રીનાથજીના પ્રતાપથી તેણે કંઇપણ કહ્યું નહીં પણ સાંભળીને એટલું કહ્યું કે

જ્યહાંની વસ્તુ હતી ત્યહાં પહોંચી” એવી રીતે કહી દિલ્લી ચાલ્યો ગયો. એ પ્રમાણે કૃષ્ણદાસ અધિકારીએ વેશ્યાને મેળવી અને એવાં ચરિત્ર તો શેષ મહાનાગ ગણના કરે તોપણ પાર ન આવે.

બિલછૂના સામ્હે એક બારી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ રખાવી હતી તેમાંથી શ્રીઆચાર્યજી મહાપભુ ગ્વાલ મંડળીને જોતા. તે એક દિવસ શ્રીગોકુલનાથજી શૃંગાર કરતા હતા. ત્યારે બારીમાંથી તડકો આવ્યો ગ્રીષ્મ ઋતુ હતી તેથી તડકો આકરો લાગ્યો, તે બારીને આડી એક અગાસી કરાવી અને પછી શ્રીગોકુલનાથજી શ્રીગોકુલ ગયા ત્યારે શ્રીજીએ મોહના નામનાં ભંગીને આજ્ઞા કરી “તું ગોકુલનાથજીને કહે કે એ અગાસી કઢાવી નખાવો મને બિલછૂ દેખાતો નથી” એ સાંભળી તે દોડયો અડીંગની પાસે આવી શ્રીગોકુલનાથજીને વિનતી કરી કે મહારાજ નાને મ્હોડે મોટી વાત છે, શ્રીનાથજીએ આજ્ઞા કરી છે કે, તું શ્રીગોકુળનાથજીને કહે કે એ અગાસી કઢાવી નાખો મને બીલછૂ દેખાતો નથી. ત્યારે શ્રીગોકુલનાથજીએ પૂછયું કે, “શ્રીનાથજી મારૂં નામ જાણે છે !” એ રીતે કહી ગદગદ કંઠ થઇ એ ચાર વખત તેના મ્હોડામાંથી કેહેવડાવ્યું અને કહ્યું કે, “શ્રીજીએ કેવી રીતે આજ્ઞા કરી છે” પછી ત્યાંથીજ આપ પાછા શ્રીજીદ્વાર પધાર્યા અને શ્રીનાથજીને સામગ્રી આરોગાવી. ક્ષમા કરાવીને બારીની અગાસી કઢાવી નાંખી ત્યારે શ્રીનાથજી પ્રસન્ન થયા.

એક શ્રીગિરિધરજીનો સેવક કલ્યાણ જોશી વૈષ્ણવ હતો તે શ્રીજીની આગળ કીર્તન કરતો હતો. તે એક દિવસ શ્રીગિરિધરજી શ્રીનાથજીને બીડી આરોગાવતા હતા અને કલ્યાણ જોશી સામે કીરતન કરતો હતો. **“मेरे तो कान्ह हैरी प्राण सखी आन ध्यान नाहिन मेरे दुःख क हरण सुखके करन” इत्यादि** એ કીર્તન ગાતાં મનમાં વિચાર કર્યો કે “શ્રીગુસાંઇજીના અષ્ટછાપના વૈષ્ણવ કીર્તન કરતા ત્યારે શ્રીજી હસતા અને હવે હસતા બોલતા નથી” એ પ્રમાણે મનમાં સંદેહ કર્યો તે મનની વાત શ્રીજી અંતર્યામીએ જાણીને બીડી આરોગતે હસીને શ્રીગુસાંઇજીને આજ્ઞા કરી કે આ વૈષ્ણવ કીર્તન સારાં ગાય છે. એ હસવા સહિત દર્શન કલ્યાણજોશીને થયાં ત્યારે શ્રીગિરિધરજીએ આજ્ઞા કરી “ કે આ ઘટા કોના પર વરસી” પછી કારણ જાણી શ્રીગોકુલનાંથજીને આજ્ઞા કરી “ શ્રીનાથજી સદા એક રસ બીરાજે છે. આદિ મધ્ય અને અવસાન શ્રીગુસાંઇજીના આગળ શુદ્ધ પુષ્ટિ સૃષ્ટિ હતી તેથી સર્વથી સંભાષણ કરતાં બોલતા અને ખેલતા હતા હવે મિશ્રિત પુષ્ટિ સૃષ્ટિ છે તેથી સૌની સેવાનો અંગીકાર કરે

છે પરંતુ સંભાષણ શુદ્ધ પુષ્ટિ સૃષ્ટિ સાથેજ કરે છે" એવી રીતે આજ્ઞા કરીને પ્રસન્ન થયા.

શ્રીગિરિધરજી શ્રીમથુરાનાથજીનાં મુખારવિન્દમાં લીન થયા તે કેવી રીતે જ્યારે માળાનો પ્રસંગ થયો હતો ત્યારે શ્રીગોકુલનાથજીએ તો ધર્મની રક્ષા કરિ અને શ્રીગિરિધરજી શ્રીમથુરેશજીનો શણગાર કરતા હતા અને શ્રીદામોદરજી શ્રીજીની પાસે રેહેતા જ્યારે શ્રીમથુરેશજીએ બગાસું ખાધુ તેમાં શ્રીગિરિધરજી લીન થયા તે જોઇને બન્ને ભાઇ શોક કરવા લાગ્યા ત્યારે શ્રીનાથજીની આજ્ઞા થઇ કે " શોક ન કરો અને આ ઉપરણાથી લૌકિક કાર્ય કરાવો. "

ત્યારે શ્રીદામોદરજી ગાદી ઉપર બિરાજ્યા. તે વખત ત્રણ લાખ રૂપીઆ શ્રીજીની ગોલખમાં ભેટના હતા તે ભંડારીએ શ્રીદામોદરજીથી છુપાવ્યા. પછી શ્રીનાથજીએ આજ્ઞા કરી કે જાણ અજાણ વૃક્ષની નીચે ત્રણ લાખ મુદ્રા મુકી છે અને તે ભંડારીએ ચોરીને રાખી છે તેને તમે મંગાવી લ્યો. ત્યારે શ્રીદામોદરજીએ તે મુદ્રા મંગાવી લીધી. એવી રીતે શ્રીનાથજીએ દૈવી દ્રવ્ય અંગીકાર કર્યું.

એક વખત શ્રીમુરલીધરજીનો મનોરથ કટાર બાંધવાનો હતો તે ટી-કેત શ્રીગુસાંઇજીને આજ્ઞા કરી કે વિજયાદશમીને દિવસ હું કટાર ધરિશ ત્યારે તે દિવસ તેવો શૃંગાર થયો.

એક દિવસ શ્રીદામોદરજીના પુત્ર શ્રીવિઠ્ઠલરાયજી આગરે પધાર્યા ભાઇઓમાં ઝગડો હતો તે હમેશ કંકાસ દેખી ચિત્તમાં બહુ ખેદ થયો ત્યારે શ્રીજીને વિનતી કરી કે " એઓની તરફ તો પાદશાહ બોલે છે પણ મારી તરફ કોણ" ત્યારે શ્રીજીએ આપ દર્શન આપ્યાં લાલ છડી હાથમાં ધરી છે અને શ્રીવિઠ્ઠલરાયજી પાસે આપ બિરાજ્યા. મસ્તક ઉપર શ્રીહસ્ત વર્યો અને સમાધાન કર્યું અને અ આજ્ઞા કરી કે જ્યારે શ્રીગુસાંઇજી શ્રીગિરિરાજમાં પધાર્યા ત્યારે સાતો બાલકોને મ્હારી પાસે લઈ આવીને ઉભા કર્યા અને મને કહ્યું કે જેના ઉપર આપ પ્રસન્ન હો તે પાસે સેવા કરાવો. ત્યારે મેં શ્રીગિરિધરજીનો હાથ ગ્રહણ કર્યો અને જે સર્વ બાલકથી ન બને તે કરવા લાયક સામર્થ્ય શ્રીગિરિધરજીમાં છે, મને પોતાને ઘેર શ્રીમથુરાજીમાં પધરાવ્યા સર્વસ્વ સમર્પણ કર્યું અને દંડોતી શિલા ઉપરથી ખભા ઉપર ચડાવી નિજમંદિર સુધી પધાર્યા અને અડેલથી

વ્રજમાં પધારતી વેલાએ શ્રીનવનીતપ્રિયાજીનો સંપુટ પધરાવવા સારૂ શ્રી-ગુસાંઇજીનાં છએ બાલક ઉપર પધાર્યા પરંતુ કોઇથી ઉપડયો નહીં ત્યારે શ્રીગિરિધરજીએ ઉઠાવ્યો તેથી મુખ્ય સેવા તેમનીજ છે. અને વરસના ત્રણુસો સાઠ દિવસ છે તેમાં સાઠ દિવસ ઉત્સવના મુખ્ય શૃંગાર છે તે તમે કરો અને ત્રણુસો દિવસના શૃંગાર સર્વ શ્રીગુસાંઇજીના બાલક કરે; આ રીતે આજ્ઞા કરીને શ્રીનાથજી શ્રીગિરિરાજ ઉપર પધાર્યા. અને બીજે દિવસે પાદશાહે પણુ જે રીતે શ્રીનાથજીએ આજ્ઞા કરી હતી તે રીતે લખી આપ્યું અને એક લિખત શ્રીવિઠ્ઠલરાયજીએ પણુ લખી આપ્યું ત્યારે ઝગડો સઘળો મટિ ગયો શ્રીવિઠ્ઠલરાયજી આપ ઘેર પધાર્યા.

શ્રીવિઠ્ઠલરાયજી ટિપારાનો શૃંગાર શ્રીજીને ઘણો સુંદર ધરતા તે શ્રીનાથજીને અત્યંત પ્રિય લાગતો. મહિનામાં બે ચાર વખત આજ્ઞા કરિને ટિપારાનો શૃંગાર કરાવતા દર્પણુમાં સ્વરૂપ જોઇને શ્રીનાથજી બહુ પ્રસન્ન થતા. પછી એક વાર શ્રીવિઠ્ઠલરાયજી બડે શેહેર પધાર્યા ત્યારે શ્રીગુસાંઇજીના કોઇ બાલકે ટિપારાનો શૃંગાર કરવાનો મનોરથ કર્યો, ત્યારે શ્રીનાથજીએ ના કહી, જ્યારે શ્રીવિઠ્ઠલરાયજી પધાર્યા ત્યારે ટિપારાનો શૃંગાર કર્યો એ રીતે શ્રીનાથજી નિજભક્તોના પક્ષપાતી છે.

શ્રીવિઠ્ઠલરાયજીના લાલજી શ્રીગિરિધરજી તેઓ એક સમય લાહોર પધાર્યા જ્યારે ડોલ ઉત્સવને સોલ દિવસ બાકી રહ્યા ત્યારે શ્રીજીએ આજ્ઞા કરી જ્યારે તમે મને વસંત ખેલાવશો ત્યારે ખેલીશ અને એક વૈષ્ણવ લાખ મુદ્રા ભેટ કરસે તે લઇને તરત આવજો. પછી બીજે દિવસ તેટલી ભેટ આવી તેને લઇ બાર દિવસમાં શ્રીગિરિરાજ પધાર્યા ત્યારે શ્રીજીને વસંત ખેલાવ્યા તે પછી ડોલ ઝુલાવ્યા ત્યારે શ્રીજી અતિ પ્રસન્ન થયા, એ રીતે શ્રીનાથજી શ્રીગિરિધરજીનાં કહેવાથી ટીકેતોનો પક્ષપાત કરે છે અને શ્રીગુસાંઇજીના કહ્યાથી સર્વ વલ્લભકુળની સેવાની ઈચ્છા રાખે છે પરંતુ મુખ્ય સેવા ટીકેતો પાસે કરાવે છે.

એજ રીતે શ્રીગોકુલનાથજી કાસ્મીર પધાર્યા જ્યારે માળા પ્રસંગથી દિગ્વિજય કરિ ફરિ પધાર્યા તેટલામાં ફાલ્ગુન વ્યતીત થઇ ગયો તેથી શ્રીગોકુલનાથજીએ ફાગ ન ખેલાવ્યા ત્યારે શ્રીજીએ એક દૂધઘરિયા ગ્વાલ હતો તેને આજ્ઞા કરિ તું શ્રીવલ્લભને કહે જે મને વસંત ખેલાવે ત્યારે તેણે શ્રીગોકુલનાથજીને ચૈત્ર વદિ ૧૧ ને દિવસે કહ્યું. તે દીવસે શ્રીગોકુળનાથજીએ શ્રીનાથજીને વસંત ખેલાવી અને ગુલાબનાં ફુલ-

ની મંડલી થઇ આસપાસ કેન્ના માધવીની લતાનો કુંજ થયો મુકુટનો શૃંગાર થયો. આ ધમાર ગાઇ "**सदा वसंत रहे वृंदावन लता लता द्रुमडोले**" એ રીતે શ્રીજી વલ્લભકુળની સેવાની ઇચ્છા રાખે છે ॥

એક વખત શ્રીગુસાંઇજી શ્રીદ્વારિકા પધાર્યા તે મેવાડને રસ્તે થઇને પધાર્યા ત્યહાં એક સિંહાડ નામનું સ્થલ બહુ સુંદર જોઇને શ્રીગુસાંઇજીએ ચાચા હરિવંશજીને આજ્ઞા કરી આ સ્થલમાં કેટલા એક કાળ પછી શ્રીનાથજી બિરાજશે અને અમારાં છતાં તો શ્રીગિરિરાજ મુકીને પધારશે નહીં, ત્યારે શ્રીગુસાંઇજીએ બે દિવસ ત્યાંહાં ઉતારો રાખ્યો, પછી રાણા શ્રીઉદેસિંહજી દર્શન કરવા આવ્યા તેમણે સો મોહોર અને એક ગામ ભેટ કર્યું. ત્યારે શ્રીગુસાંઇજીએ પ્રસાદી વસ્ત્ર સમાધાનમાં આપ્યું તેનું ગ્રહણ કરી દંડવત્ કર્યા અને પોતાને ઘેર ગયા તે પછી તેમની રાણીઓ દર્શન સારૂં આવી તેમાં મીરાંબાઇ રાણીજીની દીકરી મુખ્ય તે પણ દર્શન કરવા આવી અને રાણાજીના કુંવરની રાણી અજબ કુંવરી હતી તેણે શ્રીગુસાંઇજી પાસે બ્રહ્મસંબંધ કરાવ્યો તેને શ્રીગુસાંઇજીનાં દર્શનથી સ્વરૂપાસકિત થઇ, જ્યારે શ્રીગુસાંઇજીએ દ્વારિકાજી પધારવાની ઇચ્છા કરી ત્યારે તેને મૂર્છા આવી ત્યારે શ્રી ગુસાંઇજીએ આજ્ઞા કરી કે અમારે અહીં રેહેવું ન બને શ્રીજી તને નિત્ય દર્શન દેશે, એ રીતે આજ્ઞા કરી શ્રીગુસાંઇજી શ્રીદ્વારિકા પધાર્યા.

ત્યાર પછી શ્રીજી શ્રીગિરિરાજથી મેવાડ પધારીને અજબકુંવરીને નિત્ય દર્શન દે અને તે સાથે ચોપડ ખેલી પછી શ્રીગિરિરાજ પધારે. એક દિવસ અજબકુંવરીએ શ્રીજીની વિનતી કરી "આપને આવતે જાતે પરિશ્રમ થાય છે તેથી મેવાડમાં બિરાજો તો મને નિત્ય દર્શન થાય" ત્યારે શ્રીજીએ આજ્ઞા કરી જ્યહાં સુધી શ્રીગુસાંઇજી ભૂમિતલ ઉપર બિરાજે છે ત્યહાં સુધી તો હું શ્રીગિરરાજને છોડીને નહિં આવું પછી મેવાડમાં અવસ્ય આવીશ અને ઘણાં વર્ષસુધી બિરાજીશ. જ્યારે ફરી શ્રીગુસાંઇજી પોતાનાં કુલમાં પ્રગટ થઇ વ્રજમાં પધરાવશે ત્યારે વ્રજમાં પધારીશ અને ફરિ ઘણાં વર્ષસુધી શ્રીગિરિરાજ ઉપર ક્રીડા કરીશ શ્રીનાથજી આ આજ્ઞા કરીને શ્રીગિરિરાજ પધાર્યા.

કેટલા એક કાળ પછી શ્રીજીને મેવાડ પધારવાની વાત યાદ આવી ત્યારે આપે વિચાર્યું જે મેવાડ તો અવસ્ય પધારવું, અને શ્રી આચાર્યજીએ તો શ્રીગિરિરાજ ઉપર પાટ બેસાર્યા છે તેથી ઘણું કરી વલ્લભ કુળ ઉદાસશે

નહીં જોરાવરીથી ઉઠવા માટે કોઇક[1] અસુરને પ્રેરણા કરવી જે મને ઉઠાવી દે " એક વખત શ્રીવલ્લભજી મહારાજને સ્વપ્ન થયું જે શ્રીજી શ્રીગિરિરાજ ઉપરથી ઉઠીને બીજે કોઇ દેશ પધારયા.

જ્યારે શયન આર્ત્તી થયા પછી સઘળા સેવક ઘેર જાય ત્યારે એક મ્લેચ્છ આવે તે ડાઢીથી જગમોહન તથા કમળચોક ઝાડે. એ રીતે બાર વર્ષ સુધી તેણે ડાઢીથી મંદિર ઝાડયું પરંતુ કોઇને ખબર ન પડી યોગ બળથી આકાશ મારગ થઇને આવે અને એજ માર્ગે થઇને જાય. એક દિવસ શ્રીગોવર્દ્ધનનાથજી તેના ઉપર પ્રસન્ન થયા. પોતાના બંટામાંથી લઇને બે પ્રસાદી બીડાં તેને આપ્યાં અને આજ્ઞા કરી બાવન વર્ષ મેં તને રાજ્ય દીધું; તું મને શ્રીગિરિરાજથી ઉઠાવી દે અને આજ પછી મારા મંદિરમાં તું આવીશ નહિં, મ્હારૂં મંદિર તો શ્રીગિરિરાજમાં ગુપ્ત થઇ જશે, ત્યારે તું ત્યાં મસીદ કરાવી દંડવત્ કર્યા કરજે, આગળ અંદર આવીશ નહિં. આ આજ્ઞા સાંભળીને યવન આગરે ગયો શ્રીજીની આજ્ઞાથી તેણે પ્રબલ (મ્હોટું) રાજ્ય કર્યું.

ત્યારે તે દેશાધિપતીએ એક હલકારો એક દિવસ શ્રીજીને દ્વા મોકલ્યો તે હલકારે આવીને શ્રીવિઠ્ઠલરાયજીના પુત્ર શ્રીગોવિંદજી હતા તેમને કહ્યું અને ટીકૈત તો શ્રીગિરિધારીજીના પુત્ર શ્રીદાઉજી હતા તે વર્ષ પંદરના બાલક હતા શ્રીગિરિધારીજીના નાના ભાઇ શ્રીગોવિંદજી હતા તે શ્રીજીને સહાંનો અધિકાર કરતા. તેથી હલકારે તેમને કહ્યું દેશાધિપતિએ કહ્યું છે કે શ્રીગોકુલના ફકીરોને કહો જે હમને કાંઇ કરામત બતાવો નહીં તો અમારા દેશમાંથી ઉઠી જાઓ. ત્યારે શ્રીગોવિંદજીએ શ્રીજીથી પૂછ્યું જે દેશાધિપતિએ કરામત માગી છે, આ મારગમાં તો આપની કૃપાજ કરામત છે; છતાં જો આપ આજ્ઞા કરો તો તેને કરામત (ચમત્કાર) બતાવું ત્યારે શ્રીજીએ કાંઇ ઉત્તર આપ્યો નહીં. ત્યારે શ્રીગોવિંદજીને બહુ ચિંતા થઇ અને વિચાર કર્યો કે શ્રીજીની આજ્ઞા વિના તો કાંઇ ચમત્કાર બતાવાય નહીં અને બતાવ્યા વિના આંહી સ્થિતિ થાય નહીં તેથી હવે શો ઉપાય કરવો.

શ્રીગોવિંદજીના મ્હોટા ભાઇ શ્રીગિરિધારીજી લીલામાં પધાર્યા હતા તેમના ઉપર શ્રીજીની મ્હોટી કૃપા હતી.

તે શ્રીગિરિધારીજીને શ્રીનાથજીએ આજ્ઞા કરી જે શ્રીગોવિન્દજી ચિંતા કરે છે તમને સ્મરણ કરે છે તેમને તમે દર્શન દઇને અમારૂં મેવાડ પધારવાનું વૃત્તાંત કહો. ત્યારે શ્રીગિરિધારીજીએ અર્ધરાત્રને સમયે શ્રીગોવિન્દજીને

---

1 અસુર, મ્લેચ્છ દેશાધિપતિ એ યવન અર્થાત્ પાદશાહ ઔરંગઝેબ.

પાસે આવીને દર્શન દીધાં, ત્યારે શ્રીગોવિન્દજીએ એક ચોકી વિછાવી દીધી તે ઉપર આપ બિરાજ્યા, ત્યહાં પ્રથમ તો એક શ્લોક નવરત્નનો કહ્યો ॥

चिंता कापि न कार्या, निवेदितात्मभिः कदापीति ॥
भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकींच गतिं॥१॥

પછી આ આજ્ઞા કરી જે શ્રીજીને એવી ઇચ્છા છે કે ઇહાં ગુપ્ત ક્રીડા કરશે અને શ્રીઆચાર્યજીએ શ્રીજીની જન્મપત્રિકાબનાવીઅને શ્રીગોપાળ એ નામ ધરયું તેથી ગાયોની રક્ષા કરવા પધારશે, આ મ્લેચ્છ તો મિશ અર્થાત્ નિમિત્ત માત્ર છે, પ્રથમના વૈષ્ણવોનો જ્યહાં મનોરથ પૂર્ણ નથી થયો ત્યહાં તેમનો મનોરથ સિદ્ધ કરવાને શ્રીજી પધારસે, તેથી રથ સિદ્ધ કરો કાલે સર્વસિદ્ધા ત્રયોદશી છે, તેથી એક ઘડી દિવસ પાછલ્યો રહે તે સમયે શ્રીજી વિજય કરશે તેથી બીજો ચમત્કાર કાંઇ દેખાડવો નહીં, જેવી ઇચ્છા હોય તેમ કરવું, જ્યહાં જ્યહાં આપ ઇચ્છા કરી પધારે તેજ અનુસાર ચાલ્યા કરો, અને બુઢા બાબુ મહાદેવ મસાલ લઇને આપના રથની આગળ ચાલશે તે રાત્રે તો આગરા સુધી પધારશે, પછી આગળ દિવસના પધારશે એવડા ડેરા માર્ગમાં જોઇએ તે મગાવો અને જે ઇચ્છા હશે તે ગંગાબાઇને આજ્ઞા કરશે તે તમે ગંગાબાઇને પૂછી લીધા કરજો. અને વ્રજવાસિઓ સ્પર્શ કરશે અને ગાળો દેસે ત્યારે રથ ચાલશે તેમજ જ્યારે વ્રજવાસિઓ ગાળો દેસે ત્યારે શ્રીજી ઉઠસે એમ આજ્ઞા કરી શ્રીગિરિધારીજી શ્રીજી પાસે શય્યા મંદિરમાં પધાર્યા. ॥

સવારે રાજભોગ આરતી વેળાસર થય, રથને તૈયાર કરાવી અને શૃંગાર કરિ રથ સિદ્ધ કર્યો અને ખરાસના બળદ રથમાં જોતરી દંડોતી શિલા ઉપર લાવીને ઉભો રાખ્યો ત્યાર પછી મિસ્તરીને બોલાવી સઘળા ઉપચાર કરાવ્યા અને શ્રીગોવિન્દજી તથા શ્રીબાળકૃષ્ણજી અને શ્રીવલ્લભજી ત્રણે ભાઇઓએ મળીને સાંષ્ટાંગ દંડવત્ કરી વિનતિ કરી અને સઘળા શ્રીગોસ્વામી અને સર્વ સેવક મળીને રથ ઉપર પધરાવે તો પણ આપ ઉઠે નહીં, ત્યારે વ્રજવાસિઓને બોલાવ્યા જ્યારે વ્રજવાસિઓએ આવીને ગાળો આપીને કહ્યું કે ઉઠીસ કે નહીં આમ તેમ, કેમ આંઇ મ્લેચ્છ કનેજ બધાઓનાં માથાં કપાવીશ, આ વાત સાંભળી શ્રીજી અત્યંત હસ્યા અને પ્રસન્ન થઇ આસનથી તરત ઉઠયા અને રથમાં આવીને બિરાજ્યા. મિતિ આસો સુદી ૧૫ શુક્રવાર સંવત્ ૧૭૨૬ (ગુજરાતી ૧૭૨૫) ના પાછલે પોહોરે શ્રીવલ્લભજી મહારાજે પડ્યો સિદ્ધ કરાવ્યો અને આરોગાવ્યો પછી રથ

હાક્યો તે ચાલે નહીં ત્યારે સર્વ શ્રીગોસ્વામીઓએ વિનંતી કરી ત્યારે શ્રીજીએ આજ્ઞા કરી કે " ગંગાબાઇને ગાડીમાં બેસાડીને સાથે લઇ ચાલો રથની પાછળ ગાડી ચાલી આવે " ત્યારે ગંગાબાઇને તત્કાળ લઇ આવ્યા તેમની ગાડી શ્રીજીના રથ પાછળ પાછળ ચાલે જ્યહાં રથ અટકે ત્યાં સઘળા સાથે મળીને ગંગાબાઇને પૂછે ત્યારે સઘળું વૃત્તાંત ગંગાબાઈ કહે; એ રીતે એક રાત્રમાં આગરે પધાર્યા. બુઢા બાબુ મહાદેવે આગળ પ્રકાશ કરતે પધરાવ્યા; આગરામાં આપની હવેલી હતી ત્યાં પધાર્યા ।।

ગિરિરાજ ઉપર બે જળઘરિઆ શ્રીજીના સેવક જળ ભરતા તે જે સમયે દેશાધિપતિનો મિસ્તરી મંદિર પાડવાને આવ્યો તે વખતે તેની સાથે ૨૦૦ મ્લેચ્છ હતા તેઓને તે જળઘરિયાઓએ સિંહપોરની અંદર આવવા ન દીધા ને લઢ્યા; તે સઘળા મ્લેચ્છોને માર્યા અને મિસ્તરીને છોડી દીધો કે જે જઇને ખબર કરશે અને બીજા મ્લેચ્છોને લાવશે તો તેને મારીશું ! એવો તેમને આવેશ આવ્યો હતો કે હાથમાં તલવાર લઇ સિંહપોર ઉપર છ મહિના સુધી ઉભા રહિ શકે. પરંતુ તેમને ભૂખ કે તરસ બાધા ન કરે; તેમણે દોઢ મહિના સુધી મંદિર પાડવા ન દીધું. પછી બીજે ।ગસ્તરી ૧૭ વખત પાંચસો સાતસો મ્લેચ્છો લઇને આવ્યો, પરંતુ તે બન્ને ભાઇઓએ સઘળાઓને મારી નાંખ્યા; ત્યારે દેશાધિપતિએ વજીરને હુકમ દીધો ત્યારે તે વજીર પોતાની સાથે ઘણા મ્લેચ્છ લઇને ચડયો, ત્યારે શ્રીજીએ વિચાર્યું જે આ બન્ને ભાઇઓમાં એવો આવેશ આવ્યો છે કે સઘળા મ્લેચ્છોને મારશે તેથી એમને દર્શન દેવું; ત્યારે આગરેથી પધારીને સિંહપોર ઉપર તે બન્ને ભાઇઓને દર્શન દીધાં; અને આજ્ઞા કરી કે " તમારામાંતો શ્રીગિરિધારીજીએ એવો આવેશ ધર્યો છે જે બધા મ્લેચ્છોને મારી નાખો પરંતુ મ્હારી ઇચ્છા નથી. હમણાં મેં જ્યહાં ત્યહાં ભકતોને વચન દીધાં છે તે પ્રથમ તે તે સ્થળોમાં જઈશ, તે ભક્તોના મનોરથ સિદ્ધ કરી કોઇ એક કાળે વ્રજમાં પધારીશ ત્યારે સઘળું કાર્ય થશે, તમે મ્હારી લીલામાં આવો, યુદ્ધ ન કરો. " એમ કહી શ્રીનાથજી આગરે પધાર્યા.'' પછી શ્રીજીની ઇચ્છાથી તે બન્નેની દિવ્યદષ્ટી થઇ ત્યારે બન્ને જણાઓએ સંપૂર્ણ શ્રીગિરિરાજ રત્નમય જોયો અને શ્રીગિરિરાજમાં અનેક મંદિરો રત્નમય જોયાં. તેમાં આ મંદિર પણ રત્નમય દીઠું અને શ્રીગિરિરાજમાં લીન થતું દીઠું અને બહારનો દરવાજો જયહાં નગારખાનું કેહેવાય છે ત્યહાં એક મસીદ દીઠી, ત્હાં મ્લેચ્છ દીઠો, તે પોતાની ડાઢી

વતી મંદિર ઝાડયા કરે; જ્યારે તેઓ બન્ને ભાઇઓને શ્રીજીની ઇચ્છાનું સંપૂર્ણ જ્ઞાન થયું ત્યારે શસ્ત્ર ફેંકી દીધાં અને લૌકિક શરીરને છોડીને શ્રીજીની લીલામાં પ્રાપ્ત થયા ! એ બન્ને ભાઇઓનાં નામ એકનું તો સેવા અને બીજાનું સભા એવું હતું

ત્યાર પછી અઢારમી વાર સુતાર અને મિસ્તરી પાદશાહના નવાબની ફોજ સાથે લઇને શ્રીગિરિરાજ આવ્યા અને જોયું તો શ્રીજીનું મંદિર તો ક્યાંય દેખાય નહીં ત્યારે ત્યહાં મસીદ બનાવી ચાલ્યા ગયા.

શ્રીનાથજી જ્યારે શ્રીગિરિરાજથી આગરામાં પધાર્યા ત્યારે પાછલી છ ઘડી રાત્ર રહી હતી. દરવાજા સઘળા ખુલ્લા જોયા. ચોકીવાળા સઘળા નિદ્રાવશ હતા, તેથી કોઇને ખબર પડી નહીં. સામેજ શ્રીનાથજી આપની હવેલીમાં પધાર્યા. આપ રથમાંથી ઉતરી હવેલીમાં એક સ્થળ હતું ત્યહાં બિરાજ્યા અને આજ્ઞા કરી જે અહિં અન્નકુટ ઉત્સવ કરીને આગળ ચાલશું. જે સમયે શ્રીજી આગરામાં પધાર્યા તે સમયે દેશાધિપતિ કાંકરાના બિછાનામાં પોતાની મસીદમાં સુતો હતો, ત્યહાં શ્રીનાથજીએ જઇને તેની પીઠમાં એક લાત મારી અને સ્વપ્નમાં આજ્ઞા કરી જે "આજ હું આગરામાં આવ્યો છું. તું અમારૂં શું કરી શકે છે હુંજ મ્હારી ઇચ્છાથી ઉઠયો છું." ત્યારે મ્લેચ્છ જાગી ઉઠયો પણ શ્રીજીને દેખે નહીં પીઠમાં લાત મારી તેથી ચરણકમળનું ચિન્હ ઉપસી આવ્યું તે દીઠું જયહાં સુધી જીવ્યો ત્યહાંસુધી ચિન્હ રહ્યું પરંતુ કોઇને કહ્યું નહીં. મનની વાત મનમાંજ રાખતો. શ્રીજીનું આરાધન સદા કરતો એ રોટી જવની અને ભાજીનું શાક ખાતો પથારી ઉપર સૂતો એવી તપસ્યા શ્રીજીનાં દર્શન માટે કરતો હતો.

આ વખતે શ્રીગોવિન્દજી બંન્ને ભાઇ સહિત શ્રીજીની સંગે પધાર્યા ત્યારે શ્રીનવનિતપ્રિયજી શ્રીગોકુળમાં બિરાજતા હતા ત્યાં તેમને પધરાવવા સારૂં મનુષ્ય મોકલ્યાં અને આજ્ઞા કરી જે "શ્રીદાઉજી મહારાજને તથા વહુ બેટીઓને પધરાવીને આગરે તેડી આવો અને મુખિયા ભીતરિઆ વિઠ્ઠલ દુવેજીને કહી આવો કે તમે શ્રીનવનીતપ્રિયજીને પધરાવીને આગરે આવો" પછી વિઠ્ઠલ દુવેએ સ્નાન કરિ શંખનાદ કરિ શ્રીનવનીતપ્રિયજીને જગાવ્યા, તે સમયે રાત્રિ પ્રહર ગઈ હતી અને શ્રીનવનિતપ્રિયજી આપ નિદ્રામાં હતા તે સમયે દુવેજીએ શ્રીનવનીતપ્રિયજીની પાસે બહુ વિનતી કરી પરંતુ જાગ્યા નહીં ત્યારે હાથથી પકડી પધરાવવા લાગ્યા તો પણ શ્રીનવનીતપ્રિયજી ન ઉઠયા ત્યારે દુવેજીએ જાણ્યું જે આપની ઇચ્છા ઉઠવાની નથી. હવે તો

સવારે વાત. તે એમ કહીને ચોકમાં રાત્રિના સૂઇ રહ્યા, જ્યારે ઘડી ચાર રાત્રિ રહી તે સમયે ફરી શુદ્ધ સ્નાન કરી અપરસમાં કાંઇક સામગ્રી સિદ્ધ કરી ત્યારપછી શ્રીનવનીતપ્રિયજીને જગાડયા ત્યારે જાગ્યા. કાંઇ એક મંગળ ભોગ ધરીને ફરી શૃંગાર ભોગ ધરી મ્યાનામાં પધરાવ્યા, ત્યારે બે ચાર ભીતરીઆ અને જળઘરિઆ સાથે હતા તેમની સાથે દુવેજીએ મ્યાનો ઉઠાવ્યો. અને આગરે પધરાવ્યા, રસ્તામાં પોહોર દિવસ ચડે ગૌઘાટ પોહોચ્યા ! પછી શ્રીગુસાંઇજીના તૃતીય પુત્ર શ્રીબાળકૃષ્ણજી તેમના પૌત્ર શ્રીવ્રજરાયજી તેમને શ્રીનવનીતપ્રિયજીનું પ્રથમ વરદાન થયું હતું "જે એક દિવસ રાજભોગ તારા હાથથી આરોગીશ" એવી આજ્ઞા થઇ હતી તેનો પ્રકાર લખીએ છીએઃ—

શ્રીગુસાંઇજીના વખતમાં એવી રીત હતી કે જ્યારે શ્રીનવનીતપ્રિયજી પોઢે ત્યારે સઘળા શ્રીગોસ્વામી તથા ભીતરિઆ બાહેર આવે, ત્યાર પછી સાતે બાળકોનાં ઘરની વહુ બેટી ચરણસ્પર્શ કરે. તે શ્રીબાળકૃષ્ણજીના પુત્ર શ્રીપીતાંબરજી તેમનાં વહુજી તેમણે સઘળાઓથી પાછળ ચરણસ્પર્શ કર્યા ત્યારે શ્રીનવનીતપ્રિયજીએ તેમને આજ્ઞા કરી "હું ત્હારે ઘેર ચાલીશ" ત્યારે ચોળીમાં છુપાવીને શ્રીનવનીતપ્રિયજીને પોતાને ઘેર પધરાવી લઇ ગયાં. તે ચાર પહોર રાત્રિ તેમને ઘેર બિરાજ્યા જ્યારે ચાર ઘડી શેષ રાત્રિ રહી ત્યારે વહુજીને શ્રીનવનીતપ્રિયજીએ આજ્ઞા કરી જે હવે મુને શ્રીગુસાંઇજીના ઘરમાં પધરાવી આવો. જો શ્રીગિરિધારીજી મુને મંદિરમાં નહિ દેખે તો ખેદ કરશે. તે વખતે શ્રીગિરિધારીજી તથા શ્રીગોકુળનાથજી શ્રીનવનીતપ્રીયજીને જગાડવાને પધાર્યા ત્યારે શય્યા ઉપર શ્રીનવનીતપ્રિયજીને ન દીઠા ત્યારે બન્ને ભાઇઓએ પોતપોતામાં કહ્યું જે આ શું ? ત્યારે શ્રીગિરિધારીજીએ આજ્ઞા કરી કાંઇ એક કારણ છે. શ્રીગુસાંઇજીએ હમારાં ઉપર શ્રીનવનીતપ્રિયને પધરાવ્યા છે તે બીજે કયાંય પધારશે નહિં. એમ કહીને બન્ને ભાઇ આપની ડોળ તિબારીમાં બિરાજ્યા અને શ્રીગુસાંઇજીનું ધ્યાન પણ હૃદયમાં કરે છે. હવે ઇહાં શ્રીનવનીતપ્રિયજીએ શ્રીવહુજીને ફરી આજ્ઞા કરી હમને શીઘ્ર લઇ ચાલો ત્યારે શ્રીવહુજીએ ફરી શ્રીનવનીતપ્રિયજીને વિનતી કરી જે મહારાજ હમારે ઘેર રાજભોગ આરોગીને પધારો ત્યારે શ્રીનવનીતપ્રિયજીએ ના કહી અને શ્રીમુખથી આજ્ઞા કરી કે "આગળ કોઇ દિવસ પછી તારા લાલજી વ્રજરાયજીનાં હાથનો રાજભોગ એક દિવશ આરોગીશ હવણાં મુને શય્યા ઉપર પધરાવીને તુ ચાલી આવ. તુને કોઇ દેખશે નહીં." ત્યારે શ્રીવહુજીએ એમજ કર્યું. શ્રીનવનીતપ્રિયજીને મંદિરમાં લઇ જઇ શય્યા ઉપર

પધરાવીને આપ આપને ઘેર ગયાં ત્યાર પછી શ્રીગિરિધરજીએ મંદિરમાં જઇને શ્રીનવનીતપ્રિયજીને જગાવ્યા ત્યાર પછી શ્રીનવનીતપ્રિયજીને મંગલાભોગ ધર્યો.

એ વરદાન શ્રીવ્રજરાયજીને યાદ હતું તે આગરે શ્રીનવનીતપ્રિયજીને પધારતા જાણીને મધ્યમાં ગાંધાટની ઉપર રસોઈ રાજભોગ સિદ્ધ કરી રાખી અને આપ મારગના વચમાં ઉભા રહ્યા. તે શ્રીનવનીતપ્રિયજીનો મ્યાનો દેખ્યો ત્યારે વિઠ્ઠલ દુવેને કહ્યું કે દુવેજી શ્રીનવનીતપ્રિયજી ભુખ્યા છે ને રાજભોગ મેં કરી રાખ્યો છે તો હવે તો શ્રીનવનીતપ્રિયજી રાજભોગ આરોગિને પધારશે. પછી તે સ્થલ ઉપર શ્રીનવનીતપ્રિયજીને પધરાવી લાવ્યા અને ત્યહાં રાજભોગ લાવી ધર્યો. શ્રીનવનીતપ્રિયજી ભોગ સારી રીતે આરોગ્યા જ્યારે રાજભોગ સરાવવાનો સમય થયો ત્યારે શ્રીવ્રજરાયજી તો શ્રીયમુનાજી પોતાનાં મનુષ્યોને લઇને પધાર્યા ત્યાર પછી દુવેજીએ શ્રીનવનીતપ્રિયજીને બીડાં આરોગાવી અને આચમન કરાવી શ્રીનવનીતપ્રિયજીને મ્યાનામાં પધરાવ્યા અને જલદી સવારી આગરે ચાલી તે પોહોરેક રાત્રિ ગયે શ્રીનાથજી જે હવેલીમાં બિરાજતા હતા ત્યહાં જઇ પોહોંચ્યા. ત્યાં શ્રીગોવિન્દજી, શ્રીબાળકૃષ્ણજી, શ્રીવલ્લભજી, શ્રીદાઉજી અને સમસ્ત વહુ બેટીઓનાં ખેદયુક્ત ચિત્ત હતાં. તે શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરિને અત્યંત પ્રસન્ન થયાં અને શ્રીનવનીતપ્રિયજીને ઉત્થાપન ભોગ અને શયન ભોગ કરીને શય્યા ઉપર પોઢાવ્યા. ત્યાર પછી શ્રીગોવિન્દજીએ દુવેજીને બોલાવી આજ્ઞા કરી તમે અમારા સર્વસ્વ શ્રીનવનીતપ્રિયજીને પધરાવી લાવ્યા તેથી તમે કાંઇ વરદાન માગો ત્યારે દુવેજીએ વિનતી કરી " જે મહારાજ અમારા વંશમાં શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજીની સેવા ન છૂટે " આપે આજ્ઞા કરી એમજ થાશે અમારા વંશનો જે હશે તે તમારા વંશને પીડ દેશે નહિ. ॥

અને હવે શ્રીગોવિન્દજીએ દેશાધિપતીના હલકારાઓને આજ્ઞા કરી જે "જ્યહાં સુધી હમો અન્નકૂટનો ઉત્સવ આગરામાં કરિએ ત્યાંસુધી તમે પાતશાહને ખબર કરશોમાં " એઓ હલકારા સર્વ આપના સેવક હતા જ્યહાં સુધી અન્નકૂટનો ઉત્સવ થયો ત્યહાં સુધી ખબર ન કરી, પછી ગુપ્ત અન્નકૂટ થયો ભાતને ઠેકાણે ખીલ (ધાણી) કરીને ધરી અને સમયાનુસાર યત્કિંચિત્ પકવાન્ન તથા સામગ્રી સઘળી થઇ અને ગુપ્ત શ્રીગોવર્દ્ધન પૂજા કરી આ પ્રમાણે વિધિપૂર્વક અન્નકૂટ થયો ॥

અન્નકૂટ થયા પછી શ્રીનાથજીએ ગંગાબાઇને આજ્ઞા કરી " હવે અમે

દંડોતીદ્વાર ઉપર ચાલીશું આજેજ તૈયારી કરજો " ત્યારે ગંગાબાઇએ શ્રીગોવિન્દજી મહારાજને કહ્યું શ્રીજીને રથમાં પધરાવો ત્યારે શ્રીગોવિન્દજીએ શ્રીનાથજીને રથમાં પધરાવ્યા ત્યારે દંડોતીઘાટ ઉપર ચાલ્યા તે રાજભોગ આરતી કરીને વિજય કર્યો ત્યારે દરવાજાના મ્લેચ્છ દ્વારપાળ બેઠા હતા તેમણે કાંઇ દેખ્યું નહી આંધળા થઇ ગયા એ રીતે કરતાં મજલ ઉપર ઘડી છ દિવસ રહ્યો ત્યારે પહોચ્યા. ત્યહાં મુકામ કર્યો તે ત્યહાં ઉત્થાપનથી પછી શયન સુધીની સેવા થઇ પછી શ્રીજી સુખથી પોઢયા.

બીજે દિવસે હલકારાઓએ પાદશાહને ખબર આપી કે " સાહેબ ગિરિરાજથી જે દેવ ઉઠયા હતા તે રાત્રિનો એક હવેલીમાં તેનો મુકામ થયો. સવારમાં ફરિ શી ખબર કે કયાં ગયા તે કાંઇ ખબર પડતી નથી" આ સાંભળીને પાદશાહે કહ્યું જે એજ હવેલીમાં તમને ખબર કઇ રીતથી થઈ ત્યારે તેઓ હલકારાઓએ કહ્યું જે સાહેબ તે હવેલીને આસપાસ પાતળ દુના ઘણાજ વિખરેલા પડયા છે અને પરનાળાનું પાણી ઘણુંજ ચાલ્યું છે તેથી જણાય છે જે ગોકુળવાળાઓવિના આટલું પાણીનું અને દુના પાતળનું ખરચ બીજાઓમાં થતું નથી. આ સાંભળી પાદશાહ પોતાના મનમાં હરખ્યો અને તે હલકારાઓને કહ્યું જે તેમને આગરામાં આવે ઘણા દિવસ થયા અને આજ તેમને ચાલે પણ ત્રણ દિવસ થયા જે સમયે આગરામાં આવ્યા હતા તેજ વખત મેં જાણ્યું પણ હું શું એમનો દુશમનછું. મને તો હુકમ કર્યો તે મેં કરી આપ્યું હવે એમની ઇચ્છા હોય ત્યહાં ખેલે અને તમે કોઇની પાસે કેહેશોમાં જો મૂલ્લાં* સાંભળશે તો પાછળ જશે.

એ મુલ્લાં પાદશાહદ્વારા દેવતાઓ પાસે કરામત માગતો તે જ્યારે કરામત મળતી નહીં ત્યારે તે પોતે જઇ દેવતાઓને ખંડિત કરતો પાંચસો મ્લેચ્છ તેની સાથે રેહેતા અને જ્યારે તેણે આ વાત સાંભળી જે ગિરિરાજના દેવ દંડોતીદ્વાર સુધી ગયા ત્યારે તે ઘણા મ્લેચ્છ સાથે લઇને પાછળ ચાલ્યો ત્યારે પાદશાહે ના કહી જે ફકીર સાહેબ તમે જાઓ માં એ દેવ કરામતી છે. આપના શોખથી ઉઠયા છે. મેં ઉઠાવ્યા નથી. આ સાંભલીને તે મ્લેચ્છે પાદશાહનું કહ્યું ન માન્યું ને શ્રીજીની પાછળ એ તુરક ગયો.તે દિવસ શ્રીજીનો રથ ચંબલ નદીને પાર ઉતર્યો અને એક પોહોર દિવસ રહ્યો ત્યહાં રથ અટકયો ત્યારે શ્રીગોવિંદજીની પ્રેરણાથી ગંગાબાઇએ શ્રીજીથી પુછયું જે બાબા શી ઇચ્છા છે ત્યારે શ્રીજીએ કહ્યું જે ઉત્થાપન

---

* મ્લેચ્છ, તુરક, અને મૂલ્લા અર્થાત્ મુલ્લા સાહેબ.

કરો આજ હમે ચંબલના તીર ઉપર રહીશું. એટલામાંજ તે તુરક ચંબલના સામા તીર ઉપર આવી ઉભો રહ્યો અને શ્રીગોવિન્દજી તો ઉત્થાપનની તૈયારી કરાવતા હતા. તે મ્લેચ્છોને દેખીને ચિત્તમાં ઉદ્વેગ થયો ત્યારે ગંગાબાઇને કહ્યું જે શ્રીનાથજીને પુછો જે પાર મ્લેચ્છ આવ્યા છે. ઉત્થાપનની શી આજ્ઞા છે? ત્યારે ગંગાબાઇએ શ્રીનાથજીને એમજ પુછ્યું ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે ઉત્થાપન જલદી કરો તમને મ્લેચ્છોનો શ્યો ભય છે જે આવશે તેને હમે સમજી લઇશું. ત્યારે શંખનાદ થયો. સઘળાઓ નિઃશંક થઇને સેવા કરવા લાગ્યા. અને યવન પાર ઉભા હતા તેમણે શ્રીગોવર્ધનનાથજીનો રથ દેખ્યો તે મ્હોટા પર્વત જેવડો દેખ્યો અને શ્રીનાથજીની સાથે મનુષ્યો હતાં તે મ્હોટા મ્હોટા સિંહ દીઠા. માણુસનું સ્વરૂપ કોઇનું ન દીઠું ત્યારે સઘળાઓને સિંહાદિક જોઇને તેઓ મ્લેચ્છ પોત પોતામાં વાતો કરવા લાગ્યા જે આ તો સઘળા સિંહજ દેખાય છે એનામાં કોઇ માણુસ તો નજરે દેખાતું નથી । અને વ્રજવાસી પોતપોતામાં બોલે તે એ મ્લેચ્છોને સિંહના સરખી ગર્જના સંભળાય ત્યારે એક બીજામાં કહેવા લાગ્યા જે આ ઠામેથી જલદી ભાગો, નહીં તો આ સિંહ ઘુરકે છે તે આપણુને ખાવાને સારૂં ચાલ્યા આવશે એટલામાં જળઘરિઆ ચંબલ નદી ઉપર જળ ભરવાને આવ્યા તથા વાસણ માંજનારા પાત્ર માંજવાને આવ્યા તેમને દેખીને એ મ્લેછોએ કહ્યું જે આ સિંહો આપણુને ખાવાને આવે છે તેથી હવે આંહિથી જલદીજ ભાગીને ચાલો નહીં તો સઘળાઓને ખાઇ જશે એમ કહિને ત્યહાંથી તે સર્વ ભાગ્યા તે એવા ભયથી ભાગ્યા જે કોઇનાં વસ્ત્ર પડી ગયાં કોઇના ઉપર કોઇ પડતા પડતા જેમ તેમ કરી એક રાત્રિમાં આગરે આવ્યા ત્યારે તે મુલ્લાએ પાદશાહને કહ્યું જે તે દેવ મ્હોટા કરામતી છે હમે પોતાનું શરીર બચાવી મુસ્કેલીથી ભાગી આવ્યા છૈએ. આજ પછી તે દેવનું નામ નહિં લઉં ત્યારે પાદશાહે કહ્યું મેં તો તમને પેહેલાંજ ના કહી હતી જે આ દેવ મ્હોટા કરામતી છે તમે તેમનાં ઉપર કેમ ચડી ગયા.

બીજે દીવસે શ્રીનાથજીએ ગંગાબાઇને આવી આજ્ઞા કરી કે શ્રીગોવિન્દજીને કહો મુો ફરી પાછી ચંબલ ઉતરાવીને દંડોતીધાર ઉપર લઇ ચાલો પછી ત્યહાં કૃષ્ણપુર ગામ છે ત્યહાં શ્રીજી બિરાજ્યા

એક સમય શ્રીગુસાંઇજીએ પ્રથમ જન્માષ્ટમીને દિવસ શ્રીબાળકૃષ્ણજી ત્રીજા પુત્રને શ્રીયશોદાજીનો વેશ ધરાવ્યો હતો તે શ્રીગોકુળમાં શ્રીનવની-

તપ્રિયજીનાં મંદિરમાં નંદમહોત્સવને દિવસે બહુ ભાવવૃદ્ધ થઇને શ્રીબાળ-કૃષ્ણજીએ શ્રીનવનીતપ્રિયજીનું પાલનું ઝુલાવ્યું અને આ કીર્તનની તુક ગાઈ " **बहुर लये जननी गोद अस्तन चले चुचाई । तुम व्रजरानीके लाला**" અને તે સમયે શ્રીબાળકૃષ્ણજીનાં સ્તનમાંથી દૂધની ધારા ચાલી તે વખતે શ્રીનવનીતપ્રિયજીને પારણામાંથી ગોદમાં લીધા । ત્યારે શ્રીગુસાંઇજીએ હાથ પકડીને શ્રીનવનીતપ્રિયજીને પાછા પારણામાં પધરાવ્યા અને એવું જાણ્યું જે શ્રીબાળકૃષ્ણજી ભાવવૃદ્ધ બહુ થયા છે એમનામાં શ્રીમાતૃચરણનો આવેશ આવ્યો છે ત્યાં શ્રીગુસાંઇજીએ બહુ પ્રસન્ન થઇને કહ્યું. " કાંઇએક વરદાન માગો " ત્યારે શ્રીબાળકૃષ્ણજીએ વરદાન માગ્યું જે મહારાજ મુને પ્રતિજન્માષ્ટમી આવોજ આવેશ રહે અને કાંઇએક દિવસ શ્રીનાથજીની સેવાની પ્રાર્થના છે " ત્યારે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી જે દરએક જન્માષ્ટની તમને એવોજ આવેશ રેહેશે અને શ્રીનાથજીની સેવામાં તો શ્રીગિરિધરજીનો અધિકાર રહેશે કેમ જે શ્રીનાથજીએ શ્રીગિરિધરજીનો હાથ પકડયો છે અને આગળ કોઇએક કાળ પછી શ્રીનાથજી દેશાંતર પધારશે ત્યારે તમારા પૌત્રના પુત્ર વ્રજરાયજી સત્તાવીશ દિવસ શ્રીનાથજીની સેવા કરશે પછી અઠ્ઠાવીસમે દિવસ શ્રીગિરિધરજીના વશમાં શ્રીગોવિન્દજી થશે તે પાછી છોડાવી લેશે આ વરદાન શ્રીબાળકૃષ્ણજીને શ્રીગુસાંઇજીએ દીધું હતું.

તે શ્રીબાળકૃષ્ણજીના પુત્ર શ્રીપીતાંબરજી થયા તેમના શ્રીસ્યામળજી થયા તેમના શ્રીવ્રજરાયજી થયા તે શ્રીવ્રજરાયજી પાદશાહની સાથે ઘણું રેહેતા તે એક દિવસ પાદશાહ પ્રસન્ન થયો ત્યારે કહ્યું "કે શ્રીવ્રજરાય તમે કાંઈ માગો તમે મ્હારી ચાકરી ઘણી કરી છે ચાર વરસ થયાં તમને મ્હારી પાસે રેહેતાં થયાં છે. ત્યારે શ્રીવ્રજરાયજીએ કહ્યું જે શ્રીગિરિરાજથી દેવ ઉઠયા છે. તેમની સેવા હું કરૂં ત્યારે પાદશાહે ના કરી જે હમેશાંથી ચાલ્યા આવે છે તેઓજ કરસે અને તમે મને ઘણું રિઝાવ્યો છે તેથી મ્હારૂં વચન પણ ખાલી ગયું ન જોઇએ તેથી તમે સાથે જાપતો લઇને જાઓ જયહાં તે હોય ત્યહાં જાઓ ત્યાં જઇને એક મહિનો રેહેજો અને આગળ તો રહી નહિં શકો તે પાદશાહનો જાપતો લઇને શ્રીવ્રજરાયજી દંડોતીધાર આવ્યા ત્યારે કૃષ્ણપુરીમાં શ્રીનાથજી બિરાજતા હતા. ત્યહાં શ્રીવ્રજ-રાયજી આવ્યા.

ત્યારે તેમને આવ્યા જાણીને શ્રીનાથજીએ ગંગાબાઇને આજ્ઞા કરી.

તમે શ્રીગોવિન્દજીને કહો જે તમે સર્વ કુટુમ્બ તથા સર્વ મનુષ્ય હમારા સેવકોને સઘલાઓને લઇને અહીંથી દશ ગાઉ ઉપર એક ગામ છે ત્યહાં એક મ્હોટો પહાડ છે ત્યહાં તમે જઇને એક મહીના સુધી બિરાજો સઘલાઓ સાથે ઇહાં શ્રીવ્રજરાયજી આવ્યા છે એમને પાદશાહનો હુકમ થયો છે તેથી તે સત્તાવીસ દિવસ સેવા કરશે અને પ્રાચીન શ્રીગુસાંઇજીનું પણ વરદાન છે અને અઠ્ઠાવીસમે દિવસ તમે આવીને શ્રીવ્રજરાયજીને શીખ દેજો અને મ્હારી સેવા તમે કરજો."

આ વાત ગંગાબાઇએ શ્રીગોવિન્દજીને કહી જે શ્રીદેવદમન કર્તું અકર્તું અન્યથા કર્તું સમર્થ છે તેથી એમની ઇચ્છા હોય તે આપણને કરવી. પ્રથમ શ્રીગુસાંઇજીએ પણ છ માસના વિયોગનો અનુભવ કર્યો છે આપણને તો સત્તાવીસજ દિવસનો વિયોગ દીધો છે તેથી જે શ્રીનાથજીની આજ્ઞા છે તેજ આપણને કર્ત્તવ્ય છે ॥

આ વાત સાંભળી શ્રીગોવિન્દજીએ વિચાર કરચો જે શ્રીઆચાર્યજીનું આ વાક્ય છે.

विवेकस्तु हरिः सर्वं, निजेच्छातः करिष्यति ॥
प्रार्थिते वा ततः किं स्यात्, स्वाम्यभिप्राय संशयात् ॥

તેથી હવે શ્રીનાથજીને પ્રાર્થના ન કરવી અને શ્રીવ્રજરાયજીનું સામર્થ્ય શું છે જે હમારી સામે આવીને શ્રીજીની સેવા કરે પણ શ્રીગુસાંઇજીનું પ્રાચીન વરદાન છે તેથી સત્તાવીસ દિવસ સેવા કરશે અને અઠ્ઠાવીસમે દિવસે હમે આવીને શ્રીવ્રજરાયજીને કાઢીસું અને હમે સેવા કરીશું તે પછી શ્રીગોવિન્દજી કુટુંબ અને સર્વ મનુષ્યોને સાથે એક પહાડમાં જઇ બિરાજ્યા ત્યારે ગંગાબાઇને શ્રીજી ત્યહાં નિત્ય દર્શન દેતા અને જેમ વ્રજભક્તોને અંતર્ધાન લીલામાં વિયોગ થયો ત્યારે ખોજ કરીને શ્રીભગવાનને વનવેલીથી પૂછતાં તેમજ શ્રીગોવિન્દજીએ શ્રીનાથજીને ગામ ગામમાં પૂછ્યા, એક બે જલધરીઆ તથા પાત્ર માંજવાવાલા તો શ્રીજીની પાસે રહ્યા અને બાકી સઘલાઓ શ્રીગોવિન્દજીની પાસે હતા જ્યહાં સુધી શ્રીવ્રજરાયજીએ શ્રીનાથજીની સેવા કરી ત્યાંસુધી શ્રીગોવિન્દજીએ ફલાહાર લીધો અન્ન છોડી દીધું અને જ્યારે પ્રાતઃકાલ થાય ત્યારે આપ યોગીનો વેશ ધારણ કરે મૃગછાલા વાઘાંબર ઓઢે અને અવધુત વેશ ધરે. શરીરમાં ભસ્મ લગાવીને એક રોડા નામે દરજી શ્રીનાથજીનો હતો તે સારંગી સુંદર

વગાડતો તેને ચેલો બનાવ્યો અને અવધુતનો વેશ કરયા અને આપ ગુરૂ બન્યા તેને સાથે લઇને સારંગી વજડાવે અને સર્વ મળીને ગાય. ॥

॥ राग आशावरी ॥

वसे वनमाली आली किसविधि पाइये ।
एसी जिय आवै जैसें जोगी व्हैकें जाइये ॥ १ ॥

આ પદને બન્ને મળીને સારંગીની સાથે ગાય એ રીતે જાણી જોઇ અજાણુ થઇને ઘર ઘરમાં પૂછતા ફર્યા. સઘળાઓથી એમ કહે અમારો એક છોકરો ખોવાઈ ગયો છે. તેને તમે ક્યાંહી દેખ્યો હોય તો બતાવો એ રીતે વિરહથી વિકળ દશામાં શ્રીગોવિન્દજી શ્રીનાથજીને સત્તાવીસ દિવસ પર્યન્ત શોધતા ફર્યા પરંતુ કોઇએ આ ભેદ જાણ્યો નહી.

જ્યારે અઠ્ઠાવીસમો દિવસ આવ્યો ત્યારે શ્રીગોવિન્દજી અને રોડા દરજી બન્ને કૃષ્ણપુરનાં તળાવ ઉપર આવી બેઠા તે સમય શ્રીજીને રાજભોગ આવ્યો હતો તેથી જળઘરીઆ બન્ને સખડીના હાંડા માંજવાને તલાવ ઉપર આવ્યા હતા તે તેમણે શ્રીગોવિન્દજીને જોયા, પણ ઓળખ્યા નહી. યોગીનો વેશ હતો તેથી ઓળખ્યા નહી. તેઓ પાત્ર માંજવા લાગ્યા એટલે બન્નેમાંથી એક વ્રજવાસિએ બીજા વ્રજવાસિને કહ્યું સાંભળ ભાઇ શ્રીવિઠ્ઠલરાયજીના વંશમાં કોઇ એવો મર્દ નથી જે આ શ્રીવ્રજરાયને કાઢે અને પોતાનું ઘર સંભાળે શ્રીવિઠ્ઠલરાયજીના ચાર પુત્ર થયા તેઓમાં શ્રીગિરિધરજી તો મ્હોટાજ મર્દ થયા અને શ્રીગોવિન્દજી પણ મ્હોટા મર્દ છે પણ આ વખતે કોણ જાણે કયહાં ગયા. નહી તો હમણાં આ વખતે આવે તો શ્રીવ્રજરાયજીની પાસે ફોજ તો છે નહી જે લડશે. હાથ પકડી તરત કાઢિ મુકે આ વાત સાંભળીને શ્રીગોવિન્દજીએ તે જળઘરીઆને પાસે આવીને પુછ્યું કે હમને તું શ્રીનાથજી બતાવ કયહાં બિરાજે છે મ્હારૂં નામ શ્રીગોવિન્દજી છે. એમ કહીને પોતાનો યોગીનો વેશ તો દૂર કરયો અને ધોતી ઉપરના પેહેરી અપરસમાં થઇ એક કટારી કમરમાં છુપાવી. ઉપરનામાં ઢાંકી લીધી અને સાથે તે જળઘરિઆને લીધો પાછળી પાછળ ચાલ્યા ગયા એટલામાં માળા બોલી ને શ્રીવ્રજરાયજીએ ઝારી ભરી આચમન કરાવ્યું તે પછી સર્વ સેવાથી પોહોચી રાજભોગ આરતી સિદ્ધ કરવાને તત્પર થયા. એટલામાં અકસ્માત્ શ્રીગોવિન્દજીએ આવીને એક હાથથી કમરમાંથી કટારી કાઢીને શ્રીવ્રજરાયજીને બતાવી અને આજ્ઞા કરી કે હમારી અને તમારી

બન્ને જણુઓની વાદવાસ્થળી શ્રીનાથજીની પાસે થશે ત્યારે ત્રીજો કોઈ આરતી કરશે તમે ઘણા દિવસ સુધી આરતી કરી હવે તમે અહીંથી પોતાનું શરીર લઇને નીસરી જાઓ, તહિં તો આ કટારીથી તમારૂં પેટ ચીરીશ પછી પોતાનાં પેટમાં મારીશ તમને સેવા કરવા નહીં દઉં, સેવા તો શ્રીદાઉજી કરશે. તે શ્રીગોવિન્દજી મ્હોટા પ્રબળ હતા તેથી શ્રીવ્રજરાયજીની એવી ધમકી સાંભળી શ્રીવ્રજરાયજી તો ઘણું બીન્યા થરથર કાંપવા લાગ્યા અને હાથ જોડી દીધા. આંખમાં આંસુ આવી ગયાં અને વિનતી કરવા લાગી ગયા જે મને મારો માં; હું આ વખતેજ નિસરી જઇશ. તમે શ્રીનાથજીને સંભાળી લ્યો. એમ કહિને શ્રીવ્રજરાયજી ત્યહાંથી ચાલ્યા તે આગરે આવ્યા. તે પાદશાહને મળ્યા સઘળી વાત સંભળાવી ત્યારે પાદશાહે કહ્યું, જે આજ પછી ફરી જશો માં. હવે શ્રીગોવિન્દજીએ પોતાનું કુટુંબ શ્રીદાઉજી તથા વહુ બેટી સર્વ પરિવાર બોલાવી લીધો અને શ્રીનાથજીના ચરણુ સ્પર્શ કરીને સર્વનાં ચિત્ત બહુ પ્રસન્ન થયાં અને શ્રીનાથજી પોતાના સઘળા સમુદાયને દેખીને બહુ પ્રસન્ન થયા આટલા દિવસ શ્રીવ્રજરાયજીએ સેવા કરી પણુ શ્રીનાથજીએ સુખ ન માન્યું અને જે દિવસે શ્રીગોવિન્દજી શ્રીબાળકૃષ્ણુજી તથા શ્રીવલ્લભજી તથા શ્રીદાઉજી એ સઘળાઓએ મળીને શૃંગાર કરયો તે દિવસ શ્રીનાથજીએ બહુ અલૌકિકપણુંથી દર્શન દીધાં. ॥

આ રીતે શ્રીનાથજીએ પ્રથમ ચાતુર્માસ્ય દંડોતધારમાં કર્યું મ્હોટા મ્હોટા પાહાડોને દેખીને શ્રીજી બહુ પ્રસન્ન થયા અને કહ્યું કે આ દેશ બહુ સુંદર છે પણુ હવે આંહીથી ચાલો તે આ રીતે ગંગાબાઇને આજ્ઞા કરી ત્યારે રથમાં બિરાજીને ત્યહાંથી ચાલ્યા. શ્રીગોવિન્દજી ત્રણુ ભાઈ હતા એક ભાઇ તો ડેરા લઇને આગળ ચાલે તે ત્યહાં જઇને ડેરો ઉભો કરે અને રસોયા બાળ ભોગિઆ અને જલઘરિઆઓને સાથે લઇ જાય ત્યહાં આગળ જઇ સર્વ ઉત્થાપનની તૈયાર કરાવી રાખે શ્રીનાથજી રાજભોગ આરતી કરીને ચાલે તે જ્યારે ઘડી છ દિવસ રહે ત્યારે ડેરાઓમાં દાખલ થઇ જાય ત્યારે તરત શ્રીજી પોઢે અને સવારે પ્રભાતમાંજ મંગલા શૃંગાર ગ્વાલ અને રાજભોગ પર્યંત સેવા કરી સર્વ કોઈ મહાપ્રસાદ લઇને બીજે દિવસે બીજા ડેરા ઉપર ચાલે અને એક ભાઇ શ્રીવિઠ્ઠલજી ડેરાઓની સાથે ચાલતા અને બે ભાઇ શ્રીજીની સાથે ચાલતા. શ્રીગોવિન્દજી તો શ્રીજીના રથની આગળ ઘોડાઉપર ચઢીને ચાલતા અને

શ્રીબાળકૃષ્ણજી રથની પાછલ ઘોડા ઉપર ચડીને ચાલતા. પાંચે હથિયાર બાંધી કવચ પહેરી અલમસ્ત રૂપથી ચાલતા. રસ્તામાં કોઇ રાજા પ્રજા શ્રીજીનાં દર્શનની વિનતી કરે તેને શ્રીગોવિન્દજી આજ્ઞા કરે જે શ્રીનાથજીતો શ્રીગિરિરાજની કંદરાઓમાં બિરાજે છે. આ રથમાં તો અમારો વસ્તુભાવ છે, એમ કહે પણ દર્શન કોઇને ન કરાવે અને સંવત્ ૧૭૨૬ આશો સુદી ૧૫ શુક્રવાર અશ્વિની નક્ષત્રને દિવસ શ્રીનાથજી શ્રીગિરિરાજથી ઉઠયા તે સંવત્ ૧૭૨૮ ફાગણ વદી ૭ શનિશ્ચર વાર સ્વાતિ નક્ષત્રમાં સિંહાડમાં પહોચ્યા ત્યાં પાટ બેઠા ત્યહાંસુધી વચમાં અઢી વર્ષસુધી માર્ગમાં જ્યહાં ત્યહાં રથમાંજ બિરાજ્યા ત્યહાંસુધી રસોઈ કરવાની સેવા તથા સામગ્રી અને શાકની સેવા શ્રીવલ્લભજી મહારાજે પોતાના હાથથી કરી અને મેદો પિસવાની પણ સેવા શ્રીવલ્લભજી મહારાજે કરી અને અનસખડી બાળભોગની તથા દૂધઘરની સેવા પોતાના હાથથી શ્રીબાળકૃષ્ણજી તથા સર્વ વહુ બેટિઓ મળીને કરતાં સો ગાય સાથે રેહેતી તે દૂધ દહીં અને માંખણ સઘળું સંગજ રહેતું.

પછી દંડોતધારથી શ્રીગોવર્ધનનાથજી કોટા બુંદી પધાર્યા. ત્યહાં અનિરૂદ્ધસિંહ હાડા બુંદીના રાજા હતા તે દર્શન કરવા આવ્યા. વૈષ્ણવ જાણી શ્રીગોવિન્દજી મહારાજે તેમને દર્શન કરાવ્યાં ત્યારે તે રાજાએ વિનતી કરી જે શ્રીનાથજીથી વિનતી કરો મારા મુલકમાં બિરાજે. આ કોટા બુંદીનાં મુલકમાં સુંદર જગ્યા છે ને શ્રીજીની હાજરીમાં પાંચ હજાર તરવાર હાડાઓની છે જો મહા મ્લેચ્છ આવશે તો હમે લડીશું ત્યારે શ્રીગોવિન્દજીએ આજ્ઞા કરી જે તમારી આવી વૈષ્ણવતા છે તો અહીંજ સારી જગ્યા જોઇને બિરાજશે. પછી ઇચ્છા થશે ત્યહાં પધારશે સદા બિરાજવાનું તો અહીં નહીં થાય કેમ જે તમારી ફોજ થોડી છે ત્યારે કૃષ્ણવિલાસ નામનું કોટાના મુલકમાં એક સ્થળ હતું ત્યહાં પદ્મશિળા છે તે ત્યહાં શ્રીનાથજી ચાતુર્માસ્ય બિરાજ્યા.

એ ચાતુર્માસ્ય વીત્યા પછી શ્રીજી પુષ્કરજી થઇને જોધપુર પધાર્યા. રસ્તામાં જ્યારે પુષ્કરજીની નજીક થઇને રથ નિકળ્યો ત્યારે ત્યહાં અટકયો ત્યારે શ્રીગોવિન્દજીએ ગંગાબાઇને કહ્યું તમે શ્રીજીને પુછો રથ કેમ અટકયો. આપની શી ઇચ્છા છે ત્યારે ગંગાબાઇએ ભીતર જઇને શ્રીનાથજીને પુછ્યું મીઠડાં લઉં રથ કેમ અટકાવી રાખ્યો છે ત્યારે શ્રીજીએ આજ્ઞા કરી જે અહીંથી પાસે એક સરોવર છે એમાં કમળ ફુલ્યાં છે તેની મને

સુગંધી આવે છે તે કમળ ત્યહાં જલદી જઇને લઇ આવો. મારા રથમાં ધરો ત્યારે તે કમળની સુગંધી લઇને હું આગળ ચાલીશ. જ્યહાં મ્હારી ઇચ્છા હશે ત્યહાં પધારીશ ત્યારે એ ચાર વ્રજવાસી ત્યહાંથી ચાલ્યા તે પુષ્કરજી આવ્યા ત્યહાં આવીને કમળ ઘણાં ફુલ્યાં હતાં તે ફુલ્યાં કમળ-માંથી રાતાં તથા સુપેદ તથા બીજાં સર્વપ્રફુલ્લિત હતાં તે સર્વ લઇને કમળનાં પાનમાંજ ધરી વેગથી શ્રીગોવર્ધનનાથજીના રથની પાસે આવી ઉભા રહ્યા, ત્યારે તે કમળ લઇ શ્રીગોવિન્દજી મહારાજે શ્રીનાથજીને અંગીકાર કરાવ્યાં. શ્રીજીની આજ્ઞાથી તે કમળ આવ્યાં હતાં તેથી શ્રીજીને તે કમળ બહુ પ્રિય હતાં તેથી શ્રીબાલકૃષ્ણજી અને શ્રીવિઠ્ઠલજીએ પણ શ્રીનાથજીને કમલ અંગીકાર કરાવ્યાં અને ત્યારે શ્રીદાઉજી મહારાજ તો બાલક હતા તેમને પણ શ્રીગોવિન્દજી માહારાજે બોલાવી શ્રીનાથજીને કમળનાં ફુલ અંગીકાર કરાવ્યાં અને વહુજી તથા બેટીજી આદિ સર્વ જે ગોસ્વામી હતા તેમનાં કમળ પણ શ્રીનાથજીએ અંગીકાર કર્યાં.

કૃષ્ણગઢના રાજા રૂપસિંહજી ભલા ભગવદીય હતા તે શ્રીદીક્ષિતજી (અર્થાત્ વિઠ્ઠલેશ્વર દીક્ષિત) ના સેવક હતા તેમણે તો દેશાધિપતિની લડાઇમાં યુદ્ધ કરીને દેહ છોડી તે સમય એક દુગદુગી હીરા જડિત હતી તે એક નાઇ ખવાસ પાસે હતી તેને દીધી અને કહ્યું જે આ દુગદુગી તું લઇ જઇને શ્રીગિરિરાજ ઉપર શ્રીનાથજી બિરાજે છે તેમને ભેટ કરી આવ. ત્યારે તેણે શ્રીનાથજીની પાસે જઇને તે હીરાની દુગદુગી ભેટ કરી અને રાજભોગ આરતીનાં દર્શન કરી-ને તે નીચે ઉતર્યો તેણે દંડોતી શિલાના ઉપર રાજા રૂપસિંહજીનું સ્વરૂપ દીઠું તે પીતાંબર પીળું પહેર્યું હતું. કેસરી ઉપરણો ઓઢયો હતો. તિલક મુદ્રા કરી હતી અને ભગવત તેજ સહિત સ્વરૂપ હતું એમનું લૌકિક શરીર તો રણમાં છૂટયું અને અલૌકિક શરીર ધરીને શ્રીજીનાં મંદિરમાં પધાર્યા તે જતાં તો સઘળાઓએ દીઠા પરંતુ નીસરતાં કોઇએ ન દીઠા ત્યારે સઘળાઓએ કહ્યું કે રાજા રૂપસિંહજીએ શ્રીજીની લીલામાં પ્રવેશ કર્યો. તે રાજા રૂપસિંહજીના પુત્ર માનસિંહજી કૃષ્ણગઢના રાજા હતા જે સમય શ્રીજી રથમાં બિરાજીને કૃષ્ણગઢનાં મુલકમાં પધાર્યા તેણે સાંભળ્યું જે વ્રજના શ્રીનાથજી મ્હારા દેશમાં પધાર્યા છે તે હમારા પરમ ઇષ્ટદેવ છે એમનાં દર્શન કીધા વિના મ્હારે જળપાન કરવું પણ ઉચિત નથી ત્યારે તે શ્રીજીનાં દર્શન કરવાને આવ્યો તે ઉજાડમાં જ્યહાં મ્હોટું

ખાખરાનું વન હતું ત્યહાં એક અજમિતિ નામનું ગામ ઉજડ હતું ત્યહાં તળાવ બહુ સુંદર હતું અને નદી તથા ઝરણાં પર્વતનાં વેહેતાં હતાં ત્યહાં શ્રીજીનો રથ ઉભો રહ્યો હતો. ત્યહાં આવીને રાજા માનસિંહજીએ શ્રીજીનાં દર્શન કીધાં. તેને વૈષ્ણવ જાણિને શ્રીગોવિન્દજીએ દર્શન કરાવ્યાં ત્યારે તેણે વિનતી કરી જે મહારાજ પ્રગટ તો મ્લેચ્છ જાણશે પણ ગુપ્ત આપ મ્હારાં મુલકમાં બિરાજો તો હું સેવામાં તત્પર છું. શ્રીગોવિન્દજીએ શ્રીજીને પુછાવ્યું ત્યારે શ્રીજીએ આજ્ઞા કરી કે આ પર્વત બહુ રમણિક છે ખાખરાનાં વૃક્ષ ઘણાં છે અને કેસુ ફુલ્યાં છે તેથી વસંતઋતુ ઇહાં કરીશ. તે પછી આગળ ચાલીશ પછી ડોળ ઉત્સવ ત્યાંજ કીધો અને વસંત ઋતુ તથા ગ્રીષ્મઋતુ થોડીક ત્યહાં બિરાજ્યા તે પછી આગળ મારવાડ પધાર્યા.

જોધપુરથી આગળ વ્રજના મારગમાં વીસળપુર નામે એક ગામ છે ત્યહાં એક વૈરાગી ગુરૂ અને ચેલો રેહેતા તે જ્યારે પહેલાં શ્રીજી શ્રીગિરિરાજ ઉપર બિરાજતા હતા ત્યારે ત્યહાંથી ગંગાસ્નાન કરવાને તે બન્ને ગુરૂ ચેલો ગયા હતા. તે શ્રીગંગાજી ન્હાઇને જ્યારે શ્રીગિરિરાજ આવ્યા ત્યારે તેને ગુરૂએ તો શ્રીગિરિરાજ ઉપર જઇને શ્રીજીનાં દર્શન કરયાં અને તે ચેલાએ તો પોતે શ્રીભાગવત ગ્રંથ ભણ્યો હતો તેથી આ શ્લોક ભણીને (**भा० स्कं० १० अ० २४ श्लो० ३५.**)

कृष्णस्त्वन्यतमं रूपं, गोपविश्रम्भणं गतः ।
शैलोऽस्मीति ब्रुवन्भूरि, बलिमाद द्बृहद्वपुः ॥ १ ॥

એવો વિચાર કરવા લાગ્યો જે શ્રીભાગવતમાં શ્રીગિરિરાજ પણ ભગવદ્રૂપ વર્ણન કરયો છે તો એના ઉપર હું પગ કેમ મુકું એટલામાં દર્શન કરીને તેનો ગુરૂ આવ્યો તે તેણે અત્યંત શ્રીજીનાં દર્શનની બડાઇ કરી અને કહ્યું જે શ્રીનાથજી અત્યંત સુંદર છે, ત્યારે તે ચેલો આ વાત સાંભળી દર્શન કરવા ગયો તે શ્રીગિરિરાજ સુધી તો ગયો. પણ ઉપર પગ દેતામાં તેને ઘણો ખેદ આવે અને શ્રીજીનાં દર્શન પણ મનમાં વસ્યા કરે અને ઘણીજ ઉત્સુકતા થાય એ રીતે ત્રણ દીવસ સુધી મનમાં વિચાર કરતે તે બન્ને ગુરૂ ચેલા શ્રીગિરિરાજમાં રહ્યા અને શ્રીગિરિરાજની પરિક્રમા કરી તે ચેલાને શ્રીજીનાં દર્શન ન થયાં તેથી તેનાં ચિત્તમાં અત્યંત ખેદ રહ્યો કોઇ કાળ પછી એ ગુરૂતો હરિશરણ થયો અને એ ચેલો વીસ-

લપુરમાં મહંત થયો અને ત્યહાં વીસલપુરમાં રહ્યો ત્યારે એ વૈરાગીને શ્રીજીએ સ્વપ્નમાં ચેતાવ્યું જે જેનાં દર્શન માટે તું ખેદ કરે છે તે શ્રીઠાકુરજી હુંજ છું અને કાલ તારા ગામની પાદરમાંથી રથ નિકળશે ત્યારે તું રથને આવીને પકડજે અને શ્રીગુસાંઇજીથી વિનતી કરજે જે મને દર્શન કરાવો જો તુને શ્રીગુસાંઇજી દર્શનની ના કરે તો તું મ્હારો શૃંગાર બતાવી દેજે કેહેજે કે શ્વેત પાગ અને શ્વેત પિછોરાનો શૃંગાર છે અને શ્રીજી આ રથમાં નિશ્ચય બિરાજેછે તેથી મને અવશ્ય દર્શન કરાવો ત્યારે તુને શ્રીગુસાંઇજી દર્શન કરાવશે અને તું એક પાટિયું રાજભોગ સારૂં બનાવરાવી તેને સંગ લઇ મારા રથની આગળ લાવી ધરજે એ પાટિયાં ઉપર નિત્ય રાજભોગ આવશે. આ પ્રકારે સ્વપ્નમાં શ્રીજીએ તે વૈરાગીને આજ્ઞા દીધી ત્યારે તે વેરાગી પ્રાતઃકાલમાં ઉઠી એક મિસ્તરીને બોલાવી લાવ્યો અને કહ્યું જે મ્હારી પચ્ચીસ ભેંસ છે તેમાંથી એક ભેંસ સરસ હોય તે તું લેજે પણ હમણાંજ એક પાટિયું બનાવી લાવ ત્યારે તે મિસ્તરીએ એક પહોરમાં બનાવી તૈયાર કરી તે વૈરાગીને લાવી આપ્યું તે વેરાગી એ પાટિયું લઇને મારગ ઉપર આવી બેઠો. જ્યારે પાછલો પોહોર દિવસ રહ્યો ત્યારે શ્રીગો-વર્ધનનાથજીના રથનાં દર્શન થયાં તે રથની આગળ જઇને મારગની વચ્ચે તે વૈરાગી પડ્યો અને કહ્યું જે મને શ્રીનાથજીનાં દર્શન કરાવશો તો હું મારગમાંથી ઉઠીશ ત્યારે સઘલાઓએ જાણ્યું જે કોઇ પાદશાહનો હલકારો છે તે કપટ કરીને પૂછે છે ત્યારે શ્રીગોવિન્દજીએ આજ્ઞા કીધી કે શ્રીનાથજી તો સદા શ્રીગિરિરાજની કંદરામાં બિરાજે છે અને આ રથમાં તો હમારો વસ્તુભાવ છે તેને હમે લઇ જઇએ છીએ ત્યારે તે વૈરાગિએ કહ્યું જે મને રાત્રિમાં શ્રીનાથજીએ સ્વપ્નમાં આજ્ઞા કરીને કહ્યું છે કે મ્હારા રાજભોગને સારૂં એક પાટિયું બનવીને તું લાવજે તે હું બનાવીને લાવ્યો છું તે લ્યો અને મને શ્રીનાથજીનાં દર્શન કરાવો. શ્વેત પાગ અને શ્વેત પિછો-રાનો શૃંગાર છે આ વાત વૈરાગીની સાંભળી શ્રીગોવિન્દજીએ જાણ્યું જે આ કોઇ અનુભવી વૈષ્ણવ છે આને તો દર્શન કરાવવાં ત્યારે સઘલાઓએ કહ્યું આજ ઇહાં ઉત્થાપન થાશે ત્યારે ત્યહાં ડેરા કરાવ્યા અને ઉત્થાપન થયા હવે તે સમય એ વૈરાગીને દર્શન થયાં અને બીજે દિવસ રાજભોગ આરતી પર્યંત તે ગામમાં બિરાજ્યા ત્યાર પછી ત્યહાંથી જોધપુરનો વિજય કર્યો તે પાટિઆ ઉપર એક દિવસ તો રાજભોગ આવ્યો અને જ્યારે શ્રીજીએ ત્યહાંથી વિજય કર્યો ત્યારે તે પાટિયાને સઘળાઓએ ત્યહાંજ છોડી દીધું અને કહ્યું જે શ્રીજીને પાટિયાની શી કમતી છે અને

વૈરાગીનાં પાટિયાથી શું અટકયું છે તે મનોરથ કરી બનવી લાવ્યો તો એકવાર તો રાજભોગ આરોગ્યા હવે એ અહીંજ છોડી ચાલો તેને વૈરાગી લઇ જશે એમ કહીને તે પાટિયાને છોડી દીધું અને જલદી ચાલ્યા. ફરી તે વૈરાગીએ ગામમાંથી આવીને તે સ્થળને જોયું તો શ્રીજી પધારી નીસર્યા અને તે પાટિયું ત્યહાંજ છે ત્યારે તો તે વેરાગીનું ચિત્ત બહુ ઉદાસ થયું જે મને શ્રીનાથજીએ સ્વપ્નમાં આજ્ઞા કરી જે તું પાટિયું બનાવી લાવ તો પણ અંગીકાર ન કરયું તો એનું કારણ શું હશે? આ પ્રકારે ચિંતા કરતો તે વૈરાગી વૈષ્ણવ તે પાટિયાને ઉડાવી પોતાને ધરે લઇ આવ્યો તે લઇને એક સુંદર ઉત્તમ સ્થળ હતું ત્યહાં ધર્યું અને પોતાનાં મનમાં એઠો એઠો ખેદ કરવા લાગ્યો. હવે વીસળપુરથી શ્રીનાથજીનો રથ ચાલ્યો તે રથ કોશ ત્રણ ઉપર જઇને અટકયો અને ત્યહાંથી આગળ ચલાવવાના બહુ ઉપાય કર્યા પણ શ્રીજીનો રથ ચાલે નહી ત્યારે શ્રીગોવિન્દજીએ ગંગાબાઇને આજ્ઞા કરી જે તમે શ્રીનાથજીને પુછો આ ઉજડમાં કોશ સુધી કોઇ ગામ છે નહી અને જળ તથા છાયા પણ નથી અને અહીં જે આપે રથ અટકાવ્યો છે તેનું શું કારણ છે? ત્યારે ગંગાબાઇએ શ્રીનાથજીને પુછ્યું "જે બલિહારીલાલ! આ રથ કેમ અટકયો ચાલતો નથી" ત્યારે શ્રીનાથજીએ આ આજ્ઞા કરી "જે રાજભોગ ધરવામાં નિત્ય પાટિયાનું દુઃખ પામે છે તેથી મેં તે વૈરાગીને સ્વપ્નમાં આજ્ઞા કરીને જે પાટિયું બનાવ્યું હતું તો તેને આ લોકો ત્યહાંજ છોડી આવ્યા. હવે રાજભોગ શેના ઉપર ધરશે માટે જ્યારે પાટિયું આવશે ત્યારે ચાલીશ અને જ્યહાંસુધી હું એક સ્થળ ઉપર જઇ સ્થિર થઇ નહી બેસું ત્યહાંસુધી એજ પાટિયા ઉપર નિત્ય રાજભોગ આવશે" ત્યારે આ વાત ગંગાબાઇએ શ્રીગોવિન્દજીને કહી તે સાંભળીને શ્રીગોવિન્દજીએ પોતાનાં મનમાં ઘણોજ પશ્ચાત્તાપ કર્યો અને તત્કાલ બે વ્રજવાસી ઘોડા ઉપર ચડાવી મોકલ્યા અને કહ્યું કે તે પાટિયું ત્યહાં પડયું હોય તો જલદી લઇને આવો અને કોઈ ઉઠાવી લઇ ગયો હોય તો જઇને તે વૈરાગીથી કેહેજો જે તારાં મ્હોટાં ભાગ્ય છે જે તારાં પાટિયાને સાક્ષાત્ શ્રીનાથજીએ અંગીકાર કર્યું હવે તું એક બીજું પાટિયું બનવાવીને હમને આપ અને જો તે પેલું પાટિયું તેં ઉઠાવી ધર્યું હોય તો તેજ આપ. આ આજ્ઞા લઇને જે બન્ને વ્રજવાસી ત્યહાંથી ચાલ્યા તે ઘોડા દોડાવતા ચાલ્યા તે ઘડી દોઢમાં તે સ્થલ ઉપર આવી પોહોચ્યા. ત્યહાં પાટિયું દીઠું નહી ત્યારે તે વૈરાગીને જઇને સર્વ વૃત્તાંત કહ્યું ત્યારે તે વૈરાગિએ તે પાટિયું લઇ તે વ્રજવાસિઓને આપ્યું તેઓ તે

લઇ ત્યહાંથી ચાલ્યા તે તરત તેટલાજ વખતમાં પાછા સહાંજ આવ્યા અને તે પાટિયું શ્રીગોવિન્દજીને આપ્યું તે એ પાટિયું શ્રીનાથજીની આજ્ઞાથી બન્યું હતું તેથી શ્રીગુસાંઇજીના સઘળા બાલકોએ તે પાટિયાનાં દર્શન કર્યાં અને તે પાટિયાનાં દર્શન કરી અને હાથ લગાડી સઘળાઓએ આંખોથી હાથ લગાડયા અને બહુ સારી રીતથી તેને રાખવા લાગ્યા અને જ્યારે શ્રીજીની અસવારી થાય તે સમયે યાદ કરી લેવડાવી ચાલે તે જ્યહાંસુધી મેવાડનાં મંદિરમાં સ્થિર થઇને બિરાજ્યા ત્યહાંસુધી તેજ પાટિયું રાખ્યું અને શ્રીનાથજીનો નિત્ય રાજભોગ તેનીજ ઉપર આવતો. જ્યારે તે પાટિયું આવ્યું ત્યારે શ્રીજીનો રથ ત્યહાંથી તરતજ ચાલ્યો. ।।

ત્યાંથી ચાલ્યા તે જોધપુર પધાર્યા તે જોધપુરના રાજા જસવંતસિંહજી તે કમાઉના પહાડમાં પોતાનું મોસાળ હતું ત્યહાં ગયા હતા અને એમના પ્રધાનાદિક સઘળા હતા તેઓ સઘળા શ્રીનાથજીનાં દર્શન સારૂ આવ્યા અને વિનતી કરી જે મહારાજ આઠ દિવસ ઇહાં બિરાજો તો હમે રાજાજીને વધામણી લખાવિએ ત્યારે જોધપુરથી ત્રણ ગાઉ ઉપર ચાંપાસેની ગામ છે ત્યહાં એક કદંબખંડી હતી અને ચારેઆ નામનું ગામ હતું ત્યહાં શ્રીજી ચાતુર્માસ્ય બિરાજ્યા. શ્રીજીએ શ્રીગિરિરાજથી ઉઠયા પછી ત્રણ ચાતુર્માસ્ય મારગમાં કર્યા તેમાં એક ચાતુર્માસ્યતો દંડોતીધારનાં કૃષ્ણપુરમાં કર્યો બીજો ચાતુર્માસ્ય કોટાના કૃષ્ણવિલાસમાં કર્યો ત્રીજું ચાતુર્માસ્ય જોધપુરને પાસે ચાંપાસેનીમાં કીધો અને ચોથો ચાતુર્માસ્ય તો મેવાડમાં આપનાં મંદિરમાં કીધો અને સંવત ૧૭૨૬ આશો સુદી ૧૫ થી સંવત ૧૭૨૮ ના ફાગણુ વદી ૭ સુધી શ્રીજીએ વ્રજ અને મેવાડની વચમાં ભ્રમણ કર્યું તેમાં આટલાં દેશ કૃતાર્થ થયા. હીંદ, દંડોતીધાર, બુંદી કોટાનો દેશ, ઢુંઢાર, મારવાડ, વાંસવાડો, ડુંગરપુર તથા શહાપુરા એટલાની વચે ૨ વર્ષ ૪ મહિના ૭ દિન સુધી શ્રીજી આપ રથમાંજ બિરાજીને ફર્યા.

અને જયહાં સુધી આપ શ્રીનાથજી ચાતુર્માસ્ય ચાંપાસેનીમાં બિરાજ્યા ત્યહાંસુધી શ્રીગોવિન્દજી ઉદયપુર પધારી રાણા શ્રીરાજસિંહજીને મળ્યા અને શ્રીજીનું મેવાડમાં બિરાજવાનું સઘળું વૃત્તાંત કહ્યું ત્યારે રાણા શ્રીરાજસિંહજીએ પોતાની માતા વૃદ્ધ હતાં તેને પુછ્યું જે વ્રજના ઠાકુર શ્રીનાથજી મ્લેચ્છના ઉપદ્રવથી ઉઠયા છે તેમની ઇહાં આપનાં દેશમાં બિરાજવાની ઇચ્છા છે તે તમે કહો તો પધરાવીએ અને જો હમારી ઉપર મ્લેચ્છ ચડી આવે

ત્યારે હમારે શું કરવું? આ વાત સાંભળીને રાણીજીએ કહ્યું હે પુત્ર! સાંભળો. પ્રથમ મીરાંબાઈ અને અજબકુંવરીબાઇનાં ભાગ્યથી શ્રીજી આપ આપણા દેશમાં પધાર્યા છે. આપણાં એવાં ભાગ્ય ક્યહાં છે? તેથી તમે જલદી શ્રીનાથજીને પધરાવો. હવે વિલંબ ન કરો અને જો પાદશાહ ચઢી આવશે તો તમે રજપૂત છો જમીન સારૂં જીવ ઘો છો તો શ્રીઠાકુરજીને અર્થે જીવ દેતાં શું વિશેષ છે. હવે શ્રીઠાકુરજીને તરત પધરાવો. આ વાત સાંભળી રાણા શ્રીરાજસિંહજી પ્રસન્ન થયા અને શ્રીગોવિન્દજીને વિનંતી કરી જે મહારાજ શ્રીનાથજીને તરત પધરાવો ત્યારે શ્રીગોવિન્દજી પાછા ચાંપાસેની ગયા ત્યહાં જઇને શ્રીનાથજીને વિનતી કરાવી ત્યારે શ્રીનાથજીની આજ્ઞા થઇ જે મેવાડ દેશ ચાલીશું. ચાતુર્માસ્ય તો અહિં વ્યતીત થયું છે હવે અન્નકુટ કરીને હું મેવાડ ચાલીશું" ॥

ત્યારપછી કાર્તિક સુદિ ૧૫ પૂર્ણમાસી સંવત્ ૧૭૨૮ ના શ્રીજીએ મેવાડનો વિજય કર્યો. મારગમાં એક ગામ આવ્યું ત્યહાં ઉત્થાપન થયાં. અને સેન સુધી સઘળી સેવા થઇ અને ત્યહાં એક તળાવ હતું તેમાં જળ બહુ પુષ્કળ હતું તે શ્રીજી તે દિવસ એ તલાવનુંજ જળ આરોગ્યા. ત્યારપછી રાત્રિનો સમય થયો ત્યારે તે તળાવની આસપાસ જય જયકાર થવા લાગ્યો તે જય જયકારનો શબ્દ શ્રીજીની સંગના સઘળા માણસોએ સાંભળ્યો. પરંતુ જય જયકાર કરવાવાલા દેખાય નહીં ત્યારે સઘળાઓ મળી તે તળાવની પાસે જઇ જયહાં જય જયકારનો ધ્વની થઇ રહ્યો હતો ત્યહાં અટકળથી પુછ્યું જે તમે કોણ છો જે જય જયકાર કરો છો ત્યારે કોઇએ આકાશ મારગથી જવાબ આપ્યો જે હમે આ તલાવમાં એક લાખ ભૂત રહિયે છીએ. તે હજાર વર્ષથી હમારી ગતિ કે મુક્તિ થતી નહેતી તે આજ શ્રીનાથજી આ તલાવનું જળ આરોગ્યા તેના પ્રભાવથી વૈકુંઠથી વિમાન આવ્યાં છે તે એમ કહે છે જે તમે આ તલાવમાં જેટલા પિશાચ છો તે સઘળા દિવ્ય દેહ ધરિને અને વિમાનમાં બેસીને વૈકુંઠ લોકમાં ચાલો, એ રીતે શ્રીવૈકુંઠનાથજીએ કહ્યું છે:—અને હમોને વિમાન લઇને મોકલ્યા છે. કારણ આ તલાવનું જળ શ્રીનાથજી આરોગ્યા છે. તેથી હમો સઘળા એક લાખ પિશાચ આ તલાવમાં રહિયે છીએ તે આજ હમારી મુક્તિ થઇ ગઇ તેથી હમો સઘળા શ્રીનાથજીની જયજય બોલતા જઇએ છીએ તેનો આ જયજય શબ્દ છે. આ વાત સાંભળી શ્રીગોવિન્દજીએ અને એમના સર્વ સંગવાલાઓએ આશ્ચર્ય

માન્યું એ રીતે અર્ધ રાત્રિથી આરંભી પ્રાત:કાળ સુધી જયજયકાર થયો. ત્યાર પછી શ્રીનાથજીએ ત્યહાં રાજભોગ આરોગીને વિજય કર્યો. એ રીતેજ દરએક ગામમાં મન્‌લ કરી ૨૩ દિનમાં શિહાડમાં ચરણુ ધર્યા. તે માર્ગમાં જ્યહાં જ્યહાં જેટલા દેશમાં ફર્યા ત્યહાં ત્યહાં ચરિત્ર તોઆપે બહુ કર્યાં પણુ અહીં તો મુખ્ય ચરિત્ર લખ્યાં છે. ગ્રંથનો વિસ્તાર બહુ વધી જાય તે સારૂ. ત્યારપછી હવે શિહાડમાં એક પિપરનાં ઝાડની નીચે રથ અટક્યો જ્યારે શ્રીજીને પુછ્યું ત્યારે શ્રીજીએ આજ્ઞા કરી જે અજબકુંવરીબાઇને રેહેવાનું સ્થળ આ હતુ તેથી અહીં મ્હારૂં મંદિર બનશે અને હું અહીંજ રહીશ અને રાણાજીનો મનોરથ તો ઉદયપુરમાં પધરાવવાનો છે પણુ તે કોઇ કાળ પછી સિદ્ધ કરીશ અને હમણાં તો અહીં અજબકુંવરીબાઇનાં સ્થળમાં મંદિર સિદ્ધ કરો. હું અહીં કેટલાએક કાળસુધી બિરાજીશ. આ સ્થળ મને વ્રજના જેવું જણાય છે. આ પર્વતો મને બહુ સુહામણા લાગે છે અને સઘળા શ્રીગુસાંઇજીના બાળકો આપની આપના બેઠક કરાવી લ્યો ત્યારે શ્રીગોવિન્દજીએ તત્કાળ મંદિરની તૈયારી કરાવી અને ગોપાળદાસ મિસ્તરીને આજ્ઞા દીધી કે "ઉતાવળથી શ્રીજીનું મંદિર સિદ્ધ કરો. ઝાઝાં મનુષ્યો લગાડો કે શીઘ્ર તૈયાર થાય" પાહાણુ તો આસપાસના પર્વતોના બહુ હતા અને ચુનો નવો કરાવ્યો મંદિરનો પાયો પડચો તે મંદિર બનવા લાગ્યું, કારખાનાં રાત્રિ દિવસ ચાલવા લાગ્યાં. કારીગરો હજારો લગાડી મંદિર થોડાજ મહિનામાં સિદ્ધ કર્યું. ત્યારે સંવત ૧૭૨૮ ફાગણુ વદી ૭ શનિવારને દિન શ્રીદામોદરજી મહારાજે (શ્રીદાઉજીએ) વેદોક્ત રીતથી પુણ્યાહવાચન અને વારતુ પ્રતિષ્ટા કરાવી શ્રીનાથજીને પાટ બેસાડયા તે દિવસથી શ્રીજી આપ મેવાડમાં સુખથી બિરાજ્યા અને રાજ શ્રીદામોદરજી મહારાજનું થયું અને નેગ,રીત અને સઘળી પરનાળિકા પ્રથમની હતી તે બંધાઇ ગઇ અને ગાયોના વાડા સિદ્ધ થયા તેમાં સઘળી ગાયો રહી અને શ્રીદાઉજી મહારાજ શ્રીજીને સારી રીતે લાડ લડાવે ઉત્સવ મહોત્સવના શૃંગાર સઘળા આપજ કરો।

આ રીતે વર્ષ ચાર જ્યારે વ્યતીત થયાં ત્યારે મહામ્લેચ્છે હલકારાઓને પુછ્યું "એ દેવ જે ગિરિરાજથી ઉઠયા હતા તે કોના મુલકમાં જઇને વસ્યા. મ્હારાંજ અમલમાં છે કે કોઇ રાજાનાં અમલમાં છે?" ત્યારે હલકારાઓ મારવાડ તથા ઢુંઢાર તથા મેવાડમાં જ્યહાં જ્યહાં શ્રીજી બિરાજ્યા તે તે મુલકમાં ફર્યા અને નિશ્ચય કરીને આવ્યા. તે આવી દેશાધિપતિને કહ્યું જે રાણાજીનાં દેશમાં બિરાજે છે અને રાણાજી હાથ જોડી

રહે છે અને બહુ બંદગીમાં રહે છે. આ સાંભળી પાદશાહે કહ્યું જે મેં તો જાણ્યું હતુ જે મ્હારાજ મુલકમાં રેહેશે. જ્યહાં જાશે ત્યહાં મુલકતો મ્હારોજ છે. દરિયાના તીરસુધી. અને એ તો મ્હારો મુલક છોડી રાણાજીના મુલકમાં જઇને વસ્યા છે તેથી હું રાણાજીને જઇને જોઇશ. આ રીતે કહી પાદશાહે તૈયારી કરી તે કેટલાએક દિવસમાં મેવાડમાં આવી પ્હોંચ્યા ત્યારે રાણા શ્રી રાજસિંહજીએ પોતાનું સઘળું કુટુંબ તે મેવાડમાં મોકલી આપ્યું અને પોતે ચાળીસ હજાર ફોજથી નાહર મગરે આવી ડેરા કર્યા અને તે-જ દિવસે પાદશાહે આવી રાજસાગર ઉપર ડેરા કર્યા ॥

તે દિવસ શ્રીજીએ ગંગાબાઇને આજ્ઞા કરી જે શ્રી દાઉજીને કહો એક વાટરા ગામ છે ત્યહાં વાટરાની નાળમાં એક બહુ રમણિક સ્થળ છે ત્યહાં અનેક જાતની વૃક્ષાવળી સેહેજે જ થાય છે કેવડા કેતકી ચમેલી રાયવેલ પણ સર્વ સેહેજેજ થાય છે. તે મગરો મારે અવશ્ય જોવો છે અને તે પર્વતમાં એક ગુફા છે એ ગુફામાં એક ઋષીશ્વર હજારો વર્ષથી તપસ્યા કરે છે. એનાં ચિત્તમાં એવી આકાંક્ષા છે જે શ્રીકૃષ્ણ મને આજ પર્વતમાં પધારી દર્શન દેશે ત્યારે હું આ દેહનો ત્યાગ કરીશ, ત્યહાંસુધી પ્રાણ કપાલમાં ચડાવી રાખીશ જ્યહાં કાળની ગમ્ય નથી. એ રીતે હજારો વર્ષથી તે ઋષિશ્વર બેઠો છે તેને દર્શન દેવા સારૂ તે મગરામાં મને લઇ ચાલો અને ત્રણ દિન ત્યહાં રહીશું તે પછી ફરી આ મંદિરમાં આવી રહીશ ત્યહાં સુધી પાદશાહ રાજસાગર ઉપર રેહેશે ત્યાર પછી એ પાદશાહને ઉઠાડી દઇશ. આ વાત ગંગાબાઇએ શ્રીદાઉજી મહારાજને સઘળી કહી તે શ્રીદાઉજી મહારાજ મ્હોટા પ્રતાપી હતા તે રથ તરત સિદ્ધ કરાવ્યો તેમાં શ્રીજી બિરાજ્યા તે વાટરા પધાર્યા, અને મગરાઓમાં જ્યહાં વિષમ મારગ હતો ત્યહાં ત્યહાં શ્રીજીની ઇચ્છાથી મારગ સિધો થઇ ગયો અને જ્યાં આખડી આવે ત્યહાં રૂનાં ગાદલાં શ્રીદાઉજી મહારાજ પથરાવી દે કેમ જે શ્રીજીના રથને ઇજા ન આવે તે સારૂં, એ રીતે તે પર્વત ઉપર શ્રીજી આપ બિરાજ્યા ભોગ શયનભોગ સઘળા ત્યહાંજ થયા અને એક દિવસ ભોગનાં કમાડ ખુલ્યાં તે સમય તે ગુફામાંથી તે વેરાગી નિ-સરી દર્શન કરવા આવ્યો. તે આવીને તેણે શ્રીજીનાં દર્શન કર્યાં દંડવત્ કર્યા અને એક નીળકમળની માળા ગુંથિને લઇ આવ્યો હતો જે પૃથ્વી મંડળમાં નીલકમળ ક્યહાંય થતાંજ નથી પરંતુ દેવલોકમાં થાય છે તે એ યોગેશ્વ-રની દેવલોકપર્યંત ગતિ હતી ત્યહાંથી નીળકમળ લઈ આવીને તેની મા-

ળા ગુંથીને સિદ્ધ કરી રાખી હતી જે શ્રીજી પધારશે તે દિવસ પેહેરાવી-શું. તે વેરાગીને જોઇને શ્રીનાથજીએ આપની નિકટ બોલાવીને કહ્યું જે તમે માળા પહેરાવી ધો ત્યારે તેણે માળા પેહેરાવી અને એક ચંદનનો મૂઠો સવાશેરનો હતો તે ભેટ કર્યો અને તે ચંદન અસલ મલીઆગર હતું એક રતીભાર તોળીને સવામણ તેલ ઉકાળી તેમાં નાખો તો તેલ શાતળ થઈ જાય એવું તે ચંદન હતું તે મૂઠો ભેટ કર્યો. અને દંડવત્ કરીને તેજ પર્વત ઉપર ચાલ્યો ગયો. ભગવત્ કૃપા થઇ એટલે વિષ્ણુના દૂત આવ્યા તે વિમાનમાં બેસાડી એને વૈકુંઠમાં લઇ ગયા ત્યારે શ્રીજીએ શ્રીદાઉજીને આજ્ઞા કરી જે ગ્રીષ્મ ઋતુમાં ચંદનની કટોરી થાય છે તેમાં થોડું થોડું આ મૂઠા માંથી નિત્ય ઘસવું જ્યહાં સુધી આ મૂઠો પોહોચે ત્યહાંસુધી તેમજ કરો.

ત્યાર પછી એક રાત્રિ તો પાદશાહના ડેરા રાજસાગર ઉપર રહ્યા અને બીજે દિન બનાસ નદી ઉપર ખમનોરમાં ડેરા કર્યા અને ત્યહાં હુકમ દીધો જે એક મહિનો આંહી રહિશું તે એક બાગ તૈયાર કરાવો તે બાગને તૈયાર જોઇ હમે ચાલિશું આ વાત રાણાજીએ સાંભળી તેથી રાણાજી મનમાં બહુ બીન્યા અને શ્રીજીની માનતા કરી જે મહારાજ આ મ્લેચ્છ હમારા દેશમાંથી ચાલી જશે તો ગામની ભેટ કરીશ. તે રાત્રિને સમય વાટ-રામાં શ્રીજીએ ગંગાબાઇને આજ્ઞા કરી શ્રીદાઉજી મહારાજને કહો જે કાલે સિંહાડનાં મંદિરમાં જઇને ઉત્થાપન થશે અને તે પાદશાહ આજ ખમ-નોરથી ભાગશે તે રાતોરાત ઉદયપુર જશે તે દિવસ રાત્રિને સમયે એક પોહોર રાત્રિ ગઇ તે સમય સિંહાડમાંથી શ્રીજીનાં મંદિરમાં જગમોહન-માંથી ભમરાઓ મ્હોટા મ્હોટા નીકળ્યા તે કોટયાવધિ નિકળ્યા તેઓ સૂધા ખમનોરની તરફ ચાલ્યા અને પાદશાહની ફોજમાં ગયા તે એક એક માણસને તથા ઘોડા હાથીઓને લક્ષાવધિ જઇ લાગ્યા એ રીતે અકસ્માત જોઈ સઘળાઓ ત્યહાંથી ભાગ્યા અને તેની સાથે બાર લાખ ફોજ હતી તે ભમરાઓના કરડવાના ડરને લીધે મગરામાં જઇ વિખરી ગઇ અને પાદશાહની બે બેગમ હતી તેમાંથી એકનું નામ રંગી-ચંગી હતું તે દશ હજાર અસવાર તેની સાથે જુદા ચાલતા તે એ મગ-રાઓમાં ભૂલી પડી તે રાણાજીની ફોજ નાહર મગરે પડી હતી તેમાં જઇ પડી ત્યારે રાણાજી શ્રીરાજસિંહજીએ આ વાત જાણી જે પાદશાહની બે-ગમ ભૂલી પડી છે, તે મારી ફોજમાં આવી છે. તેથી રાણાજી આપ બેગમ પાસે આવ્યા ત્યહાં આવીને એ બેગમને મુજરો કર્યો અને કહ્યું જે

તમે મ્હારી બેન છો તમે જ્યહાં કહો ત્યહાં પાદશાહની પાસે તમારી સાથે ચાલી તમને પોહોચાડી આવીએ. ત્યારે તે બેગમે કહ્યું જે તમે હમારા ધર્મના ભાઇ છો તે તમે મને પાદશાહની પાસે પોહોંચડાવી ઘો. ત્યારે તમારા મુલકમાંથી પાદશાહને જલદી લઇ જાઇશ. ત્યારે રાણાજીએ દશ હજાર સ્વાર સંગ કરી દીધા અને કહ્યું જે બેગમને પાદશાહના ડેરામાં પોહોંચાડી આવો. ત્યારે રાણાજીએ બેગમ સાહેબને દશ ગામ કાપડામાં દીધાં અને પાદશાહે રાતો રાત ઉદયપુર પાછળ તલાવ ઉપર જઇને ડેરા કર્યા ત્યારે ગામ સઘળું ઉજડ દીઠું અને વસ્તી તો ભાગીને મગરાઓ ઉપર ચડી હતી ત્યાં બપોર થઇ ગયા અને પાદશાહ અન્ન ન ખાય કહે જે રંગીચંગી બેગમ આવે તો અન્ન ખાઉ એટલામાં તો તે રંગીચંગી આવી ઉભી રહી ત્યારે તેણે સઘળા સમાચાર રાણાજીના કહ્યા જે મને સારી રીતે પહોચાવી ગયા અને મેં પણ એમને ધર્મના ભાઇ કહ્યા છે તેથી એના મુલકમાં હજરતને રેહેવું ન જોઇએ ત્યારે પાદશાહે કહ્યું એક મસીદ ઉદયપુરમાં બનાવશું તે પછી ચાલશું ત્યારે બેગમે ના કહી કાલ આપને કુચ કરવો જોઇએ અને મ્હારા ભાઇ રાણાજીને કેહેવરાવી દઇશ તે તમારા નામથી એક મસીદ બનાવી રાખસે. ત્યારે તે બેગમે રાણાજીને તેડાવીને પાદશાહથી મેળવ્યા. ત્યારે રાણાજીને પાદશાહે કહ્યું જે તમે હમારી બેગમની બહુ બંદગી કરી છે જે તમે એના ધર્મના ભાઇ છો તે તમે કાંઈ માગો હું તમારી ઉપર ખુશી થયો છું. ત્યારે રાણા શ્રી-રાજસિંહજીએ કહ્યું જે આપ ખુશ થયા હોતો જલદી ફોજને કુચ કરા-વો, મારો મુલક બહુ બગડે છે ત્યારે પાદશાહે રાણાજીને કહ્યું જે એક તમે હમારાં નામની મસિદ બનાવી રખાવજો અને કનૈયાજી શ્રીગિરિરા જથી ઉઠયા છે તે તમારા મુલકમાં આવ્યા છે જેને મેં પોતાના મુલકમાં બિરાજવા માટે ઘણું કર્યું પણ એમની મરજી તમારા મુલકમાં બિરાજ-વાની છે તેથી તમે એમના હુકમમાં રેહેજો. જ્યહાંસુધી એ દેવતા તમારા મુલકમાં રેહેશે ત્યહાંસુધી હું મેવાડમાં નહિ આવું. તેણે આ તરેહથી કહ્યું બીજે દિવસ ફોજનો કુચ થયો તે દ્વારિકા તરફ ગયો અને મેવાડમાં ચેન થયું ત્યારે રાણાજી સર્વ કુટુંબ સહિત ઉદયપુર આવ્યા અને ગામ તથા મુલ-કના લોક મગરાઓ ઉપર ભાગીને ચડયા હતા તે સઘળાઓ પોતપોતાને ઠેકાણે આવીને વસ્યા ત્યારપછી વાટરાથી રાજભોગ આરતી કરી શ્રીનાથજી પધાર્યા તે શિહાડમાં બિરાજ્યા ॥

એક સમય સુરતવાલા શ્રીપુરૂષોત્તમજી મહારાજ દક્ષિણ દેશ પધાર્યા ત્યહાં રત્નોની અધિકાઇ જોઇ આપે શ્રીનાથજી સારૂં જડાઉ મોજા બનાવરાવ્યા અને તે મોજા લઇને શ્રીજીદ્વાર તરત પધાર્યા પરંતુ દિન વિશેષ લાગ્યા તેથી મોજા વડા થઇ ચુક્યા પછી પધાર્યા અને વર્ષ દિવસ રેહેવા જેવું કાર્ય ન હતું કાશી દિગ્વિજય કરવા પધારવું હતું તેથી શ્રીદાઉજી મહારાજપાસે વિનતી કરી "જે આ મોજા લાવ્યો છું અને શ્રીજીતો મોજા વડા કરી ચુકયા આગળ રેહેવાનું તો બને તેમ નથી જો આપની આજ્ઞા હોય તો શ્રીજી અંગીકાર કરે" ત્યારે શ્રીદાઉજી મહારાજે આજ્ઞા કરી જે તમે તો શ્રી ગુસાંઇજીના બાળક છો તે તમારૂં કર્યું શ્રીજી અંગીકાર કરે છે તથાપિ ઋતુનો મહિમા છે તેથી શૃંગારના સમયમાં ધરાવી બે ચાર ઘડી પછી વડા કરિ લેજો આવી આજ્ઞા શ્રીદાઉજી મહારાજથી પામી શ્રીપુરૂષોત્તમજી મહારાજે બીજે દિવસ શ્રીજીનો શૃંગાર કર્યો તે દિવસે જડાઉ મોજા શ્રીજીને ધરાવ્યા અને શ્રીદાઉજી મહારાજ ભોગ આવવાના સમયમાં નિત્ય શ્રીજીના દર્શને પધારતા તેથી શ્રીજીનાં દર્શન કરી શ્રીપુરૂષોત્તમજી મહારાજને એવી આજ્ઞા કરી જે મોજા માળા બોલ્યા પછી વડા કરી લેજો. એટલી આજ્ઞા કરી શ્રીદાઉજી મહારાજ આપની બેઠકમાં પધાર્યા પછી માળા બોલી પછી રાજભોગ આરતી થઇ ત્યારે શ્રીપુરૂષોત્તમજીએ ટોડા વ્યાસ મુખિયા હતા તે તેમને કહ્યું જે એક હજાર મુદ્રા તમે ગુપ્ત લ્યો અને શ્રીજીને સંધ્યા આરતી સુધી મોજા ધરેલા રહેવા ઘો. ત્યારે મુખિયાજીએ કહ્યું જે મહારાજ શ્રીદાઉજી મહારાજનો નિયમ છે જે ભોગનાં દર્શન નિત્ય કરે છે તેથી આપ શંખનાદ થયા પછી ઉત્થાપનનાં દર્શન સમયે વડા કરી લેશો તે પછી કમાડ ખોલીશું. તે પછી શ્રીજીને અનોસર કરીને શ્રીપુરૂષોત્તમજી તો આપની બેઠકમાં પધાર્યા અને સઘળા સેવકો પણ પોત પોતાને ઘેર ગયા તે પછી એક મુહૂર્ત્ત સુધી શ્રીજીએ વાટ જોઇ કે હમણાં આ મોજા વડા કરી લેશે પરંતુ કોઇએ કર્યા નહીં. ત્યારે શ્રીનાથજી કંટાળ્યા તેથી ખમનોરમાં શ્રીહરિરાયજી ભોજન કરીને આપની બેઠકમાં પોઢયા હતા તેમને જ્યારે નિદ્રા આવી ત્યારે શ્રીજીએ સ્વપ્નમાં આજ્ઞા કરી જે તમે શીઘ્ર આવીને મોજા વડા કરી લ્યો તો હું વ્રજમાં જાઉં. ત્યારે તેજ વખતે શ્રીહરિરાયજી ચમકી ઉઠયા. તે શ્રીહરિરાયજીની સઘળી સવારી સિદ્ધ રેહેતી સુખપાલખી, ઘુળવેલ, બેલનો રથ તથા એક હાથી એટલી સવારી સદા

રહેતી તેમાંથી એક એક સવારી એક એક પોહોર ડોઢી ઉપર આવી ઉભી રહેતી તે શ્રીહરિરાયજી મહારાજે આપે ઉઠીને પૂછ્યું "કહી અસવારી ઉભી છે" ત્યારે ઉદ્ધવ ખવાસે વિનતી કરી જે મહારાજ ઘુડવેલ જોડેલી તૈયાર ઉભી છે ત્યારે તત્કાળજ શ્રીહરિરાયજી ઘુડવેલમાં બિરાજ્યા અને વેગથી હાંકી તે ઘડી એકમાં આવીને બનાસ ઉપર સ્નાન કર્યું અને અપરસમાં શ્રીદાઉજી મહારાજની પાસે પધાર્યા ને મંદિરની કુંચીનો ઝુમખો માગ્યો તે શ્રીહરિરાયજીના પ્રભાવને તો શ્રીદાઉજી મહારાજ જાણતા હતા, તેથી વિચાર્યું જે કાંઇ એક શ્રીજીની આજ્ઞા થઇ છે તેથી કુંચીનો ઝુમખો તેમને દીધો તે લઇ શ્રીહરિરાયજી નિજમંદિરમાં પધાર્યા ને તાળું ખોલી શંખ નાદ કરાવીને અને શ્રીજીની પાસે જઇને મોજા વડા કરી લીધા અને દંડવત કરી ટેરો દઇ બાહેરનાં કમાડ મંગળ કરી આવ્યા ત્યાર પછી કુંચીઓનો ઝુમખો શ્રીદાઉજી મહારાજની બેઠકમાં પોહોચાડીને આપતો શ્રીહરિરાયજી ખમનોર પધાર્યા અને શ્રીપુરૂષોત્તમજીને તો આ વાતનો આપના મનમાં મોટો પશ્ચાત્તાપ થયો જે હમે મોજા શા માટે રાખ્યા. શ્રીનાથજીને શ્રમ થયો અને શ્રીદાઉજી મહારાજે વ્યાસજીને ખીજીને કહ્યું જે તમે મોજા શા માટે રાખ્યા. આજ પછી તમે સંકોચને લીધે શ્રીગુસાંઇજીના બાળકોને કાંઇ કહી ન શકો તો હમને કહેવું હમે તેમને કહીશું એ હમારૂં કામ છે ॥

ફરિ એકવાર શ્રીગોવર્ધનનાથજીનો શૃંગાર શ્રીવલ્લભજી મહારાજના પુત્ર શ્રીવ્રજનાથજીએ કર્યો તે શ્રીજીને ત્યહાં પેંડાની ગાદી બિછાવાય છે તે ઉપર ચરણારવિન્દ ધરીને પછી પેંડામાં પધારે તે ગાદી બિછાવવાનું શ્રીગુસાંઇજીના બાળક તથા સઘળા ભીતરિઆ ભૂલી ગયા ત્યારે રાજભોગ આરતી પછી જ્યારે અનોસર થયો ત્યારે ગંગાબાઇથી શ્રીજીએ આજ્ઞા કરી. જે આજ પેંડાની ગાદી બિછાવવાનું ભૂલી ગયા છે તેથી હું ઉભો થઇ રહ્યો છું । ત્યારે ગંગાબાઇએ શ્રીનાથજીને વિનતી કરી જે આ વાત ભીતરની છે. મારાં બળની નથી. મીઠડાં લઉં તમે આ વાત શ્રીહરિરાયજીને જણાવો ત્યારે શ્રીનાથજીએ ખમનોરમાં શ્રીહરિરાયજીને જણાવ્યુંકે તમે તત્કાળ આવી પેંડાની ગાદી બિછાવી જાઓ હું ઉભો થઇ રહ્યો છુ ત્યારે શ્રીહરિરાયજી ખમનોરથી ઘુડવેલમાં બિરાજી શ્રીનાથજીને દ્વારે પધાર્યા ત્યહાં તો ગંગાબાઇ પણ નદીની ઉપર જઇને શ્રીહરિરાયજીની વાટ જોતાં હતાં એટલામાં શ્રીહરિરાયજી પધાર્યા ત્યારે ગંગાબાઇએ ભગવત્ સ્મરણ કર્યા અને કહ્યું જે તમે અહીંઆંથીજ સ્નાન કરી શીઘ્ર અપરસમાં જાઓ.

લાલા ઉભા રહેલા છે. ત્યારે તત્કાળ સ્નાન કરી અપરસનાં વસ્ત્ર પેહેરીને શ્રીહરિરાયજીએ શ્રીદાઉજી મહારાજની પાસેથી કુંચી મંગાવી મંદિરનું તાલું ખોલી શ્રીજીને દંડવત્ કરી ને ગાદી બિછાવી અને તાલું મંગળ કરી શ્રીદાઉજી મહારાજની બેઠકમાં શ્રીહરિરાયજી પધાર્યા ત્યારે શ્રીહરિરાયજીએ શ્રીદાઉજી મહારાજને કહ્યું આપ હમારા શ્રીવલ્લભકુળના મુખ્ય છો અને શ્રીજીનો અધિકાર તો આપને માથે છે તેથી હમે કોઇ વાત શ્રીજીની સેવામાં ભૂલી જઇએ તો અમને શિક્ષા કરવી ઉચિત છે આજે પેંડાની ગાદી બિછાવવાનું ભૂલી ગયા તેથી શ્રીજી બે ઘડી સુધી ઉભા રહ્યા તે મને આવી ચેતાવ્યું ત્યારે મેં આવીને ગાદી બિછાવી ત્યારે શ્રીજી વનમાં પધાર્યા ત્યારે શ્રીદાઉજી મહારાજે શ્રીહરિરાયજીથી કહ્યું જે પેંડો તો બિછયોજ હતો પણ નાની ગાદી બિછે છે તે ભૂલી ગયા હશે તે હું સમજાવી દઇશ. હવે એક સ્વાભાવિક પ્રશ્ન તમને સુધે મને પૂછું છું. તમે મહાનુભાવ છો. કેમકે ગાદી બિછ્યા વિના શ્રીજીએ પેંડા ઉપર ચરણારવિન્દ ન ધર્યા અને અનોસરમાં જે ચોરાસી કોસ વ્રજમંડળમાં આપ પધારે છે ત્યારે સઘળા સ્થળોમાં ભૂમિ ઉપર શ્રીજી ચરણારવિન્દથી ફરે છે ત્યહાં સઘળે ઠેકાણે કયહાં ગાદી બિછેલી હોય છે. ત્યારે શ્રીહરિરાયજીએ આ ઉત્તર આપ્યો જે શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીને આ આજ્ઞા કરી છે જે હમે અહીં ગાદી બિછાવિએ તે ઉપર ચરણારવિન્દ ધરિને પછી પેડાની ઉપર પધાર્યા કરો. તેથી શ્રીજી ગાદી બિછ્યાવિના પેંડામાં શ્રીચરણારવિન્દ ધરતા નથી આપ શ્રીગુસાંઇજીની આજ્ઞા ઉલંઘન ન કરિને આપણી સેવા શ્રીજી અંગીકાર કરે છે તે તો આપ શ્રીગુસાંઇજીની આજ્ઞાથી કરે છે અને તમે કહ્યું જે વ્રજભૂમિમાં શ્રીજી ગાદી બિછ્યાવિના ચરણારવિન્દ કેમ ધરે છે તેનો ઉત્તર આ છે જે વ્રજભૂમિ તો માંખણથી પણ કોમળ છે અને જ્યહાં જ્યહાં આપ ચરણારવિન્દ ધરે છે ત્યહાં સાત્વિક આવિર્ભાવ ભૂમિને થઇ આવે છે. વ્રજભૂમિ સદા પ્રેમાદરવાળી થાય છે. ગુણાતીત શ્રીનંદલાલાત્મક ભૂમિ છે. વ્રજ કમળાકૃતિ છે જ્યહાં જ્યહાં શ્રીજી ચરણારવિન્દ ધરે છે ત્યહાં ત્યહાં ભૂમિ કમળ ફુલવત્ કોમળ થઇ જાય છે. કમળનાં ફુલ ઉપર ચરણારવિન્દ ધરવાથી જેવી સુખ પ્રાપ્તિ થાય છે એવું વ્રજભૂમી ઉપર ચરણાવિન્દ ધરવાથી શ્રીજીને સુખ થાય છે તેથી શ્રીશુકદેવજીએ શ્રીભાગવતમાં કહ્યું છો **स्कं. १० अ. ३२ श्लो. १२.**

शरच्चंद्रांशुसंदोहध्वस्तदोषावमः शिवम् ।
कृष्णाया हस्ततरलाऽऽचितकोमलवालुकम् ॥

તેથી શ્રીગુસાંઇજીના મતને અનુસારે શ્રીજીની સેવા આપણને કરવી. ગુસાંઇજીએ જે જે સમયે સેવા સાધી છે તેજ સમયે શ્રીજી તે તે સેવાની સુધ કરે છે " **दास चतुर्भुज प्रभुके निजमत चलत लाला गिरधर**" આ કીર્ત્તનની તુક કહી આ વાત સાંભળી શ્રીદાઉજી મહારાજ બહુ પ્રસન્ન થયા અને આપ મહાશય છો એમ શ્રી હરિરાયજીને કહ્યું. તે પછી શ્રી હરિરાયજી ખમનોર પધાર્યા અને શ્રી દાઉદજી મહારાજ પણ તે દિવસથી શ્રીજીની સેવામાં બહુ સાવધાન રેહેતા, અને કોઇ વલ્લભકુળ શૃંગાર કરતા તો પણ શ્રીદાઉજી સઘળી સેવા નિરખતા બેવાર શ્રીજીના મંદિરમાં દર્શન સારૂં પધારતા કસર રહી હોય તો શિક્ષા કરતા ॥

એક દિવસ એક નંદરબારનો વૈષ્ણવ હતો તેની આરૂઢ દશા હતી અને તે એકલો વ્રજમાં ફરતો ને તેનું નામ ગોવિન્દદાસ હતું તે એક દિવસ કોકિલા વનમાં શ્યામ તમાલની નીચે બેઠો હતો ને શ્રીહરિરાયજીના શ્રીચરણારવિન્દનું ધ્યાન કરતો હતો અને શ્રીહરિરાયજીનો સેવક હતો તેને જોઇને સઘળા વૈષ્ણવ કહેતા જે આ વિકળ છે, તેથી વિશેષ કોઇ જાતની વાત ન કરતા અને તે પણ કોઇથી સંભાષણ કરતો નહીં એક સમય શ્રીજી કોકિલા વનમાં અકસ્માત પધાર્યા ને એ સમયે એને દર્શન થયાં અને શ્રીજીએ એ વૈષ્ણવને આ આજ્ઞા કરી જે ગોવિન્દદાસ તું મેવાડમાં જઇને શ્રીગિરિધરજીને કેહે જે અન્નકોટ લુંટતી વખતે મારા મંદિરમાં અનાચાર મળે છે તેથી એક સૂરજપોર કરાવો ત્યહાં થઇને સઘળા નિકળે ત્યારે તે વૈષ્ણવે વિનતી કરી જે મહારાજ મ્હારૂં કહ્યું ત્યહાં કોઇ નહીં માને ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરી જે શ્રીગિરિધરજી માનશે તું જલદી જઇને કેહેજે. ત્યારે તે ગોવિન્દદાસ શીઘ્ર શ્રીજીદ્વાર આવ્યો અને શ્રીગિરિધારીજી મહારાજને વીનતી કરી કે મહારાજ શ્રીનાથજીએ આવી આજ્ઞા કરી છે અને આપનું નામ લીધું છે ત્યારે તે વાત સાંભળી શ્રીગિરિધારીજી તો વૈષ્ણવના પ્રભાવને જાણતા હતા તેથી ગદગદ કંઠ થઇ ગયા અને વૈષ્ણવને આજ્ઞા કરી જે શ્રીનાથજી મારૂં નામ શ્રીગિરિધારીજી એમ જાણે છે? તે બે ત્રણ વાર શ્રીગિરિધારીજીએ આ વાત વૈષ્ણવના મ્હોડાથી કેવરાવી, તે પછી શ્રીવિઠ્ઠલરાયજી મહારાજને શ્રીગિરિધારીજીએ સઘળી વિનતી કરી. ત્યારે શ્રીવિઠ્ઠલરાયજીએ આજ્ઞા કરી જે ભાઈ આજ કાલ કળિયુગ છે તેથી કોઇ પાખંડથી કાંઇ વાત કહે તો માનવી નહીં જે વાત હશે તેની શ્રીજી મને આજ્ઞા કરશે. તે પછી શ્રીગિરિધારીજી મ-

હારાજ ચુપ થઇ રહ્યા. આપની બેઠકમાં પધાર્યા, પછી જ્યારે પંદર દિન અન્નકૂટને આડા રહ્યા અને રાત પાછલી પોહોર રહી ત્યારે શ્રીવિઠ્ઠલરાયજી મહારાજને સ્વપ્નમાં શ્રીજીએ આજ્ઞા કરી જે તમે તે વૈષ્ણવની વાત ખોટી માની તો હવે સૂરજપોર તૈયાર થશે ત્યારે અન્નકૂટ આરોગીશ એટલી આજ્ઞા કરી નિજમંદિરમાં પધાર્યા; શ્રીવિઠ્ઠલરાયજી પણ જાગ્યા તત્ક્ષણ શ્રીગિરિધારીજીને બોલાવ્યા અને આજ્ઞા કરી જે ભાઇ આ વૈષ્ણવ સાચો છે આજે મને શ્રીજીએ સ્વપ્નમાં આજ્ઞા કરી અને પંદર દિવસમાં સૂરજપોર સિદ્ધ કરવાની આજ્ઞા કરી, પછી એટલા દિવસમાં સૂરજપોર સિદ્ધ થઈ ત્યારે શ્રીનાથજી અન્નકૂટ આરોગ્યા ત્યારથી દર વર્ષે સૂરજપોર અન્નકૂટને દિવસે ખુલે છે. ॥

એક વખત શ્રીજીના ઉત્સવનો દિવસ હતો તે કોઇ એક સામગ્રી બાલભોગમાં નેગ કરતાં વધારે થતી તે બીજે દિવસે રાજભોગમાં આરોગતા તે તે દિવસે બાળભોગિઆઓને તો યાદ આવી પરંતુ એક ખાસા ભંડારી ગોપાળદાસ હતો તેણે તે વધારાની સામગ્રીનો સામાન પોહોચાડયો નહીં અને કહ્યું જે કાલે સામગ્રી બનાવતી વખતે તમે સામાન લઇ લેજો. પછી જ્યારે પોહોર રાત્રિ પાછલી રહી ત્યારે શ્રીજી એક લાલ છડી હાથમાં લઇને ગોપાળદાસ ભંડારીની પાસે પધાર્યા તેને એક છડી મારીને જગાડયો અને શ્રીજીએ આજ્ઞા કરી જે તેં હમને બાળભોગમાં સામગ્રી આજે કેમ ન પોહોચાડી એ વસ્તુ બનાવવામાં વિલંબ બહુ લાગે છે તેથી કાલે આવશે તો રાજભોગને અવેર થઇ જશે એટલામાં તે ગોપાળદાસ ભંડારી જાગીને જુએ તો આગળ શ્રીજી આપ ઉભા છે ત્યારે ઉઠયો. ઉઠીને આ કહ્યું **"મુઝે ચરણ છુવાતા જા"** એટલામાં શ્રીજી ત્યહાંથી ભાગ્યા પાછળ તે ગોપાળદાસ દોડીને ચાલ્યો તે પોર સુધી આવ્યો તે પોરનાં તો કમાડ મંગળ હતાં ને શ્રીનાથજી તો મંદિરમાં પધાર્યા અને એ તો સિંહપોરના કમાડમાં જઇને માથું પટકીને એમ પુકારે **મુઝે ચરણ છુવાતા જા** આ પ્રકારે કહે ત્યારે એક રાય ગોવર્ધન ક્ષત્રી સિંહપોરિઆ હતો તેણે ઉઠીને અને કમાડ ઉઘાડીને તેને પૂછ્યું જે તું કેમ કમાડથી માથું પટકે છે તેં શું જોયું છે ત્યારે તેણે કહ્યું જે એક છોકરો મંદિરમાં ભાગી ગયો છે હમણાંજ તેના ચરણ સ્પર્શ કરવા જઇશ ત્યારે તે પોરિયાએ તેને પકડીને બેસાડી દીધો પરંતુ તે તો વિકળ થઇ ગયો તે વારંવાર આ કહેકે

" **अब लडके मुझे चरण छुवाता जा** " આઠે પોહોર તેને એજ રટના લાગી રહે. અન્ન જળ સઘળું છોડી દીધું. આ વાત શ્રીદાઉજી મહારાજે સાંભળીને તેને એક કોટડીમાં બેસાડી દીધો અને એક માણુસ તેની ચાકરીમાં રાખી દીધો એ ગોપાળદાસ ઓગણીસ દિવસસુધી જીવતો રહ્યો શ્રીનાથજીનાં દર્શન થયા પછી. ત્યહાંસુધી તેને અન્ન જળ અને નિદ્રા આદિની કાંઇ બાધા થઇ નહીં અને આ રટના લાગી રહી. " **ओ लडके मुझे चरण छुवाता जा** " એમ કરતે તેના પ્રાણ છુટયા ને તેણે શ્રીજીની લીલામાં તત્કાળ પ્રવેશ કર્યો ॥

એક સમયે શ્રીગોવર્ધનનાથજીનો સેવક માધવદાસ દેશાઇ તે માંગરોળમાં રેહેતો હતો એનું નામ પેહેલે ભગવાનદાસ હતું તે ફેરવીને શ્રીગોકુળનાથજીએ તેનું નામ માધવદાસ ધર્યું હતું. એક ક્રોડ સોના મોહોર દ્રવ્ય તેની પાસે હતું અને શ્રીજીનાં દર્શનની તેને અત્યંત આસક્તિ હતી. તે ત્રીજે વર્ષે દશ વીસ હજાર મનુષ્યો સાથે લઇ શ્રીનાથજીનાં દર્શન સારૂં શ્રીજીદ્વાર આવતો અને જેની પાસે ખરચી ઘટતી તેને મારગમાં તેજ દેતો, અને અધિક મહિનો આખો શ્રીજીનાં દર્શન કરતો. અને જે દિવસથી શ્રીજીનાં દર્શન સારૂં પોતાના ઘેરથી ચાલતો તેજ દિવસથી અન્ન છોડી દેતો અને દૂધ પીતો તે વૈષ્ણવને શ્રીજીએ સ્વપ્નમાં એવી આજ્ઞા કરી કે તું એક લાખ મુદ્રાનું સ્ત્રીને પેહેરવાનું નખથા શિખાસુધીનું ઘરેણું બનાવી એક બંટામાં (ડાબલામાં) ધરીને જ્યારે હવે તું મ્હારાં દર્શન સારૂં આવે ત્યારે લેતો આવજે તે લાવીને મારી ભેટ કરજે ત્યારે તે વૈષ્ણુવે સંવત્ ૧૭૪૨ ની શાલમાં બે ચૈત્ર હતા તે ફાલ્ગુનમાં આવીને ડોલનાં દર્શન કર્યાં અને તે બંટો લાવીને શ્રીજીનીપાસે ભેટ ધર્યો ત્યારે શ્રીદાઉજી મહારાજને એક સેવકે ખબર કરી જે મહારાજ એક વૈષ્ણુવે લાખ મુદ્રાનું ઘરેણું બનાવીને ભેટ કર્યું છે, ત્યારે શ્રીદાઉજી મહારાજે તે બંટો એક લાખ મુદ્રાનાં ઘરેણાનો આપનીપાસે મંગાવી લીધો અને બહુ યત્નથી ધરી રાખ્યો, જાણ્યું જે એમાં કાંઇ કારણ છે જ્યારે પોહોર એક રાત રહી ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ શ્રીદાઉજી મહારાજને સ્વપ્નમાં કહ્યું જે આ ઘરેણાંનો બંટો આવ્યો છે તે નખથી લગાવી શિખાસુધી સ્ત્રીનાં આભરણનો આવ્યો છે તે ગંગાબાઇને પેહેરાવો તે પેહેરીને મારાં દર્શન સારૂં ભોગને સમયે આવે. અને શ્રીનાથજીએ એજ રીતે તે ગંગાબાઇને આજ્ઞા કરી કે તું સઘળું ઘરેણું પેહેરીને ભોગને દર્શને આવજે ત્યારે ગંગા-

બાઇએ એજ રીતે સઘળું કર્યું એક દિવસ દર્શન કર્યાં અને એમજ ઘરેણાં પેહેર્યાં જ્યારે શ્રીનાથજીએ દર્શન દીધાં ત્યારે આ આજ્ઞા દીધી જે આ ઘરેણું સઘળું શય્યામંદિરમાં મુઢા ઉપર સ્થાપન કરો ત્યારે એમજ થયું તે એવાં એવાં શ્રીગોવર્ધનનાથજીનાં અનેક ચરિત્ર ક્યહાંસુધી લખી શકાય. શ્રીઆચાર્યજી મહાપ્રભુની કૃપાથી સ્વકીયોને અનુભવમાં આવે છે ॥

॥ ઇતિ શ્રીગોવર્દ્ધનનાથસ્યોદ્‌ભવવાર્ત્તા સંપૂર્ણ. ॥

શ્રી જીવનલાલજી મહારાજ કૃત શ્રીનાથજીનું ધોળ.

ઓરા આવોને શ્રીનાથજી સુહામણા રે,
તારી ચટકતી ચાલના લઉ ભામણા રે. (ટેક)

વારણ વનમાં ગયા તે એને જોઇને રે,
જેમ લાજથી ધની તે ધન ખોઇને રે. ઓરા.
નખર ચંદ્ર ચક્ર ચંદ્રિકા વિકાસથી રે,
ક્ષીણ ભાવ પામ્યો શશી ઉપહાસથી રે. ઓરા.
હસ્ત ચરણ કોમલિ માને દેખી દ્રુમ તણા રે,
પલ્લવ નમ્રવદન થયા લાજીને ઘણા રે. ઓરા.

જેહર પાયલ ને વીછિયા પગ પાનની રે,
શોભા કેતાં ન બને તે નિરૂપમાનની રે. ઓરા.
શોભા બની તનીયાની ઘણી શ્વેતની રે,
દેખી ધજા લજામજીત મીન કેતની રે. ઓરા.
સૂથન કાછનીની છબી છાઈ ચિત્તમાં રે,
માન મેલી ઘણી દીન થઈ નિત્યમા રે. ઓરા.
ક્ષુદ્ર ઘંટિકા નૂપુરની સાંભલી ધુની રે,
મેલી સધાવી વિકલ થયા મહામુની રે. ઓરા.

કટી જોઇને લજાયા મોટા કેસરી રે,
નાભી જોઈ વાપી જડતા ને અંગીકરી રે. ઓરા.

ઉદરત્રીવલીની સુખ માની ઉપમા નવ મલે રે,
વિપુલ વક્ષસ્થળ મેલીને રમા નવ ટલે રે. ઓરા.

બાજૂ પોંચી કડાં સાંકળાં હાથ સાંકલા રે,
હીરા મુદ્રિકા તે કલાનિધીની કલા રે. ઓરા.
કંબુ કંઠ કંઠાભરણ હાંસ ત્રવલની રે,
શોભા કેતાં બુદ્ધિ ઘટી કવી પ્રબળની રે. ઓરા.
કૌસ્તુભ પદકની પંક્તિ ને રત્નની બદી રે,
મન મગન થયું એ તો શોભાની નદી રે. ઓરા.

રત્નનિકર રચિત ભૂષણુ તેજ શું કહું રે,
મિહર શીત રશ્મિ કાંતિ તુલ્ય નવ લહુ રે. ઓરા.
શામલ અંગ મોતી ગુંજ કુસુમ માલિકા રે,
દેખી મેઘ ઇંદ્ર ધનૂ બક થયા ફિકારે. ઓરા.
દેખી પીતાંબર ચંચલા ચંચલા થઇ રે,
ગયાં માનિનીનાં માન ધીરજ નવ રઇ રે. ઓરા.
શોભા સદન વિશદ વદન કુમુદ દેખતાં રે,
કુમુદ પોતાની સુંદરતા નહી લેખતાં રે. ઓરા.
નાસા અધર શોભા શક્તિ નથી ભાખવા રે,
જેમ કીરવદન બિંબ ફળ ચાખવા રે. ઓરા.
ચંચલ અરૂણુ સજલ નયન યુગલ નિરખતાં રે,
ખંજન કમલ મીન રહ્યાં શ્વાસ વરખતાં રે. ઓરા.
જીતી કામની કમાન કાનનેં ખરી રે,
કુટિલ ભૃકુટી ના ભંગ નેહથી કરી રે. ઓરા.
મકર કુંડલની ઝલક કે પાલ ફલકમાં રે,
મન અટકી રહ્યું ખીટલિયાલી અલકમાં રે. ઓરા.
વેસર મુક્તામણી લપન ઉપર એમ લસે રે,
ચંદ્ર ચુંબવાને તારા આવી અહિં વસે રે. ઓરા.
મંદ હસન દસન શોભા તો ઘણી બની રે,
ચિબુક વિમલ વજ્રકાંતિ તેહમાં સની રે. ઓરા.
લડ શીશફૂલ અલકાવલી બાંકની રે,
તિલક તણી શોભા ઘણી નગ ડાકની રે. ઓરા.
મોર મુકુટની લટક મનમાં વસી રે,
શતચંદ્રની શોભાને જોઈ તે હસી રે. ઓરા.
ખર્વ ગર્વ થયો વેણી જોઈ નાગનો રે,
તેથી વાસ કીધો અધો ભૂમિ ભાગનો રે. ઓરા.
વેણુ રાગથી સરાગ ચિત્તને કીધૂં રે,
વેત્રધરી નેત્ર યુગ્મને તે સુખ દીધૂં રે. ઓરા.

તારાં વચન સુધા કરણુ ચષકમાં ભરી રે,
ચિત્ત તૃપ્ત નથી થાતું પાનને કરી રે. ઓરા.
એવાં રાધા વચન સુણી હરિ આવીઆ રે,
કુંજ કેલી કરી ઘણુ મન ભાવીઆ રે. ઓરા.
હલી ગલી કુંજ પુંજથી સદન ગયાં રે,
કરી હાસ ને વિલાસ બે મગન થયાં રે. ઓરા.
રસરૂપ એવા શ્યામ ને શ્યામા બેઉ રે,
એઉનુ ધ્યાન ધરે પ્રેમથી નિજજન સઉ રે. ઓરા.
દાસ માગે લીલાનંદ મને આપજો રે,
એજ ધ્યાન હૃદે સ્થિર કરી થાપજો રે. ઓરા.

ઇતિ શ્રી નાથજીનું ધોળ સંપૂર્ણ.

પદ.

શ્રી નાથજીનું વદનકમલ જોયું જેણે એકવાર શ્રી નાથજીનું વદનકમલ જોયું.
કોટીકલ્પનું મેલુ થયેલુ મન એક પલકમાં ધોયું. જેણે એકવાર.
મનુષ્ય દેહ ધર્યો તેનો સફળ છે જન્મ મરણુ દુઃખ ખોયું. જેણે.
મેવાડદેશમાં બિરાજે મારો વાલમો શેષ શંકરે ચિત્ત પ્રોયું. જેણે.
કમળચોક રત્નચોક જગમોહન જોયું, રહ્યો એક બાકી સર્વે ખોયું. જેણે.
દયાનાપ્રિતમ સાથે સ્નેહ નથી જેને, માત પિતા નામને વગોયું. જેણે.

પદ રાગ કલ્યાણ.

શ્રીજી સાર સરવનો છે છે છે
શ્રીજી શ્રીવૃષભાન નંદની એક વસ્તુ નથી બે બે બે. શ્રીજી.
પ્રાપ્તિ અનન્ય ભક્તિ થકી તેહની તે શ્રી ગુરૂ જ્યારે દે દે દે શ્રીજી.
દીનભાવથી દાસપણું ગ્રહી એક આશ્રિત થઈ રે રે રે શ્રીજી.
દુષ્ટ સંગથી દૂર પળાવું અહિસ જપો લહિ ભે ભે ભે શ્રીજી.
તે સહુ મૂળ દયા સદજનની શ્રી ગુરૂ પદ રજ લે લે લે શ્રીજી.

—::૦—

રાગ ધોળ.

વાંકે અંબોડે શ્રીનાથજી એ સુંદર શ્યામ સ્વરૂપ;
શ્રીવલ્લભ સુત સેવા કરે એ શ્રીગોકુળના ભૂપ.

પાઘ બાંધે વ્હાલો જરકશી ને સુંદર વાગા સાર;
પટકા છે પંચરંગના સજીઆ તે સોલ શણગાર.

કેસરી તીલક સોહામણા નાસિકા વિશ્વાધાર;
ચિબુકની અતિ કાન્તિ છે કંઠે મોતીના હાર.

હુબચીએ હિરલો ઝગમગે તેના તેજ તણો નહિ પાર;
અધર બીંબ એ રસીક છે શોભા તે ઝાકઝમાળ.

બાંહે બાજુબંધ બેરખા હરિના ખિટલીયાળા કેશ;
નિરખ્યા ને વળી નિરખશું એમનો પાર ન પામે શેષ.

ડાબે હાથે ગિરીવર ધર્યો જમણો તે કટી મધ્ય ભાગ;
કૃપા કરો શ્રીનાથજી મારાં હૈયાં ટાઢાં થાય.

પાયે તે ઘુઘરી રણુઝણે મોજડીએ મોતીની હાર;
કૃપા કરો શ્રીનાથજી બલિહારી માધવદાસ.

પદ રાગ બિહાગ.

શ્રીગોવર્ધનકી રહીએ તરેટી શ્રીગોવર્ધનકી રહીએ;
નિત્ય પ્રતિ મદનગોપાલલાલકે ચરણકમળ ચિત્ત દઇએ-તરેટી.
તન પુલકિત વ્રજરજમેં લોટત ગોવિંદકુંડમેં નાહિએ;
રસિક પ્રિતમ હિતચિતકી બતિયાં શ્રીગિરીધારીજીશું કહીએ-તરેટી.

પદ રાગ બિહાગ.

દ્રઢ ઇન ચરનન કેરો ભરોંસો દ્રઢ ઇન ચરનન કેરો;
શ્રીબલ્લભ નખચંદ્ર છટા બિન સબ જગમાંઝ અંધેરો-ભરોંસો.
સાધન ઔર નહિ આ કલિમેં જાસોં હોત નિવેરો;
સુર કહા કહે દ્વિવિધ આંધરો બીના મોલકો ચેરે-ભરોંસો.

સમાપ્ત

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨	૨૭	વ્રજમ	વ્રજમાં
૧૭	૧૧	જાઇ	જોઇ
૧૭	૨૨	અપ	આપ
૨૦	૩૧	બજાવ	બજાવે
૨૧	૧	ગણી	ઘણી
,,	૨૭	ખેલત	ખેલતા
૨૫	૧૧	મહપ્રભુએ	મહાપ્રભુએ
,,	૧૭	ગોવન્દસ્વામી	ગોવિન્દસ્વામી
૨૬	૨૭	બંધ	બાંધ
,,	૩૦	સાંભળાતે	સાંભળીને
૨૭	૧૭	આરોતી	આરોગાતી
૨૮	૨૪	અ	અને
૩૦	૨૯	મેવડ	મેવાડ
૩૨	૩૨	ઓ યવન અર્થાત્ પાદશાહ ઔરંગઝેબ	અને યવન અર્થાત્ પાદશાહઔરંગજેબ
૩૩	૧૬	।મસ્તરી	મિસ્તરી
૩૫	૮	પૌત્ર	પુત્રના પૌત્ર
૩૬	૨૨	નવનીતાપ્રયજી	નવનીત પ્રિયજી
,,	૩૧	અન્નકટ	અન્નકૂટ
૩૭	૩	દંડોતીઘાટ	દંડોતીધાર
,,	૨૪	દંડોતીવાર	દંડોતીધાર
૩૮	૧૧	સિાહાદિક	સિંહાદિક
,,	૨૮	મુ ો	મને
૩૯	૨૮	દંડોતીધાર	દંડોતીધાર
૪૦	૨૧	મેનુષ્યોને	મનુષ્યોને
૪૧	૧	કરયા	કર્યો
૪૨	૧૮	દંડોતધારમાં	દંડોતધારમાં
૪૨	૨૮–૨૯	શ્રીવિઠ્ઠલજી	શ્રીવલ્લભજી
૪૪	૧૦	શ્રીદાઉજી	શ્રીદાઉજી (શ્રીદામોદરજી)
૪૬	૨૩	બનવીને	બનાવીને
૪૭	૧	બનવી	બનાવી
૪૯	૨૩	નહેતી	નહોતી
૫૪	૩૧	ક્ષુળવેલ	ક્ષુડવેલ
૫૫	૨૦	ગદી	ગાદી
૫૭	૬	શ્રીદાઉદજી	શ્રીદાઉજી